ગુજરાતી-અંગ્રેજી વર્ષ-૩ (કુલ વર્ષ ૬૩)

અંક-૮ • નવેમ્બર, ૨૦૧૫ • પાના ૪૪ • કીમત રૂા. ૨૦

RNI NO. MAHBIL/2013/50453

# પ્રબુદ્ધ જીવન

YEAR : 3, ISSUE : 8, NOVEMBER, 2015, PAGES 44. PRICE 20



## જિન-વચન

**કામરાગને વધારનાર બાબતોથી દૂર રહેવું**

अंग--पच्चंगसंठाणं चारुल्लवियपेहियं ।
इत्थीणं तं न निज्झाए कामरागविवड्ढणं ।।

(દ. ૯-(૩)-૮)

સ્ત્રીઓનાં અંગપ્રત્યંગ, સુંદર બાંધો, મધુર વચન અને નયન-કટાક્ષ નિહાળવાં નહિ તથા તેનો વિચાર પણ કરવો નહિ, કારણ કે એ કામરાગને વધારનાર છે.

A monk should abstain from staring at the physique or the parts of the body of women. He should not get interested in listening to their sweet words or should not give any attention to their amorous glances. He should not even think of all these, because they are likely to arouse his sex-instinct.

(ડૉ. રમણલાલ ચી. શાહ ગ્રંથિત 'જિન વચન'માંથી)

## 'પ્રબુદ્ધ જીવન'ની ગંગોત્રી

૧. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા
૧૯૨૯ થી ૧૯૩૨
૨. પ્રબુદ્ધ જૈન
૧૯૩૨ થી ૧૯૩૩
બ્રિટિશ સરકાર સામે ન ઝૂક્યું
એટલે નવા નામે
૩. તરુણ જૈન
૧૯૩૪ થી ૧૯૩૭
૪. પુનઃ પ્રબુદ્ધ જૈનના નામથી પ્રકાશન
૧૯૩૯-૧૯૫૩
૫. પ્રબુદ્ધ જૈન નવા શીર્ષકે બન્યું 'પ્રબુદ્ધ જીવન'
૧૯૫૩ થી

- શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્રની ૧૯૨૯ થી, એટલે ૮૫ વર્ષથી અવિરત સફર, પહેલા સાપ્તાહિક, પછી અર્ધમાસિક અને ત્યારબાદ માસિક
- ૨૦૧૫ માં 'પ્રબુદ્ધ જીવન'નો ૬૩મા વર્ષમાં પ્રવેશ
- ૨૦૧૩ એપ્રિલથી સરકારી મંજૂરી સાથે 'પ્રબુદ્ધ જીવન' અંક સંયુક્ત ગુજરાતી-અંગ્રેજીમાં, એટલે ૨૦૧૩ એપ્રિલથી ગુજરાતી-અંગ્રેજી 'પ્રબુદ્ધ જીવન' વર્ષ-૩.
- કુલ ૬૩મું વર્ષ.
- ૨૦૦૮ ઑગસ્ટથી 'પ્રબુદ્ધ જીવન' અને પર્યુષણ વ્યાખ્યાનમાળા સંસ્થાની વેબ સાઈટ ઉપરથી જોઈ-સાંભળી શકશો.

પ્રબુદ્ધ વાચકોને પ્રણામ

## પૂર્વ તંત્રી મહાશયો

જમનાદાસ અમરચંદ ગાંધી
ચંદ્રકાંત સુતરિયા
રતિલાલ સી. કોઠારી
મણિલાલ મોકમચંદ શાહ
જટુભાઈ મહેતા
પરમાણંદ કુંવરજી કાપડિયા
ચીમનલાલ ચકુભાઈ શાહ
ડૉ. રમણલાલ ચી. શાહ

## આચમન — જે. આર. ડી. ટાટા : એક પ્રેરક સંવાદ

જે. આર. ડી તાતાની બાયોગ્રાફીનો એક પ્રેરક પ્રસંગ છે :
એક દિવસ તેઓએ તેમના ઉત્તરાધિકારીને બોલાવીને કહ્યું કે... 'તમે ભણી લીધું, હવે ધંધામાં ધ્યાન આપો.'
ત્યારે તેમના ઉત્તરાધિકારીએ કહ્યું કે...'મારે બિઝનેસમાં આવવું નથી. સેવા કરવી છે.'
સામે સવાલ થયો... 'કેવી સેવા?'
જવાબ મળ્યો-'જરૂરિયાતમંદોને અનાજ-કપડાં-દવા વગેરે પૂરા પાડવા છે.'
જવાબ સાંભળી જે. આર. ડી. તાતાએ કહ્યું કે, 'એ સેવા નથી-સોશ્યલ ક્રાઈમ-સામાજીક અપરાધ છે. તમારે ખરેખર સેવા કરવી હોય તો 'નહીં નફા નહીં નુકશાનીના' ધોરણે ચાલતી એક ઈન્ડસ્ટ્રી બનાવો. પાંચ હજાર લોકોને રોજી મળશે અને ૩૦ હજાર લોકોને તમે રોજ અનાજ-દવા-કપડાં જેવી જીવન જરૂરિયાતની ચીજો પૂરી પાડશો. જો તમો આ બધું મફતમાં જ વિના મૂલ્યે આપશો તો સમાજ આળસુ થઈ જશે. જીવનમાં ક્યારેય મહેનત કરવાનું વિચારશે જ નહીં. ખરેખર આ એક સામાજીક અપરાધ બની રહેશે.'

[ સૌજન્ય : ગૌરક્ષા પાત્ર ] ☐ જે. આર. ડી. તાતા

## સર્જન-સૂચિ


| ક્રમ | કૃતિ | કર્તા | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧. | પધારો વિક્રમ સંવત ૨૦૭૨, વીર સંવત ૨૫૪૨ | ડૉ. ધનવંત શાહ | ૩ |
| ૨. | ઉપનિષદમાં દેવ અને દેવી વિચાર | ડૉ. નરેશ વેદ | ૫ |
| ૩. | શ્રી કલ્યાણમંદિર સ્તોત્રનું રહસ્ય | ડૉ. છાયાબેન શાહ | ૮ |
| ૪. | અજીતશાંતિ અને બૃહત્શાંતિના રહસ્યો | ડૉ. અભય દોશી | ૧૦ |
| ૫. | 'બિલવેડ બાપુ' | સોનલ પરીખ | ૧૫ |
| ૬. | ૮૧મી પર્યુષણ વ્યાખ્યાનમાળાનું આયોજન | — | ૧૯ |
| ૭. | આત્મા કે અસ્તિત્વ કી સિદ્ધિ | ડૉ. વીર સાગરજી | ૨૦ |
| ૮. | વિજ્ઞાનની પાંખ, આધ્યાત્મની આંખ | મીરા ભટ્ટ | ૨૪ |
| ૯. | ગુજરાત વિદ્યાપીઠમાં જ્ઞાનસત્ર-૧૩નું આયોજન | — | ૨૬ |
| ૧૦. | સર્જન-સ્વાગત | ડૉ. કલા શાહ | ૨૮ |
| ૧૧. | શ્રી મુંબઈ જૈન યુવક સંઘને પ્રાપ્ત થયેલ અનુદાન | — | ૩૧ |
| ૧૨. | ઉદયરત્ન કહે, પ્રભુજી અમને સ્વયં દર્શન આપશે! | આ.શ્રી વાત્સલ્યદીપસૂરિજી | ૩૨ |
| 13. | Appeal to Health Conscious Jains | Bakul Gandhi | 33 |
| 14. | The Seeker's Diary : Mission Possible | Rashma Jain | 36 |
| 15. | The Agam's | Manish Modi | 37 |
| 16. | First Devotee | Muni Vatsalyadeepsuriji<br>Trans. : Pushpa Parikh | 38 |
| 17. | Gandhi Katha | Umashankar Joshi<br>Translation : Divya Joshi | 40 |
| 19. | Enlighten yourself by Self Study of Jainology Lesson 8 (2)–Anekantvad, | Dr. Kamini Gogri | 41 |
| 20. | The Sixth Chakravarty Kunthunath | Dr. Renuka Porwal | 42 |
| 21. | The Sixth Chakravarty Kunthunath Pictorial Story (Colour Feature ) | Dr. Renuka Porwal | 43 |
| ૨૨ | પંથે પંથે પાથેય : મારો શું વાંક? | જીતુ-રેહાના | ૪૪ |


મુખપૃષ્ઠ દર્શન



હે મા સરસ્વતી,
તારી નીરવ શાંતિ,
સંસારના કોલાહલને,
કલરવની દિશા ચીંધનારી.
વીણાના તાર સજાવતી તું
ભક્તિના સૂરસપ્તકમાં...

–નલિની મડગાવકર

Regd. With Registrar of Newspaper for India No. MAHBIL/2013/50453

● 'પ્રબુદ્ધ જીવન' ગુજરાતી-અંગ્રેજી વર્ષ : ૩ (કુલ વર્ષ ૬૩) ● અંક : ૮ ● નવેમ્બર ૨૦૧૫ ● વિક્રમ સંવત ૨૦૭૨ ● વીર સંવત ૨૫૪૨ ● કાર્તિક સુદ તિથિ ૩ ●

● ● ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા ● ● ●

(પ્રારંભ સન ૧૯૨૯થી)

# પ્રબુદ્ધ જીવન

● ● વાર્ષિક લવાજમ રૂા.૨૦૦/- ● ●    ● ● છૂટક નકલ રૂા. ૨૦/- ● ●

માનદ તંત્રી : ડૉ. ધનવંત શાહ

## પધારો

## વિક્રમસંવત ૨૦૭૨
## વીર સંવત ૨૫૪૨
## હે કાળ દેવતા !

*હે કાળ દેવ! આ પુદ્ગલના અણુએ અણુ અને એમાં બિરાજમાન ચેતન તત્ત્વ આપને કોટિ કોટિ ત્રિકાળ વંદન કરે છે.*

*ઘંટનાદ કરો, ઝાલર વગાડો, દુંદુભિ ગજાવો, શરણાઈના મંગળ સૂર રેલાવો, આરતી ઉતારો, નવું પ્રભાત, વિક્રમ અને વીર સંવતનું નવું પ્રભાત ખીલી અને ખૂલી રહ્યું છે.*

આપણે વધાવીએ કે ન વધાવીએ, પણ એ નવું વર્ષ આવી ગયું છે. કાળ દેવતાને સર્વદા વધાવવાના જ હોય.

**જે કાળને સમજ્યો છે એ બધું સમજ્યો છે.**

પણ કાળ તને સમજવો કેમ?' એ શુભ હોય કે અશુભ હોય, એ દુ:ખદાયી કે સુખદાયી હોય. આપણે એને વધાવવાનો જ, કારણ કે કાળને કોઈ ભેદ નથી. આપણે પણ એ ભેદ ભૂંસીએ અને અનભિજ્ઞ થઈ જઈએ. આ 'સમજ' જ સાચું સુખ છે. આવી 'સમજ' નવા વર્ષે આપણને પ્રાપ્ત થાઓ.

તમસો મા જ્યોતિર્ગમય.

ઊંડા અંધારેથી પ્રભુ પરમ તેજે તું લઈ જા.

કોઈને અંધકાર નથી જોઈતો, બધાને તેજ જોઈએ છે. પણ કોઈને તેજસ્વી થવા માટેનું તપ નથી કરવું. હે કાળ! અમને સાચું તપ સમજાવ. અમને બાહ્ય અને આંતરિક તપ સમજાવ. તને સમજવાની 'સમજ' અમને આપ. આ 'સમજ' અમને મળે એ જ અમારા માટે મોક્ષ, નિર્વાણ કે જીવનમુક્તિ. હે કાળ અમને 'આ' આપ.

'તિમિર ગયું ને જ્યોતિ પ્રકાશ્યો'. આ કયું તિમિર? શા માટે અમે તિમિરનો પણ ન ચાહિએ? હે કાળ! અમે તિમિર અને જ્યોતિ બન્નેને ચાહિએ, બન્નેને પ્રેમ કરીએ એવી અમારી પ્રજ્ઞા ખીલવ.

ભેદ અભેદ વચ્ચેની સૂક્ષ્મ રેખાનું ગલન થાવ.

આ તપ શું? આ દેહને કષ્ટ આપવું એજ તપ? કે જીવનના પ્રત્યેક સંઘર્ષોને સ્વીકારી તટસ્થ દૃષ્ટિથી સ્થિતપ્રજ્ઞભાવે એ સંઘર્ષને સ્વીકારે, એને મ્હાણે, એને સમજે અને એ સંઘર્ષને ખંખેરી નાખે

**આ અંકના સૌજન્યદાતા**

**શ્રીમતિ બિન્દુ કૌશિક દોશી તથા**
**શ્રીમતિ દરિયા કેયૂર દોશી**

**પુણ્યસ્મૃતિ**

**સ્વ. શ્રી જયંતિભાઈ-શારદાબેન દોશી**
**સ્વ. શ્રી ધીરજલાલ-સુશીલાબેન દોશી**
**સ્વ. સૂર્યાબેન-કંચન મામી-રશ્મિભાઈ દોશી**

● શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપોર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટેલિફોન: ૨૩૮૨૦૨૯૬
● ઑફિસ સ્થળ સૌજન્ય : શ્રી મનીષભાઈ દોશી. ● શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો બૅન્ક A/c. No. બૅન્ક ઑફ ઈન્ડિયા CD A/c. No. 0039201 000 20260
● Website : www.mumbai-jainyuvaksangh.com ● email : shrimjys@gmail.com Web Editor: Hitesh Mayani-9820347990

ISSN 2454–7697

**'મોક્ષ ચર્ચા-વિચારણાથી નહિ, આચરણથી મળે.'**

એ જ તપ? આ જ સાચું તપ અને સમર્પણ. ભક્તિનો ઘંટનાદ બહાર વાગે એ નાદ-નિનાદ, અને દુંદુભિ. ભીતર ઝાલર વાગે એ અનાહત નાદ. મૌન ભક્તિ પરમને પમાડે.

હે કાળ દેવ અમને આવી સમજ આપ.

સંકોચ સાથે વિનમ્ર ભાવે એક સત્ય વાર્તાલાપ પ્રસ્તુત કરું છું, ચિંતનાત્મક છે એટલે.

એક યુવાને મને પ્રશ્ન પૂછ્યો.

'તમે ધર્મની ચર્ચા વાંચન મોક્ષ માટે કરો છો?'

મેં ઉત્તર આપ્યોઃ

'મોક્ષ ચર્ચા-વિચારણાથી નહિ, આચરણથી મળે.

હું ધર્મની ચર્ચા નથી કરતો. હું તત્ત્વનું ચિંતન કરું છું. હું તો માનું છું કે જગતની શાંતિ માટે પૃથ્વી ઉપરથી ધર્મ અને ભગવાનોની બાદબાકી થવી જોઈએ. મારી ખોજ તત્ત્વની અને સમજની છે.' મેં વિશેષમાં કહ્યું.

> *જો હુઆ, વહ હોનેવાલા થા, ઇસ લિયે હુઆ,*
> *જો નહિ હોગા, વહ હોનેવાલા નહીં, ઇસલિયે નહિ હોગા.*
> **–સંત અમિતાભ**

'તો મને 'હા' કે 'ના' એક અક્ષરમાં ઉત્તર આપશો?' ચર્ચા નહિ.

'અવશ્ય, મારી યથામતિ પ્રમાણે, સ્પષ્ટ જ જવાબ આપીશ.' મેં સંમતિ આપી.

'તમારે મોક્ષ જોઈએ છે?' વેધક સવાલ પૂછ્યો એ યુવાન મિત્રે.

'ના' મેં ત્વરિત ઉત્તર આપ્યો.

'કેમ? સામાન્ય રીતે બધા મોક્ષ અથવા સ્વર્ગ માટે જ ધર્માચરણ કરે છે.' એણે સ્પષ્ટતા કરી.

'મારે પુનઃપુનઃ માનવ દેહ જોઈએ છે, જેથી પ્રત્યેકનું ઋણ હું ચૂકવી શકું, પ્રત્યેક જીવને ઉપયોગી થઈ શકું. પ્રત્યેક જીવને પ્રેમ કરી શકું.' મેં મારી માન્યતા સ્પષ્ટ કરી.

'એટલે ફરી તમારે રાગદ્વેષના ચક્કરમાં પડવું છે?' યુવાને તીર જેવો પ્રશ્ન છોડ્યો

'મેં 'પ્રેમ' શબ્દનો ઉપયોગ કર્યો છે, રાગ નહિ. જ્યાં રાગ છે ત્યાં મોહ છે, મોહ છે ત્યાં દ્વેષ ઉત્પન્ન થવાની જગ્યા છે. નિસ્વાર્થ પ્રેમ તો વિશાળ ફલક છે. જીવન જીવવાની કળા છે, તત્ત્વ ચિંતનમાં આ કળા અને આ સમજની મારી આ ખોજ છે.'

'એટલે તમે આત્મામાં માનો છો.'

'પુનઃ જન્મમાં માનું છું એટલે આત્મામાં માનું છું અને એટલે કર્મ સિદ્ધાંતમાં પણ માનું છું.' મેં ઉત્તર આપ્યો.

'આત્માનો અનુભવ થયો છે?' યુવાને બીજો વેધક પ્રશ્ન કર્યો.

'આત્માના અસ્તિત્વનો આપણને બધાને અનુભવ છે.' સ્પષ્ટતા માટે મેં ઉમેર્યું, 'આપણી સામે જ એક વ્યક્તિનું મૃત્યુ થાય છે, એટલે શરીરમાંથી ચેતન નીકળી ગયું અને જડ શરીર રહી ગયું જેનો આપણે નાશ કરી નાખીએ છીએ. આ ચેતન એ જ આત્મા–જીવ. બે પદાર્થના સંઘર્ષથી અગ્નિ પ્રગટે છે, પ્રવેશે છે અને જળથી અથવા હવાની શૂન્યતાથી શાંત થાય છે. અગ્નિ ક્યાંથી આવે છે અને ક્યાં જાય છે એ ખબર નથી, પણ અગ્નિનું અસ્તિત્વ છે એ સત્ય છે. અને એની પ્રતીતિ થાય છે.'

અમારી ચર્ચાનું વર્તુળ મોટું થતું ગયું. એ યુવાને પ્રશ્નો વધાર્યા.

'તમે આત્મામાં, પુનઃ જન્મમાં અને કર્મના સિદ્ધાંતમાં માનો છો, તો આ પ્રારબ્ધ-નિયતિ શું છે?' નવો વેધક પ્રશ્ન.

'આપણાં કર્મ પ્રમાણે પ્રારબ્ધ-નિયતિનો પટ તૈયાર થાય છે. નિયતિ કર્માણુસારિણી.'

'એટલે તમે નિયતિનો સ્વીકાર કરો છો. તો એવું પણ કહી શકાય કે નિયતિએ નક્કી કર્યા પ્રમાણે કર્મ થાય છે. ઘણાં ઘણીવાર ઉચ્ચારે છે કે 'ભગવાન ભાખી ગયા છે એવું થાય છે.' તો એનો અર્થ એટલો કે આપણા જીવનનું સોફ્ટવેર પહેલેથી જ તૈયાર છે.'

'આ તૈયાર છે, એ પૂર્વ કર્મ પ્રમાણે જ તૈયાર થાય છે. ભગવાનનું અસ્તિત્વ હોય તો આ બધું કરનાર કરાવનાર એ છે અને ભગવાનનું અસ્તિત્વ નથી તો આ કર્મચક્ર પ્રમાણે જ બધું ગોઠવાય છે. કહેવાય છે કર્યા કર્મ બધાએ ભોગવવા પડે, કર્મ કોઈને છોડતું નથી.'

અમારી ચર્ચા આગળ ચાલી, પરંતુ અમારા મતભેદ યથાસ્થાને રહ્યા.

હે કાળદેવતા! નવા વરસે અમને આ દ્વન્દ્વ – આ વિકલ્પોમાંથી બહાર લઈ જા. અમને સમાધાન અને સમજ આપ.

અમને સત્ય અને અહિંસાના ઉપાસક બનાવ.

પળે પળે પશ્ચાતાપ અને ક્ષમા માગવા આપવાની પળો આપ.

તારે અમને જે આપવું હોય એ આપ. અંતે તારો વિજય થાવ, એ અમારી તને શુભેચ્છા–સાલ મુબારક. અંતે તો તારી ઈચ્છા પ્રમાણે જ થવાનું છે ને? તો તારો વિજય થાવ એ અમારી તને ભેટ.

ઘંટનાદ કરો, ઝાલર વગાડો.

કાળ તને અમારા નમન હો.

❑ **ધનવંત શાહ**
dtshah1940@gmail.com

# ઉપનિષદમાં દેવ અને દેવી વિચાર

**❑ ડૉ. નરેશ વેદ**

ઈશ ઉપનિષદમાં કહ્યું છે તેમ આ સચરાચર સૃષ્ટિમાં ઈશ્વરનો નિવાસ છે. એટલે સૃષ્ટિનાં તત્ત્વો અને પદાર્થોમાં ઈશ્વરની શક્તિમત્તા (વિભૂતિ) રહેલી છે. આ વિભૂતિથી આકર્ષાઈ અથવા પ્રભાવિત થઈને મનુષ્ય એમાં દૈવીભાવ અનુભવતો થાય છે અને તેમાં દેવ અને દેવીની કલ્પના કરે છે. આથી જગતની સંસ્કૃતિઓમાં દેવ-દેવીઓનો ખ્યાલ સર્વ સામાન્યરૂપે જોવા મળે છે.

ભારતીય સંસ્કૃતિનું આદિમ સાહિત્ય વેદો છે. આ વેદોમાં સૌ પ્રથમ દેવો અને દેવીઓની વાત નિરૂપાયેલી જોવા મળે છે. એમાં નિરૂપાયેલા દેવ-દેવીઓમાં બૃહસ્પતિ, વાસ્તોષ્પતિ, ક્ષેત્રપતિ, ત્વષ્ટા, વિશ્વકર્મા, પ્રજાપતિ, અગ્નિ, વરુણ, વિષ્ણુ, ઈન્દ્ર, વાયુ, યમ, રુદ્ર, મરુત, પૂષન, અશ્વિનૌ, મિત્ર, અર્યમા, પર્જન્ય, અદિતિ, સવિતા, ઉષા, પૃથિવી, શર્વરી, ઈળા વગેરે મુખ્ય છે. એકલા ઋગ્વેદમાં બધું મળીને ૩,૩૩૯ દેવ-દેવીઓની સંખ્યાનો નિર્દેશ મળે છે, તો ચારેય વેદોમાં તો એની સંખ્યા કેટલી બધી હશે?

વેદોના અન્તે આવતા ઉપનિષદોમાં પણ દેવ-દેવીનો વિચાર રજૂ થયો છે. નારાયણ ઉપનિષદ, નીલરુદ્ર ઉપનિષદ, નૃસિંહપૂર્વ તાપિની ઉપનિષદ, નૃસિંહષટ્ચક્ર ઉપનિષદ, બહ્વૃચોપનિષદ, ભાવનોપનિષદ, રુદ્રહૃદયોપનિષદ, રુદ્રોપનિષદ, શરભોપનિષદ, સાવિત્રી ઉપનિષદ, સૂર્યોપનિષદ, સૌભાગ્યલક્ષ્મી ઉપનિષદ, અથર્વશિર ઉપનિષદ, આત્મબોધ ઉપનિષદ, કૈવલ્ય ઉપનિષદ, ગાયત્રી ઉપનિષદ ઉપરાંત કેનોપનિષદ, પ્રશ્નોપનિષદ, શ્વેતાશ્વતર ઉપનિષદ, અને તૈતિરીય ઉપનિષદમાં દેવો અને દેવીઓ વિશે નિરૂપણ થયેલું છે.

'દેવ ઉપનિષદ'માં 'ચિત્' શક્તિના સર્વાત્મ અને સર્વધારક રૂપનું વર્ણન કરવામાં આવ્યું છે. આદિવિદ્યાનો ઉદ્ધાર, આદિવિદ્યાનો મહિમા, ભુનેશી એકાક્ષર મંત્ર, મહાચંડી નવાક્ષર વિદ્યા વગેરે બાબતોનું નિરૂપણ છે. દેવી સાધનાની દૃષ્ટિએ આ ઉપનિષદ ઘણું અગત્યનું છે.

'નારાયણ ઉપનિષદ'માં સૃષ્ટિના ચેતન અને અચેતનના પ્રાગટ્ય પુરુષ નારાયણનો નિર્દેશ કરી, એટલે સૌનો આત્મા એવી સ્પષ્ટતા કરી, ૐ નમો નારાયણ નામક અષ્ટાક્ષર મંત્ર આપી, એનું ૐકાર સાથે કેવું ઐક્ય છે, તેનો નિર્દેશ છે.

'નીલ રુદ્રોપનિષદ'ના ત્રણ ખંડોમાંથી પ્રથમ ખંડમાં ભગવાન રુદ્રદેવતાના રૌદ્રરૂપનું વર્ણન કરી, એ રૂપને શાંત કરી કલ્યાણકારી સ્વરૂપ પ્રગટ કરવાની વિનંતી છે. બીજા ખંડમાં રુદ્રદેવતાના અતિ સામર્થ્યશાળી આયુધોની પ્રશસ્તિ છે અને ત્રીજા ખંડમાં રુદ્રદેવતાના નીલકંઠ રૂપની પ્રતિષ્ઠા તથા તેમની સ્તુતિ છે.

પંચ ખંડોમાં વિભાજિત 'નૃસિંહપૂર્વતાપિની ઉપનિષદ'ના પ્રથમ ખંડમાં પ્રજાપતિ દ્વારા અનુષ્ટુભ મંત્રનું દર્શન, મંત્રરાજના ચાર પાદ, ઋષિ-દેવતા વિષયક પ્રશ્નો, મંત્રરાજ સામનો મહિમા વર્ણવાયો છે. બીજા ખંડમાં પ્રણવના પાદોનું સામના પાદો સાથે તાદાત્મ્ય, સામની પંચાગતા અને ન્યાસની પ્રક્રિયાનું વર્ણન છે. ત્રીજા ખંડમાં મંત્રરાજનાં શક્તિ, બીજ વગેરેની જિજ્ઞાસા અને બીજના સ્વરૂપનું નિરૂપણ છે. ચોથા ખંડમાં સાવિત્રી-ગાયત્રી મંત્રોનું સ્વરૂપ, યજુર્લક્ષ્મી મંત્ર, નૃસિંહ ગાયત્રીમંત્ર વગેરેનું નિરૂપણ છે. પાંચમા ખંડમાં દેવો દ્વારા 'મહાચક્ર'ની જિજ્ઞાસા, અલગ અલગ આરાવાળા ચક્રોનું નિરૂપણ, આવયવદર્શન, મહાચક્રદર્શન, મહાચક્રવેધનનો મહિમા, મંત્રરાજના અધ્યયનનું ફળ વગેરે વિષયો વર્ણવાયા છે.

'નૃસિંહષટ્ચક્રોપનિષદ'માં નરસિંહ ચક્ર, આચક-સૂચક-મહાચક-સકલ લોક રક્ષાચક્ર-દ્યૂતચક્ર અને અસુરાન્તક ચક્ર–એમ ચક્રોની છ સંખ્યા, તેના વલયો અને ભેદ-પ્રભેદો, આ ચક્ર ધારણ કરવાનાં સ્થાનો અને તેના લાભો વિશે વિગતવાર નિરૂપણ છે.


## મહાત્મા ગાંધીજીના સહયાત્રીઓ

**'પ્રબુદ્ધ જીવન' ફેબ્રુઆરી ૨૦૧૬ નો વિશિષ્ટ અંક ઉપરોક્ત શીર્ષકથી પ્રકાશિત થશે**

આ વિશિષ્ટ અંકનું સંકલન કરશે ગાંધી જીવન અને ગાંધી સાહિત્યના અભ્યાસી ગાંધી વંશજ શ્રીમતી સોનલ પરીખ.

પૂ. ગાંધીજીએ પોતાના જીવનકાળ દરમિયાન સ્વાતંત્ર્ય, શિક્ષણ, રાજકીય, આધ્યાત્મિક, સાહિત્ય વગેરે અનેક ક્ષેત્રે વિશિષ્ટ પ્રદાન કર્યું. આ યાત્રામાં એમને અનેક મહાન આત્માનો સાથ મળ્યો અને ગાંધીજીની વિચારધારા દ્વારા એ મહાનુભાવોનું અને એને પરિણામે સમગ્ર ભારતનું ઘડતર થયું અને દેશ અને સમાજને એક નવી દીશા મળી.

આ વિષયમાં અનેક વિદ્વાન લેખકોની કલમે લખાયેલ લેખો આ અંકમાં પ્રગટ થશે.

અભ્યાસુ લેખકોને આ સંદર્ભે શ્રીમતી સોનલ પરીખનો સંપર્ક કરવા વિનંતિ. -09221400688.

-તંત્રી

'બહ્‌વૃચોપનિષદ'માં જગતની કારણસ્વરૂપા આદ્યશક્તિરૂપ ભગવતી ચિત્‌શક્તિનું સ્વરૂપ, એમાંથી પ્રગટ થયેલાં સ્થાવર-જંગમ પદાર્થો અને તત્ત્વો અને એમાંથી જ પ્રગટ થયેલાં, શબ્દ, અર્થ અને રૂપનો નિર્દેશ છે.

'ભાવનોપનિષદ'માં શ્રીચક્ર ઉપર આસીન થઈને સર્વશક્તિરૂપે પ્રગટ થતાં પરાંબા ત્રિપુરસુંદરીનું વર્ણન છે. સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ શરીરમાં શ્રીચક્રની ભાવના, દેવીશક્તિઓનું આવાહ્‌ન, આસન, પાદ્ય વગેરે ઉપચારોની ભાવનાનું વર્ણન છે.

'રુદ્રહૃદયોપનિષદ'માં બધા દેવોમાં શ્રેષ્ઠ દેવ તરીકે શ્રેષ્ઠ રુદ્રદેવતા, તેનું શિવસ્વરૂપ, શિવ-વિષ્ણુની એકતા, બ્રહ્મા-વિષ્ણુ-મહેશરૂપે રુદ્રનું ત્રિમૂર્તિત્વ, રુદ્રકીર્તનના લાભ–વગેરે બાબતોનું નિરૂપણ છે.

'રુદ્રોપનિષદ'માં ભગવાન શિવનું પ્રાણસિંગી સ્વરૂપ સમજાવી ભગવાન શિવ અને ગુરુને શરણે જવાનો નિર્દેશ છે.

'શરભોપનિષદ'માં બ્રહ્મા અને વિષ્ણુ કરતાં પણ રુદ્રદેવતાની શ્રેઠતા, રુદ્રની સ્તુતિ, રુદ્રનો મહનીય મહિમા, શિવ-વિષ્ણુની અભેદતાનું નિરૂપણ છે.

'સરસ્વતીરહસ્ય ઉપનિષદ'માં આરંભે તત્ત્વજ્ઞાનના મૂળ સાધનરૂપ દશશ્લોકી સરસ્વતી વિદ્યા સમજાવવામાં આવી છે. પછી દેવીસરસ્વતીનું બ્રહ્મત્વ, પ્રકૃતિત્વ તેમજ પુરુષતત્ત્વ શું છે તે સ્પષ્ટ કરવામાં આવ્યું છે. માયાને વશીભૂત કરનારી જ્ઞાનની આ દેવીના આપેલા જ્ઞાનથી મુક્તિની પ્રાપ્તિ કેવી રીતે થાય તે વાત સમજાવવામાં આવી છે.

'સાવિત્રી ઉપનિષદ'માં સાવિત્રીના વિવિધ સ્વરૂપો વચ્ચે રહેલું એકત્વ દર્શાવી સવિતા-સાવિત્રીનું યુગ્મ અને એમના કાર્યકારણત્વનું પ્રતિપાદન છે. ઉપરાંત, સાવિત્રીનાં ત્રણ પાદ, સાવિત્રીવિદ્યાના જ્ઞાનનું પ્રતિફળ તથા એનાથી પ્રાપ્ત થતો મૃત્યુ વિજય, બલા અને અતિ બલા મંત્રોનું નિરૂપણ કરતું આ ઉપનિષદ વાસ્તવમાં વિદ્યાનો મહિમા દર્શાવે છે.

'સૂર્યોપનિષદ'માં આરંભે સૂર્ય અને બ્રહ્મની અભિન્નતા દર્શાવી, સૂર્યના તેજથી જગતની ઉત્પત્તિ સમજાવી છે. આદિત્યરૂપે એનું સર્વાત્મક બ્રહ્મત્વ, સૂર્યનો અષ્ટાક્ષરી મંત્ર આપ્યો છે.

'અથર્વશિર ઉપનિષદ'ની સાત કંડિકાઓમાં દેવગણો દ્વારા રુદ્રરૂપમાં, પરમાત્મ સત્તાના સાક્ષાત્કારનું વર્ણન અને સ્તુતિ છે. જગત અને કાળના આદિ કારણરૂપ, જગતને એની વિશેષતાઓથી વિભૂષિત કરનારા, એને પ્રણવરૂપ કહી, એમની ક્ષમતાઓ અને ઉપાસનાઓનું મહત્ત્વ દર્શાવી, તેમના દ્વારા ત્રિગુણી સૃષ્ટિના વિકાસની વાતનો નિર્દેશ કરી, એમને ઓળખાવવામાં આવ્યા છે.

'કૈવલ્ય ઉપનિષદ'માં કૈવલ્યપદ મેળવવાનો માર્ગ બતાવતાં, અંતઃકરણને નીચેની અરણિ તથા ૐકારને ઉપરની અરણિના રૂપમાં વાપરીને, જ્ઞાનાગ્નિ પ્રજ્વલિત કરી, સાંસારિક વિકારોને કેવી રીતે બાળી દેવા તે વાતનું દ્યોતક નિરૂપણ છે.

'કેન ઉપનિષદ'માં અગ્નિ, વાયુ અને ઈન્દ્રને બીજા બધા દેવો કરતાં ચડિયાતા કહ્યા છે. કારણ કે ફક્ત તેઓ જ બ્રહ્મની પાસે જઈ શક્યા હતા અને તેને બ્રહ્મ તરીકે સૌથી પહેલા જાણી શક્યા હતા. એમાં પણ દેવ ઈન્દ્ર જ બધા દેવો કરતાં ચડિયાતો છે. કારણ કે તે દેવ જ બ્રહ્મની સહુ કરતાં વધારે નજીક જઈ શક્યો હતો. એટલું જ નહિ, તેને બ્રહ્મ તરીકે સૌ પ્રથમ જાણી શક્યો હતો.

વળી આગળ ઉપર આ ઉપનિષદ કહે છેઃ ઈન્દ્ર આધિદૈવિકરૂપે વરસાદનો દેવ છે. તેથી તેના આદેશ વડે જ વીજળી ચમકે છે. અધિશરીર રૂપે તે આંખનો અધિપતિ છે. તેથી આંખ તેના આદેશ વડે જ ઉઘાડ-બંધ થાય છે. તેમ જ અધ્યાત્મરૂપમાં ઈન્દ્ર જ પ્રજ્ઞાન રૂપ મનનો અધિપતિ છે. તેના આદેશ અનુસાર જ મન ચિંતન, સ્મરણ તેમજ નિશ્ચય કરી શકે છે.

'પ્રશ્નોપનિષદ'માં કહ્યું છે કે, આકાશ, વાયુ, અગ્નિ, જળ અને પૃથિવી–એ પાંચ મહાભૂતો અને વાણી, મન, આંખ અને કાન એ ઈન્દ્રિયો–આ દેવો પ્રજાને ધારણ કરે છે. તેઓ પોતાની શક્તિ પ્રગટ કરીને કહે છે કે અમે જ આ શરીરને ટેકવી રાખીને તેનું ધારણ કરીએ છીએ. આ દેવો સત્‌રૂપ અને અસત્‌રૂપ છે, તેમજ અમૃત પણ એ જ છે.

'તૈતિરીય ઉપનિષદ'ના શિક્ષા નામક પહેલા અનુવાકમાં મિત્ર, વરુણ અને અર્યમા તથા ઈન્દ્ર, બૃહસ્પતિ અને વિષ્ણુ–એ છ દેવોની પાસે 'શમ્' એટલે કે 'આત્મા અને શરીરના સંયુક્ત કલ્યાણ'ની પ્રાર્થના કરવામાં આવી છે. સૂર્યની નીચે મર્ત્ય અને સૂર્યની ઉપર અમૃતનું અસ્તિત્વ છે, એમ કહ્યું છે. વરુણ, અર્યમા અને મિત્ર આ મર્ત્ય ભૌતિક જગતના પ્રાણાત્મક દેવો છે. તેઓ તમ (અંધકાર) અને જ્યોતિ (પ્રકાશ)ના ચક્રને લઈને ક્રિયાશીલ થઈ રહેલા છે. વિષ્ણુ, ઈન્દ્ર અને બૃહસ્પતિ અમૃત તત્ત્વના પ્રાણાત્મક દેવો છે. પ્રત્યેક શરીરમાં આ બંને ત્રિકો એટલે કે છયે દેવતાઓ રહેલા છે. તેમની શક્તિ પ્રાણીના પ્રત્યેક બિંદુ ઉપર વ્યક્ત થતી જીવનચક્ર ચલાવવામાં સહાયક બને છે. જેટલા દેવો છે તે બધા દ્યુલોકના પુત્રો અથવા દિવ્ય શક્તિઓ છે.

'શ્વેતાશ્વતર' ઉપનિષદમાં કહ્યું છે કે જે એક જગતરૂપી જાળવાળો દેવ પોતાની નિયામક શક્તિઓ વડે સર્વ પ્રાણીઓને તેમ જ ભૂઃ, ભુવઃ વગેરે સર્વ લોકોને નિયમમાં રાખે છે, અને જે એક દેવ ઉદ્‌ભવ અને સંભવનું કારણ છે, તેને જેઓ જાણે છે, તેઓ અમર બને છે. જે આ લોકોને પોતાની શક્તિઓ વડે નિયમમાં રાખે છે, જે બધાં પ્રાણીઓમાં રહ્યો છે, અને જે બધાંય પ્રાણીઓને ઉત્પન્ન કરે છે, પાળે છે, તેમ જ પ્રલયકાળે પાછાં ખેંચી લે છે, તે આ એક જ રુદ્ર છે અને તેનાથી બીજો કોઈ છે જ નહિ. સર્વ તરફ આંખવાળો, સર્વ તરફ મુખવાળો, સર્વ તરફ હાથવાળો અને સર્વ તરફ પગવાળો આ એક (વિશ્વકર્મ પ્રજાપતિ નામનો) દેવ આકાશ અને પૃથ્વીને

પોતાના હાથ વડે અને પોતાની પાંખ વડે (લુહારની જેમ) ઘડીને ઉત્પન્ન કરે છે.

ઉપનિષદના સ્રષ્ટા ઋષિઓની આ ભાષા રૂપકાત્મક છે. તેને આજની આપણી ભાષામાં મૂકીને સમજવી જરૂરી છે. દેવો અને દેવીઓ એટલે મનુષ્યને ઈશ્વર તરફથી મળેલી શક્તિઓ ઈશ્વરે મનુષ્યને જોવાની, સાંભળવાની, સુંઘવાની, સ્પર્શવાની, ચાખવાની, બોલવાની, વિચારવાની, સર્જન કરવાની, ઈચ્છા કરવાની, સંવેદનાની, નિર્ણય કરવાની, મનન કરવાની, ચિંતન કરવાની, નિદિધ્યાસન કરવાની શક્તિઓ આપેલી છે.

મનુષ્ય આ બધું કામ કરી શકે એ માટે ઈશ્વરે એને પાંચ જ્ઞાનેન્દ્રિયો, પાંચ કર્મેન્દ્રિયો અને ચાર અંતઃકરણો આપેલાં છે. આંખ દર્શનેન્દ્રિય રૂપે જોવાનું કામ, કાન શ્રવણેન્દ્રિય રૂપે સાંભળવાનું કામ, નાક ઘ્રાણેન્દ્રિયરૂપે સુંઘવાનું કામ, જીભ સ્વાદેન્દ્રિયરૂપે, ચાખવાનું કામ, ત્વચા સ્પર્શેન્દ્રિય રૂપે સ્પર્શાનુભવ આપવાનું કામ કરે છે. મન મનનનું, ચિત્ત ચિંતનનું, બુદ્ધિ વિમર્શણનું અને અહં નિદિધ્યાસનનું કામ કરે છે. આ કામ એને કુદરત તરફથી મળેલ શક્તિ-સામર્થ્યને રૂપકની ભાષામાં દેવ કે દેવી કહે છે.

દેશી ભાષામાં કોઈ બહેરું થયું હોય તો રૂપકમાં કહે છે 'એના કાનના દેવ રૂઠ્યા છે.' કોઈ મૂંગું થયું હોય તો રૂપકમાં કહે છે 'એના વાણીના દેવ રિસાયા છે.' કોઈની આંખ કામ આપતી બંધ થાય તો રૂપકમાં કહે છે 'એની આંખોના દિવા રાણા થયા છે.' મતલબ કે એવી વ્યક્તિઓના અમુક શક્તિસામર્થ્ય ચાલ્યાં ગયાં છે. આ શક્તિસામર્થ્ય, આ દૈવતને દેવ કે દેવી કહે છે.

મુખ્ય દેવ ત્રણ બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ. મુખ્ય દેવીઓ ત્રણ મહાસરસ્વતી, મહાલક્ષ્મી અને મહાકાળી. બ્રહ્મા અને સરસ્વતી સિસૃક્ષા (સર્જન કરવાની ઈચ્છા)ના દેવ-દેવી. વિષ્ણુ અને લક્ષ્મી બુભુક્ષા (ભરણપોષણ)ના દેવ-દેવી અને મહેશ અને કાલી (મુમૂર્ષા) મરવાની ઈચ્છાના દેવદેવી. મનુષ્યની આ ત્રણ મુખ્ય વૃત્તિઓ સર્જન (creation and pro-creation), ભોગવિલાસ (well to do and eat drink-multiply) અને પલાયન (escape or salvation). આ ત્રણેય વૃત્તિઓને સંતોષે છે આ ત્રણ દેવ-દેવી; મતલબ કે ઈશ્વરે આપેલાં ત્રણ શક્તિ સામર્થ્યો છે. ત્રિગુણાત્મક પ્રકૃતિએ મનુષ્યને ત્રણ શક્તિઓ (powers) આપી છે : (૧) ઈચ્છાશક્તિ, ક્રિયાશક્તિ અને જ્ઞાનશક્તિ. આજની ભાષામાં વાત કરીએ તો will power, action power and knowledge power. માણસ જે કાંઈ કરે છે તે કુદરતે તેને આપેલ આ ત્રણ પ્રકારના શક્તિસામર્થ્યને કારણે કરે છે. આ શક્તિસામર્થ્યને રૂપકાત્મક ભાષામાં દેવ-દેવી કહે છે.

એ જ રીતે વાયુ, મરુત કે માતરિશ્વા એટલે પાંચ મહાભૂત પૈકી વાયુના દેવ, આદિત્ય કે પૂષન કે સૂર્ય અગ્નિના દેવ, વરુણ જળના દેવ, દ્યાવા-પૃથ્વી આકાશ અને ધરતીના દેવ-દેવી, ચંદ્ર મનના દેવતા, બૃહસ્પતિ બુદ્ધિના દેવતા, ઈન્દ્ર મનના દેવતા, ભગવતી ચિતિ ચિત્તની દેવી, વાયુ પ્રાણના દેવતા.

એ જ રીતે આંખનો સંબંધ સૂર્ય સાથે, મનનો સંબંધ ચંદ્ર સાથે, ચિત્તનો સંબંધ ભગવતી ચિતિ સાથે, બુદ્ધિનો સંબંધ બૃહસ્પતિ સાથે રહેલો છે. શાસ્ત્રકારોએ દ્યૌ અને પૃથ્વીને જગતના માતાપિતા રૂપે, ત્વષ્ટાને સઘળું વિશ્વ તથા એમાં પ્રગટ થતી શક્તિ તથા મનુષ્યની વૃત્તિ-એ સર્વનો બનાવનાર કુશળ પરમાત્મા રૂપે કલ્પ્યો છે. દેવ વિશ્વકર્મા એટલે પરમાત્મા, ઉત્પન્ન થયેલી વસ્તુમાત્રનો પતિ અને પાલન કરનાર તે પ્રજાપતિ. જગતનો તેજોમય અંડ કે ગર્ભ તે હિરણ્યગર્ભ, સર્વના અંતરમાં રહેલો આતમરામ એટલે આત્મા તે પુરુષ. ઘર ઘરમાં વસતો અગ્નિ તે મનુષ્યને પરમાત્મા સાથે જોડનાર શક્તિ, ખોરાકને પચાવનાર જઠરાગ્નિ. સમગ્ર વિશ્વના અંતરંગમાં રહેલું સર્વવ્યાપક સ્વરૂપ એટલે વિષ્ણુ. પ્રચંડ વાયુરૂપે દર્શન દેતો વિનાશનો દેવ એટલે રુદ્ર, વૃષ્ટિનો દેવ એટલે પર્જન્ય.

શરીર પાંચ મહાભૂતોનું બનેલું છે. તે છે પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ અને આકાશ. આમાં પૃથ્વી એ ઉપનિષદકારોની દૃષ્ટિએ રયિતત્ત્વ છે, ચંદ્ર જળતત્ત્વ છે, સૂર્ય અગ્નિતત્ત્વ છે, વાયુ પરમેષ્ટિ તત્ત્વ છે, આકાશ સ્વયંભૂ તત્ત્વ છે. મનુષ્ય શરીરમાં ચાલતી મહત્ત્વની પ્રક્રિયાઓ એટલે (૧) શ્વાસોચ્છ્વાસ ક્રિયા (respiration), (૨) રૂધિરાભિસરણની ક્રિયા (blood circulation), પાચનક્રિયા (metabolism), પ્રજનનક્રિયા (procreation), મુક્તિની ક્રિયા (liberation). એમાંથી શ્વાસોચ્છ્વાસ ક્રિયાનો સંબંધ વાયુ દેવતા સાથે છે, રૂધિરાભિસરણની ક્રિયાનો સંબંધ જળની સાથે છે, પાચનક્રિયાનો સંબંધ અગ્નિદેવતા સાથે છે, પ્રજનન ક્રિયાનો સંબંધ પૃથ્વી સાથે અને મુક્તિનો ક્રિયાનો સંબંધ આકાશ સાથે છે.

જોવા જઈએ તો પૃથ્વીનો સાર અગ્નિ છે, અંતરિક્ષનો સાર વાયુ છે અને સ્વર્ગનો સાર સૂર્ય છે. મન એ અન્નનું કાર્ય છે, પ્રાણ એ પ્રાણીનું કાર્ય છે અને વાણી એ તેજનું કાર્ય છે. મતલબ કે ઈશ્વરની અનંત શક્તિઓ આ સૃષ્ટિમાં કાર્ય કરી રહી છે. આ બધી શક્તિઓ આપણા માટે દેવી-દેવતાઓ છે. આ દેવી-દેવતાઓ પરમાત્માની ભિન્નભિન્ન વિભૂતિઓ છે. વેદો અને ઉપનિષદમાં જે દેવી-દેવતાઓની વાતો છે તે વૈજ્ઞાનિક છે. તેના વર્ણન વિતરણમાં વૈજ્ઞાનિક તર્કબુદ્ધિ છે. એમની વાત કરવી એટલે ભગવાનની કે આધ્યાત્મિક વાત કરવી, એમ નથી. ખરેખર તો એ જીવન વિજ્ઞાનની વાત છે.

✷ ✷ ✷

કદમ્બ બંગલો, ૩૫, પ્રોફેસર સોસાયટી, મોટા બઝાર,
વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦. મો. : ૦૯૭૨૭૩૩૩૦૦૦.

# શ્રી કલ્યાણમંદિર સ્તોત્રનું રહસ્ય

□ ડૉ. છાયાબેન શાહ

કલ્યાણમંદિર એક સ્તોત્ર છે. સ્તોત્રની વ્યાખ્યા કરતા 'પંચાશક' ગ્રંથમાં આચાર્ય હરિભદ્રસૂરિશ્વરજી લખે છે કે 'જે ગંભીર અર્થ અને પદો વડે રચાયેલું હોય તે સ્તોત્ર છે. જે પાઠકના હૃદયમાં કલ્યાણકારી અધ્યવસાયો જગાવે તે સ્તોત્ર છે. મહાપુરુષો આ સ્તોત્રમાં ગુપ્ત રીતે ગૂઢમંત્રો ગોઠવી દેતા હતા તેથી તેનો નિત્યપાઠ કરવાવાળાનું કલ્યાણ થતું, મંગળ થતું, તેના વિઘ્નો આપોઆપ ટળી જતા.

કલ્યાણમંદિર ૪૪ ગાથામાં વિસ્તરેલું પ્રભુ પાર્શ્વનાથને સમર્પિત સંસ્કૃત સ્તોત્ર છે. એના રચયિતા ઉજ્જૈન નગરીના દેવર્ષિ પિતા અને દેવર્ષી માતાના પુત્ર શ્રી સિદ્ધસેન દિવાકરજી હતા. આચાર્યે આ સ્તોત્રમાં શબ્દોની સમૃદ્ધિ ઠાલવી છે. છંદોની છણાવટ કરી છે અને અલંકારોની સજાવટ કરી છે. આ ઉપરાંત આચાર્યે દરેક ગાથામાં વિવિધ રહસ્યો ગૂંથ્યા છે. જેમ છાશને ખૂબ વલોવીએ પછી માખણનો પિંડ બહાર નીકળે છે તેમ આ સ્તોત્રની ગાથાઓનું વારંવાર પઠન કરવાથી, તેના પર વારંવાર મનન કરવાથી, ચિંતન કરવાથી અંદર ગૂંથેલા અનેક રહસ્યો પ્રગટ થાય છે. તેથી પૂ. આચાર્ય મહાપ્રજ્ઞજી તો કલ્યાણમંદિરને 'રહસ્યમંદિર' કહે છે.

પ્રારંભમાં જ આચાર્ય કહે છે, 'પ્રભુ આપના ગુણોનું વર્ણન કરવાનું મારું કોઈ સામર્થ્ય જ નથી. જેમ ઘુવડનું બચ્ચું દિવસે અંધ થઈ જતું હોવાથી સૂર્યનું વર્ણન કરી શકતું નથી તેમ હે પ્રભુ, તારા ગુણોનું વર્ણન કરવાની મારી કોઈ પાત્રતા જ નથી. અહીં પહેલું રહસ્ય પ્રગટ થયું **'અહમ્‌નો વિલય.'** મારી કોઈ પાત્રતા નથી એમ કહેનાર આચાર્ય કોણ છે? પોતે મહાન ભક્ત છે, મહાન તાર્કિક છે, સિદ્ધાંત મહોદધિ છે, અનેકાંત વિદ્યા શિરોમણી છે, યુગપ્રધાન છે. વળી તત્ત્વાર્થસૂત્ર પર ૧૮૦૦૦ શ્લોક પ્રમાણ ટીકા તેમણે લખી છે. ગદ્યહસ્તી બિરૂદ પામ્યા છે. સંસ્કૃતના પ્રકાંડ વિદ્વાન છે. ૧૮૦૦૦ રાજાઓને પ્રતિબોધ કર્યા છે. યંત્રમાનવો બનાવ્યા છે. આવું વિશિષ્ટ વ્યક્તિત્વ હોવા છતાં, પ્રભુ પાસે અહમ્‌નો વિલય કરી નાખે છે, હું કંઈ નથી એમ સ્વીકારે છે. અહમ્‌નો વિલય થાય તો જ સત્ય સુધી પહોંચી શકાય છે.

'હું કંઈ નથી' એમ સ્વીકાર્યું એટલે પ્રભુ કોણ છે એનું જ્ઞાન થયું. આચાર્યને પ્રભુના ગુણો પ્રત્યક્ષ થવા માંડ્યા. આચાર્યે દરેક ગાથામાં પ્રભુના અદ્‌ભુત ગુણોનું વર્ણન કર્યું છે. આની પાછળ પણ એક રહસ્ય પ્રગટ થાય છે. જ્યારે પ્રભુના આ ગુણોનું વર્ણન સાંભળીએ ત્યારે પ્રભુ પ્રત્યે અહોભાવ પ્રગટ થાય છે. તેથી પ્રભુ સાથે તન્મય થઈ જવાય છે. પ્રભુની સાચી ભક્તિ કરી શકાય છે. તેથી કલ્યાણમંદિર સ્તોત્રનો પાઠક પ્રભુની ભક્તિ કરી સાચી પ્રસન્નતા પ્રાપ્ત કરી શકે છે.

આચાર્યનું વિચક્ષણ વ્યક્તિત્વ છે. તેઓ ભક્ત છે, વાદી છે, તાર્કિક છે. તેથી તેઓ ક્યારેક પ્રભુ સાથે વાદ કરે છે, ક્યારેક પ્રભુને પ્રશ્ન પણ પૂછે છે પછી જવાબ પણ આપે છે. આથી સ્તોત્રના પાઠ કરનારની શંકાઓનું નિવારણ થાય છે. સમસ્યાઓનું સમાધાન થાય છે. માર્ગદર્શન મળે છે અને પ્રતિબોધ પણ થાય છે. ઉદાહરણ તરીકે આચાર્ય પ્રભુને પ્રશ્ન પૂછે છે પ્રભુ, જગતમાં કેટલા બધા ઈશ્વર છે, કોને વંદનીય ગણવા? પછી પોતે જ જવાબ આપે છે કે જે રાગદ્વેષ રહિત વીતરાગ છે તેને જ વંદનીય ગણાય. જે વીતરાગ નથી તેને વંદનીય ન ગણાય. આચાર્યના આ તદ્દન બિનસાંપ્રદાયિક જવાબમાં ગૂઢ રહસ્ય છુપાયેલું છે. એનામાં જગતમાં ધર્મના નામે થતાં યુદ્ધ યાને અશાંતિને નાબૂદ કરવાની શક્તિ રહેલી છે. 'તારું નહીં, મારું નહીં, બસ જે વીતરાગ હોય તે જ ઈશ્વર, પછી ભલે ને તે હિંદુ હોય, મુસલમાન હોય કે બુદ્ધ હોય, બસ તે વીતરાગ હોવા જોઈએ.'

આ જવાબમાં બીજું રહસ્ય એ પણ રહેલું છે અને તે છે, આચાર્ય એ પણ સમજાવી દે છે કે આપણે સૌ અનંત શક્તિશાળી આત્મા છીએ (હાલ, ભારે કર્મના આવરણથી યુક્ત છીએ) તો આપણું મસ્તક ગમે ત્યાં ના ઝૂકે, આપણું મસ્તક જે પરાકાષ્ઠાને પામેલા હોય ત્યાં જ ઝૂકે. તેથી વીતરાગ સિવાય કોઈને આરાધ્ય ગણાય જ નહીં. તેની આરાધના જ આપણને વીતરાગ બનાવશે.

આગળ જતાં આચાર્ય પ્રભુ સાથે વાદ કરે છે. પ્રભુ 'ત્વં તારક' પ્રભુ તમે તારનારા છો; તો બીજી બાજુ એવું કહે છે કે


## ઉત્તરાધ્યયન ગ્રંથ ઉપલબ્ધ

ઉપરોક્ત ગ્રંથ વિશે મે માસમાં આ સંસ્થાએ યોજેલ ગ્રંથ સ્વાધ્યાયની ત્રિદિવસીય શિબિરમાં આ ગ્રંથ મેળવવા માટે જે જિજ્ઞાસુ શ્રોતાઓએ પોતાના નામો લખાવેલ એ સર્વેને આ ગ્રંથ વિના મૂલ્યે મેળવવા સંસ્થાનો સંપર્ક કરવા વિનંતિ.

કોઈ પણ જિજ્ઞાસુ આત્મા આ ગ્રંથના ૨૮ સવાલોના ઉત્તર આપવાની પ્રતિજ્ઞાથી અમારી પાસેથી વિના મૂલ્યે આ ત્રણ ભાગમાં વિસ્તરિત દળદાર ગ્રંથો પ્રાપ્ત કરી શકે છે.

**સંપર્ક : 022-23820296 - હેમંત કાપડિયા**

**મોબાઈલ : 9029275322.**

પ્રભુને હૃદયમાં રાખવા જોઈએ. હવે પ્રશ્ન એ થાય છે કે પ્રભુ જો તમે હૃદયમાં રહો તો પછી બીજાને તારી કેવી રીતે શકો? તારનાર તો હંમેશાં બહાર હોય. જેમ નાવિક નાવમાં બેઠેલા યાત્રિકને તારે છે. આનો માર્મિક જવાબ આપતા આચાર્ય કહે છે કે જેમ ચામડાની મશકની અંદર હવા ભરેલી છે તો ય તે હવા જ મશકને તારે છે. મશક હવાને અંદર બરોબર જકડી રાખે છે અને તરી જાય છે. અહીં રહસ્ય એ છે કે આચાર્ય સમજાવે છે કે પ્રભુને હૃદયમાં જકડી રાખવા જોઈએ, એટલે કે પ્રભુની સાથે ઐક્યતા કેળવવી જોઈએ. પ્રભુની સંપૂર્ણ શરણાગતિ સ્વીકારવી જોઈએ, પ્રભુની આજ્ઞા પાળવી જોઈએ અને પ્રભુના દર્શનની કળા શીખી લેવી જોઈએ.

હવે આચાર્યના મુખ પર વિવાદની રેખા દેખાય છે. પ્રભુ પાર્શ્વનાથ પર મેઘમાળી પૂર્વભવના વેરને યાદ કરી જળની વર્ષા કરી રહ્યો છે. પ્રભુની ઉપર સાંબેલાધાર વર્ષા વરસાવી રહ્યો છે. પ્રભુની નાસિકા સુધી પાણી આવી ગયું છે. પણ પ્રભુ સ્થિર છે. તેમના હૃદયમાં મેઘમાળી પ્રત્યે જરાપણ રોષ નથી, દ્વેષ નથી. સૌ કોઈએ પ્રભુના આ ઉદારભાવની પ્રશંસા કરી છે. પરંતુ રહસ્ય એ છે કે અહીં આચાર્ય મેઘમાળી વિશે વિચારે છે. આચાર્ય વિચારે છે કે મેઘમાળી પાસે બે વિકલ્પ હતા. ક્યાં તો પ્રભુ પ્રત્યેનો દ્વેષ ઓગાળી નાખવો અથવા પ્રભુનું અનિષ્ટ કરી પોતાનું અનિષ્ટ કરવું. આચાર્ય આપણને માર્ગદર્શન આપે છે કે કોઈનું પણ અનિષ્ટ ક્યારેય કરવું નહીં. તેવું કરવાથી પોતાનું જ અનિષ્ટ થાય છે. મેઘમાળી પ્રભુનું સાનિધ્ય પામ્યો. ઈચ્છ્યું હોત તો તરી ગયો હોત; પરંતુ આસુરી શક્તિનો વિજય થયો ને તે દુર્ગતિ પામ્યો. આપણે પણ આસુરી શક્તિને પરાજીત કરવી જોઈએ.

હવે અંતમાં આચાર્ય પ્રભુ પાસે યાચના કરે છે. આચાર્ય કહે છે. પ્રભુ, આપ ત્રૈલોક્યનાથ છો, કરુણાના સાર છો. આપ પાસે હું જે માગીશ તે મને મળવાનું છે; પણ પ્રભુ મારે બીજું કશું નથી જોઈતું. મારી યાચના એક જ છે કે મારા સર્વ દુઃખોના મૂળનું જે બીજ છે તેને ઉખેડી આપો. મારી તૃષ્ણાનો નાશ કરો, મને ભવવિરહ આપો ને જ્યાં સુધી આમ ન થાય ત્યાં સુધી ભવોભવ તમારું ચરણ મળે. આચાર્યે એક જ યાચનામાં સઘળું માગી લીધું. પ્રભુ પાસે ભૌતિક સુખો મગાય જ નહીં. પ્રભુએ જે છોડ્યું તે તેમની પાસે માગવાની મૂર્ખાઈ કરાય જ નહીં.

આચાર્યની પ્રભુભક્તિ, આચાર્યએ આર્તહૃદયે કરેલી યાચના, આચાર્યના પરાકાષ્ઠાના અધ્યવસાય ધરતી ખમી ન શકી, ધરતી ફાટી ને અંદરથી સાક્ષાત્ પાર્શ્વનાથ પ્રભુ પ્રગટ થયા. જે કોઈએ આ દૃષ્ય જોયું તે ધન્ય બની ગયા, ધન્ય બની ગયા.

સૌથી છેલ્લું રહસ્ય તો એ છે કે ૪૪ ગાથાઓમાં દરેક ગાથામાં એક એક મંત્ર ગોપવેલો છે. જે ચમત્કારી છે. આથી આચાર્યને રહસ્યવેત્તા પણ કહેલા છે.

**નમિઉણ સ્તોત્રનું રહસ્ય**

નમિઉણ સ્તોત્રના રચયિતા આચાર્ય માનતૂંગસૂરીશ્વરજી છે. આચાર્ય મંત્રવેત્તા હતા, જ્ઞાની હતા. તેમના શબ્દોની અસર શબ્દો પર થતી. ભક્તામરસ્તોત્રમાં શબ્દોથી લોખંડની બેડીઓ તૂટી ગઈ. આચાર્યને એકવાર માનસિક રોગ થયો. તેમણે ધરણેન્દ્ર દેવની આરાધના કરી. ધરણેન્દ્ર પ્રત્યક્ષ થયા. તેમણે આચાર્યને અણશણ કરવાની ના પાડી. હજુ તમારું આયુષ્ય લાંબું છે માટે તમે 'ચિંતામણી મંત્ર'ની આરાધના કરો. એમ કહી આચાર્યને ચિંતામણી મંત્ર આપ્યો. મંત્રની સાધનાથી આચાર્ય સ્વસ્થ થઈ ગયા. પછી, આચાર્યે 'ભયહરં સ્તોત્ર' રચ્યું. તેમાં આ ચિંતામણી મંત્રને ગોપવ્યો. આ ભયહરં સ્તોત્ર એટલે જ 'નમિઉણ સ્તોત્ર'.

નમિઉણ સ્તોત્રમાં પ્રભુ પાર્શ્વનાથની સ્તવના કરી છે. વિવિધ જાતના ભયોનું વર્ણન કરી એ ભયોથી પાર્શ્વનાથ પ્રભુ પાસે રક્ષા માગવામાં આવી છે.

નમિઉણ સ્તોત્રમાં ગોપવેલો ચિંતામણી મંત્ર એક રહસ્ય છે. આ મંત્ર સૌ પ્રથમ પાર્શ્વનાથ પ્રભુએ આપેલો. પછી તે ચૌદ પૂર્વમાં સમાયેલો. તેમાંથી આચાર્ય ભદ્રબાહુસૂરીશ્વરજીએ ઉધ્ધર્યો. પછી તે વિસ્મરણીય થઈ ગયો. પછી માનતૂંગસૂરિએ તેને દેવની પાસેથી પ્રત્યક્ષ કર્યો. પણ તે મંત્ર તેમને સ્પષ્ટ ના બતાવ્યો. ત્યાર પછીના આચાર્યોએ આ મંત્ર શોધવા પ્રયત્ન કર્યો ને એવું તારણ નીકળ્યું કે આ મંત્ર ૧૮ અક્ષરનો છે.

નમિઉણ-નમસ્કાર કરીને, પ્રાસ=પાર્શ્વનાથને

વિસહર=વિષધરોના વિષનો નાશ કરનારા=વસહભિણ-જિનોમાં વૃષભ, પૂલિંગ-સ્ફૂલિંગો પર જય મેળવનારા.

શુદ્ધ હૃદયથી એકાગ્રતાપૂર્વક આ મંત્ર ગણવાથી સર્વ ભયો શાંત થાય છે.

✱ ✱ ✱

ફોન નં. ૦૭૯-૨૬૬૧૨૮૬૦.
મો. નં. ૦૯૯૯૮૩૩૬૯૯૨

● આ સંસ્થા દ્વારા યોજિત ૮૧મી પર્યુષણ વ્યાખ્યાનમાળામાં તા. ૧૦-૦૯-૨૦૧૫ના રોજ આપેલું વ્યાખ્યાન.

**ઉત્તરાધ્યયન સૂત્ર : ગ્રંથ સ્વાધ્યાય**
**સી. ડી. અને ડી.વી.ડી..**

ગુરુદેવ પૂ. ડૉ. રાકેશભાઈની ત્રણે દિવસની અમૃતવાણીની સી.ડી. અને ડી.વી.ડી. સંસ્થામાં ઉપલબ્ધ છે. ઉપરાંત સંસ્થાની વેબ-સાઈટ ઉપર પણ આપ સાંભળી શકશો.

**સંપર્ક : ૦૨૨-૨૩૮૨૦૨૯૬.**
**હિતેશ–૦૯૮૨૦૩૪૭૯૯૦.**

# અજીતશાંતિ અને બૃહત્શાંતિના રહસ્યો

☐ ડૉ. અભય દોશી

જૈન સાહિત્યમાં સ્તોત્ર-સ્તુતિકાવ્યોની વિશાળ પરંપરા છે. આજે આપણે એમાંના બે મહત્ત્વપૂર્ણ અને 'નવસ્મરણ'માં ગૌરવવંતુ સ્થાન પામેલા સ્તોત્રોની વાત કરશું. આ સ્તોત્રોની વળી વિશેષતા એ છે કે તે સ્તોત્રો પાક્ષિક-ચઉમાસી-સંવત્સરી પ્રતિક્રમણમાં પણ સ્થાન પામ્યા છે. વળી, બીજું સ્તોત્ર તો સ્નાત્રપૂજાની વિધિમાં પણ સ્થાન પામ્યું છે. પખ્ખી આદિ પ્રતિક્રમણમાં સ્થાન પામેલા હોવાથી આ સ્તોત્રોનો પર્યુષણના બે પ્રતિક્રમણના અંતભાગે પણ પાઠ કરવામાં આવે છે. આ સ્તોત્રોનું રહસ્ય સમજવાથી પ્રતિક્રમણની આપણી ક્રિયામાં પણ નવા પ્રાણ ઉમેરાશે.

સર્વપ્રથમ સ્તવન કે સ્તોત્ર એટલે શું તે જોઈએ. સ્તવન કે સ્તોત્રમાં પરમતત્ત્વના ગુણગાન ગાવામાં આવે છે. આ જગતમાં આપણા સૌની ઈચ્છા છે કે, 'પ્રભુ, તારા જેવા થાવું છે.' સાધકના જીવનનો આદર્શ રહેતો હોય છે કે, પરમાત્માએ જે શુદ્ધ, નિર્મળ, સિદ્ધ પદને સંપ્રાપ્ત કર્યું છે એ સિદ્ધપદની પ્રાપ્તિ કરવી છે. પરંતુ, આ જગતનો સામાન્ય નિયમ છે કે, કોઈ પણ સિદ્ધિ પ્રાપ્ત કરવી હોય તો જેણે આ સિદ્ધિ પ્રાપ્ત કરી હોય, તે મનુષ્યોને પોતાના આદર્શરૂપે રાખે, તેમના ગુણોનું ચિંતન-સ્મરણ કરે. ક્રિકેટના ક્ષેત્રમાં સિદ્ધિની ઈચ્છા રાખનારા લોકો સચિન તેંડુલકર કે વિરાટ કોહલી આદિના ફોટોગ્રાફ પોતાના ઘરોમાં લગાવતા હોય છે. તેમજ તેમના ગુણાનુવાદ આદિ કરતા રહેતા હોય છે. શાસ્ત્રોમાં વાત આવે છે કે, કોશેટામાં લપેટાયેલ ઇયળ સતત ભમરીનું ધ્યાન ધરતી હોય છે. અને અંતે ઇયળ ભમરી બની જાય છે. એ જ રીતે જીવાત્મા પરમાત્માનું ધ્યાન ધરે છે અને પરમાત્મા બની જાય છે.

આમ આત્માને પરમાત્મા બનાવનાર, પરમપંથે લઈ જનારા અનેક માર્ગો અંકિત થયા છે, એમાં ભક્તિમાર્ગમાં સ્તુતિ, સ્તોત્ર, સ્તવનનું મહત્ત્વ સવિશેષ છે. ઉત્તરાધ્યયન સૂત્ર અધ્યયન ૨૯, સૂત્ર ૨૪માં પણ કહેવાયું છે.

'थयथुई मंगलेण भंते किं जणियई ?' તેના ઉત્તરમાં કહેવાયું છે;

'थयथुई मंगलेणं नाणदंसणचरित बोहिलाभं जणयई। नाणदंसणचरित बोहिलाभ संपन्ने यणं जीवे अतकिरियं कप्पविमाणोक्वेत्तियं आराहणं आरोहई।' અર્થાત્ સ્તુતિ કરવાથી જીવ જ્ઞાન, દર્શન, ચારિત્રરૂપ બોધિલાભ પ્રાપ્ત કરે છે. આ બોધિલાભ સંપન્ન જીવ ઉચ્ચ ગતિ પ્રાપ્ત કરે છે અને આરાધનામાં આગળ વધે છે. આમ સ્તુતિ, સ્તવન, સ્તોત્ર આદિનું મહત્ત્વ જૈનધર્મમાં પ્રાચીનકાળથી રહ્યું છે.

અજીતશાંતિ સ્તવનની રચના સંબંધે કથા એવી છે કે, શત્રુંજય પર્વત પર પ્રાચીનકાળમાં નંદીષેણમુનિ નામના એક મુનિ યાત્રા કરવા ગયા. ત્યાં અજીતનાથ ભગવાન અને શાંતિનાથ ભગવાનની દેરીઓ સામસામે હતી. તેઓને થયું, અજીતનાથ ભગવાનની સ્તવના કરું, તો શાંતિનાથ પ્રભુને પુંઠ પડે, શાંતિનાથપ્રભુની સ્તવના કરું, તો અજીતનાથ ભગવાનને પુંઠ પડે.

આથી ભક્તિસભર હૃદયે, અનેક છંદોથી સુસજ્જિત, મધુરતમ રાગોથી મંડિત એવી સ્તવનાનો પ્રારંભ કર્યો. કુલ ૩૮ શ્લોકોમાં ફેલાયેલી આ સ્તુતિના પ્રતાપે સામસામી મૂર્તિઓ બાજુબાજુમાં આવી ગઈ. મહર્ષિ નંદીષેણે પ્રસન્ન હૃદયે સ્તવના પૂર્ણ કરી.

કેટલાક લોકો નંદીષેણ મુનિને નેમિનાથ ભગવાનના શિષ્ય માને છે ત્યારે કેટલાક મહાવીર સ્વામી ભગવાનના શિષ્ય માને છે. પરંતુ, પ્રબોધટીકાના વિદ્વાન સંપાદકોએ આગમસૂત્રો સાથેની સમાનતા દર્શાવી, સંભાવના દર્શાવી છે કે, તેઓ પ્રભુ મહાવીરના શાસનના સાધુ હતા. આ મહર્ષિ છંદશાસ્ત્ર, મંત્રશાસ્ત્ર, કાવ્યપદ્ધતિ આદિના પરમનિષ્ણાત હતા.

આ જગતમાં સર્વ જીવો શાંતિને ઈચ્છે છે. પરંતુ જ્યાં સુધી શત્રુઓ, ભય આદિ હોય છે, ત્યાં સુધી સાચી શાંતિ પ્રાપ્ત થતી નથી. માટે જ પહેલી ગાથામાં કહેવાયું છે;

'અજીઅં જીઅ સવ્વ ભયં'

અજીતનાથ ભગવાન સર્વ ભયોને જીતનારા છે.

આ ભયોને જીતવાની ચાવી આંતરિક કષાયો પર વિજય મેળવવામાં રહેલી છે. પાપોથી રહિત, નિર્મળ વ્યક્તિ જ સર્વ ભય પર વિજય મેળવી, ખરા અભયપણાને, ખરી શાંતિને પ્રાપ્ત કરનારા બને છે.

માટે જ બીજા પદમાં કહેવાયું;

સંતિં ચં પસંત સવ્વગય પાવં.

શાંતિનાથ પ્રભુ કે જેઓ સર્વ રોગ અને પાપનો નાશ કરનારા છે.

આમ, ભયોને જીત્યા તે 'અજીત' અને પાપરહિત તે 'શાંતિ'. આમ, સાધનાનો માર્ગ, સમાધિનો માર્ગ પ્રથમ ચરણમાં જ અંકિત થઈ જાય છે. સંસારમાં શાંતિ અને સમાધિ સર્વે જીવો ઈચ્છે છે. પરંતુ, ભયથી ત્રસ્ત મનુષ્યોને શાંતિનો અનુભવ થતો નથી. શાંતિના અનુભવની ઈચ્છાવાળાઓએ સર્વપ્રથમ ભય પર વિજય મેળવવો પડે. ભય પર વિજય મેળવવા કષાયો અને પાપોથી આત્માને દૂર કરવો પડે. આવા ગુણોને સિદ્ધ કરેલા જગતના ગુરુ, શાંતિરૂપી ગુણ કરનારા આ બંને જિનેશ્વરોને હું વંદન કરીશ.

આમ, પ્રારંભમાં જ આ બન્ને જિનેશ્વરોની વંદનાનું સૂચન કર્યા બાદ કવિ ક્રમશઃ અજીતનાથ ભગવાન અને શાંતિનાથ ભગવાનની સ્તુતિ કરે છે. પ્રારંભે સ્તુતિનો મહિમા દર્શાવતા કહે છે; આ

ભવચક્રમાં પરિભ્રમણ કરતા અનેક પ્રકારની ક્રિયાઓ વડે જે કર્મો સંચિત કર્યા છે, તે કર્મકલેશમાંથી આ સ્તવના મુક્તિને દેનારી છે.

યોગશાસ્ત્રમાં ધ્યાનના ચાર પ્રકાર દર્શાવ્યા છે. પિંડસ્થ, પદસ્થ, રૂપસ્થ, રૂપાતીત. અન્ય સ્થળે પિંડસ્થ, પદસ્થ, રૂપાતીત એમ ત્રણ પ્રકારો દર્શાવ્યા છે.

આ કાવ્યમાં પરમાત્મધ્યાનની ત્રણ મુખ્ય પદ્ધતિઓ પિંડસ્થ, પદસ્થ અને રૂપાતીત દર્શાવી છે. પિંડસ્થ ધ્યાનમાં પરમાત્માની સાંસારિક અવસ્થાનું તેમજ છદ્મસ્થ અવસ્થાનું ચિત્રણ મુખ્ય હોય છે. પૂર્વની અવસ્થાનું આલેખન કરવા દ્વારા તેઓની રાજરાજેશ્વર અવસ્થાનું ચિત્રણ ૯મી અને ૧૧મી ગાથામાં સુંદર રીતે આલેખાયું છે.

૯મી ગાથામાં અજીતનાથ ભગવાનની રાજરાજેશ્વર દશાનું આલેખન કરતા કહે છે;

શ્રી અજીતનાથ ભગવાન શ્રાવસ્તિનગરીમાં જન્મ્યા હતા. (શ્રાવસ્તિથી અહીં અયોધ્યાનગરી અર્થ લેવો) તેમનું સંઘયણ શ્રેષ્ઠ હાથીના કુંભસ્થળ જેવું વિસ્તારવાળું હતું, તેમની છાતી શ્રીવત્સ લંછનથી શોભી રહી હતી, અથવા સ્થિર હતી. તેઓ હાથી સમાન મદમસ્ત ગંભીર ચાલને ધરાવતા હતા. વળી હાથ હાથીની સૂંઢ જેવા લાંબા અને ઘાટીલા હતા. વર્ણ દેદીપ્યમાન સુવર્ણસમાન હતો. અનેક શુભ લક્ષણોને ધારણ કરનારા હતા. આવા રાજેશ્વરરૂપને વર્ણવ્યા પછી, તેમના આંતરિક ગુણોને વર્ણવે છે. તેઓ સર્વ શત્રુઓ પર વિજય મેળવનારા અને સર્વ ભય પર જય મેળવનારા હતા. વળી, ભવની પરંપરાનો નાશ કરનારા હતા.

આવા રાજરાજેશ્વર પ્રભુને પ્રણિધાનપૂર્વક નમન કરું છું. અહીં અજીતનાથ ભગવાનનું લાંછન હાથીનું છે, આથી તેમના લાંછનનો સંકેત વર્ણનમાં અનુભવી શકાય છે.

ત્યારબાદ, શાંતિનાથ ભગવાન પંચમ ચક્રવર્તી હોવાથી, તેમની ચક્રવર્તીપણાની ઋદ્ધિનું વર્ણન કરે છે. આ ચક્રવર્તીપણા તથા તેના વૈભવનું વર્ણાન અત્યંત આશ્ચર્યકારક છે. તેઓ કુરુજનપદની રાજધાની હસ્તિનાપુરના રાજા હતા. તેઓ છ ખંડ પૃથ્વીના રાજા બન્યા; જેમાં બોતેર હજાર મુખ્ય નગરો વળી બીજા પણ સુંદર નિગમો હતા. બત્રીસ હજાર રાજાઓ ચક્રવર્તીની સેવા કરનારા હતા. વળી, ચૌદ મહારથી, નવનિધિ અને ચોંસઠ હજાર સ્ત્રીઓના સ્વામી એવા પ્રભુ પોતાની સર્વસંપત્તિ છોડી અણગાર થયા અને બધા ભયોથી પાર થઈ સંતિકર થયા. તેઓ મને શાંતિ આપનારા થાઓ.

આ પ્રકારની પ્રાર્થનાથી, પ્રભુના, તીર્થંકરના સંસારીપણાના ઐશ્વર્યનો ખ્યાલ આવે છે. વળી, અજીતનાથ ભગવાનના વર્ણનમાં સર્વત્ર હાથીની ઉપમા યોજી છે. એ દ્વારા કવિ કદાચ પરમાત્માના ગજલંછનનો નિર્દેશ કરી એક રૂપાકૃતિ આપણા ચિત્તમાં આલેખવા ઈચ્છતા હોય. આવા ઐશ્વર્યના ભંડાર અને ચક્રવર્તી હોવા છતાં, પ્રભુએ આ સર્વને તુચ્છ ગણી વૈરાગ્યના વૈભવને ધારણ કર્યો. આમ, આ વર્ણનો દ્વારા વૈરાગ્યની મહત્તા પ્રસ્થાપિત કરે છે.

પ્રથમ ચક્રવર્તીરૂપને વર્ણવ્યા બાદ, હવે મહામુનિરૂપને વર્ણવે છે.

હે પ્રભુ! આપ ઉત્તમ મુનિ ગુણને ધારણ કરનારા મહામુનિ છો, અજ્ઞાનનું તમસ તેમજ મોહના રજસમાંથી બહાર જઈ વિશુદ્ધ તેજથી પ્રકાશો છો અને આ જ્ઞાન વડે સંસારમાંથી બહાર નીકળવાનો માર્ગ દર્શાવતાં હોવાથી ભવ ભયનો નાશ કરનારા અને મોક્ષમાર્ગને દર્શાવનારા છો.

તમે દસ પ્રકારના મુનિધર્મના ભંડાર છો. પ્રથમ ચાર પ્રકારના ધર્મો ક્ષમા, માર્દવ, આર્જવ અને સંતોષ વડે ક્રોધ, માન, માયા, લોભ, રૂપ કષાયો પર વિજય મેળવ્યો છે. વળી દમન (તપ)થી ઈન્દ્રિયો પર નિગ્રહ કરી સાંસારિક ઇચ્છાઓના વિજેતા બન્યા છો. વળી, નિજ-આત્મભાવમાં રમવા રૂપ સમાધિમાં સદા સ્થિર છો.

પરમાત્માના ગુણોનું આલેખન કરવામાં કવિ ચાર ઉપમાઓની વારંવાર માંડણી કરે છે; પરમાત્મા સૂર્યથી પણ વિશેષ તેજસ્વી છે. પ્રભુ જ્ઞાનગુણ–પ્રભાવગુણ આદિથી સમસ્ત વિશ્વમાં પ્રકાશ ફેલાવનારા છે. ચંદ્ર જેવા સૌમ્ય હોવાથી ક્ષમા આદિ ગુણો વડે વિશ્વમાં શાંતિ ફેલાવનારા છે. વળી, રૂપ ગુણ વડે ઈન્દ્ર સમાન છો. વળી ધીરતા ગુણ વડે મેરૂપર્વત સમાન છો. અનેક ઉપસર્ગોની પરિસ્થિતિમાં પણ ધૈર્ય અને ગાંભીર્ય છોડતા નથી.

હવે ત્યાર બાદ કવિ પદસ્થ ધ્યાન પ્રતિ દૃષ્ટિપાત કરે છે. પદસ્થ ધ્યાન એટલે કેવળજ્ઞાન પામ્યા પછીની અવસ્થા. સમવસરણમાં બિરાજમાન ભાવજિનેશ્વરનું ધ્યાન અનેક ઉપદ્રવોને દૂર કરનારૂં કહ્યું છે. કલ્યાણમંદિર–ભક્તામર આદિમાં પણ પદસ્થ ધ્યાન અષ્ટમહાપ્રાતિહાર્યના ધ્યાનથી કરવામાં આવ્યું છે.

આ સ્તોત્રમાં પદસ્થ ધ્યાનની વિશિષ્ટ રીતિનું અનુસરણ કરાયેલું છે. અર્હત્ શબ્દનો અર્થ છે દેવ, દાનવ અને માનવને માટે પૂજાયોગ્ય. એટલે ૧૯મી ગાથાથી પ્રારંભ કરી ૩૧મી ગાથા સુધી વિવિધ ઉપમાઓ અને વર્ણનો દ્વારા પરમાત્માના સમવસરણસ્થ રૂપનો મહિમા કરવામાં આવ્યો છે.

સર્વપ્રથમ પરમાત્માના સમવસરણમાં અનેક ઋષિઓ આવે છે. જેઓ અંજલિબદ્ધ થઈ પરમાત્માની સ્તુતિ કરે છે. વળી દેવો, ઈંદ્રો, કુબેર, નરેન્દ્રો આદિ આવે છે. વળી આકાશમાં વિચરણ કરતા ચારણ મુનિઓ પણ વંદન કરે છે. વળી, અસુરકુમારો, ગરુડકુમારો, કિન્નરો, નાગકુમારો આદિ સૌ પરમાત્માને નમસ્કાર કરે છે. દેવો અત્યંત ગતિપૂર્વક, હર્ષ-ઉત્સાહથી પરમાત્માને વંદન કરવા આતુર છે. તેઓના કુંડળો ક્ષોભિત અને ચલ બનેલા છે.

એ પછીના કાવ્યોમાં સ્વર્ગલોકની દેવીઓ અનેક મનોહર શૃંગાર ધારણ કરી પ્રભુને વંદન કરવા આવે છે. આ દેવીઓના અલૌકિક શૃંગારમાં પ્રભુ જરા પણ કંપિત થતા નથી. એ પછી દેવી-દેવતાઓ

અદ્‌ભુત સંગીત વડે સ્તુતિ કરે છે. આ સ્તુતિગાન અને અપૂર્વ સૌંદર્ય વચ્ચે પ્રભુ સ્વ-સ્વભાવમાં જ સ્થિર રહે છે. એથી સર્વે દેવી-દેવતાઓ પરમાત્માના આ સ્થિર-મોહમાં ન મૂંઝાતા રૂપની પુનઃ પુનઃ વંદના કરે છે. તેઓ સર્વ નયોમાં નિપુણ છે અને દેહમાં પણ અનેક ઉત્તમ ચિન્હોથી સુશોભિત છે. એવા અજીતનાથ અને શાંતિનાથ પ્રભુને નમસ્કાર કરી અંતિમ ગાથાઓમાં રૂપાતીત ધ્યાનને આલેખે છે.

તેઓ સ્વભાવથી સુંદર-આત્મસ્વભાવમાં સ્થિર છે. સમભાવમાં સ્થિર છે. વળી, દોષરહિત છે. વળી, નિજભાવમાં સ્થિર હોવાથી પ્રસન્ન છે. વળી, તપથી પુષ્ટ એ દર્શન–જ્ઞાનાદિક સમૃદ્ધિ વડે સમૃદ્ધ છે. તેઓ સર્વ પાપોથી મુક્ત છે અને એમ છતાં સર્વ જીવોના હિતને દર્શાવનારા છે.

અંતે, ફળશ્રુતિ દર્શાવતાં કહ્યું છે કે, આ સ્તવન સુંદર રીતે ગાનારાઓને હર્ષ પમાડો, રચનારા નંદીષેણ મુનિને અને તેમના સંયમમાં વૃદ્ધિ કરનાર થાઓ.

ત્યાર પછી પરંપરાથી ત્રણ ફળશ્રુતિ દર્શાવનારી ગાથાઓ બોલવામાં આવે છે.

આ (અજીતશાંતિ સ્તોત્રની ૬ ટીકાઓનો ઉલ્લેખ 'જિનરત્નકોશ'માં મળે છે. 'જિનરત્નકોશ' ગાયકવાડ પ્રાચ્યગ્રંથમાલા, ક્રમાંક ૧૦.) અજીતશાંતિ સ્તોત્રમાં અનેક મંત્રો પણ ગર્ભિત કરવામાં આવ્યા છે. આ સ્તોત્રમાં કુલ ૨૮ વિભિન્ન પ્રકારના છંદો પ્રયોજવામાં આવ્યા છે. એ પણ છંદોની દૃષ્ટિએ ખૂબ મહત્ત્વપૂર્ણ છે. કાન્તે ખંડકાવ્યમાં ભાવઅનુસાર છંદોવૈવિધ્ય પ્રયોજ્યું હતું, જે ખૂબ મહત્ત્વપૂર્ણ ગણાય છે. નંદીસેનમુનિએ વર્ષો પૂર્વે આ રચનામાં અનુપમ છંદોવૈવિધ્ય દર્શાવ્યું છે. વળી, નંદીસેનમુનિની આ રચના અત્યંત સંગીતમય અને પાઠ્ય છંદોથી યુક્ત છે. વળી, અત્યંત સુગેય રચના છે. પ્રતિક્રમણમાં સાંભળતાં અનુપમ આનંદ આવે છે. વળી, અનેક યમક, પ્રાસ આદિ શબ્દાલંકારો અને અર્થાલંકારોથી સમૃદ્ધ રચના છે.

આ યુગલસ્તવનો પ્રારંભ નંદીસેન મુનિએ કર્યો, તેના પ્રભાવથી શ્રી વીરગણિએ આઠ અપભ્રંશ ગાથામાં લઘુ અજીતશાંતિ સ્તવની રચના કરી છે. વળી, જિનવલ્લભગણિએ ૧૭ પ્રાકૃત ગાથામાં 'ઉલ્લાસિઅ થુત' નામે રચના કરી છે. વળી, ધર્મઘોષગણિએ પણ ૧૭ પ્રાકૃત ગાથાવાળા મંત્રગર્ભિત અજીતશાંતિ સ્તવની રચના કરી છે (આમાંના બે સ્તોત્રો અચલગચ્છીય નવસ્મરણમાં સ્થાન પામ્યા છે) અને ઉ. મેરૂનંદન ગણિ અને શ્રી જયશેખરસૂરિએ પણ અજીતશાંતિસ્તવની રચના કરી છે. આના પરથી આ સ્તવનની લોકપ્રિયતાનો ખ્યાલ આવે છે.

બૃહત્‌શાંતિસ્તવ નવસ્મરણમાંનું અંતિમ સ્તોત્ર છે. આ સ્તોત્ર પણ અતિશય પ્રભાવક સ્તોત્રરૂપે માન્ય છે. આ સ્તોત્રની રચના વાદીવેતાલ શાંતિસૂરિ મહારાજે કરી હોવાનો મત પ્રચલિત છે.

આ સ્તવરચના મુખ્યરૂપે ગદ્યમાં થઈ છે, તે તેની વિશેષતા છે. આ સ્તોત્ર પરમાત્મસ્તુતિ સાથે વિશ્વના સર્વ જીવોને શાંતિ પ્રાપ્ત થાઓ એવી અભ્યર્થનાવાળો શાંતિપાઠ છે. આ રચનાનો પ્રારંભ મંદાક્રાંતા છંદમાં લખાયેલા એક શ્લોકથી થાય છે.

આ જગતના સર્વ મનુષ્યો શાંતિને ઝંખે છે. પરમાત્માના પાંચે કલ્યાણકો પરમ શાતાને આપનારા છે. એમાં પણ જન્મમહોત્સવ સવિશેષ શાતાને આપનારો છે. આનાથી અહીં જન્મના સ્નાત્રમહોત્સવનું એક આનંદમય અને ઉર્જાદાયક વર્ણન કરવામાં આવ્યું છે.

કોઈ પણ વસ્તુ જૈનશાસ્ત્રો અનુસાર નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ એમ ચાર નિક્ષેપમાં હોય છે. પ્રથમ શ્લોકમાં જિનેશ્વરદેવોના પ્રતિષ્ઠા-યાત્રા મહોત્સવના સૂચનથી સ્થાપના નિક્ષેપને દર્શાવી છે.

બીજા પાઠમાં દ્રવ્યજિનેશ્વર–બાલજિનના જન્માભિષેક મહોત્સવના વર્ણન દ્વારા દ્રવ્યજિનને વંદના કરવામાં આવી છે.

આ શાંતિપાઠના પ્રથમ મંત્રમાં સર્વજ્ઞ અને સર્વદર્શી જિનેશ્વરોનું સ્મરણ કરવામાં આવ્યું છે. ત્યારબાદ ત્રણે લોકમાં નાથ, ત્રણે લોકથી સ્તુતિ કરાયેલા, ત્રણે લોકને પૂજ્ય અને ત્રણે લોકમાં ઉદ્યોત કરનારા એવા વિશેષણોથી સ્તુતિ કરાઈ છે. સંસ્કૃત ગદ્યપાઠમાં આ વિશેષણોનું ઉચ્ચારણ એવી પ્રભાવક રીતે થાય છે કે, સાંભળનારની આગળ ભાવજિનેશ્વરની તેજોમય રૂપાકૃતિની પ્રતીતિ થાય.

આ પ્રથમમંત્રના બીજા ખંડમાં ચોવીસે તીર્થંકરોનું સ્મરણ કરવામાં આવ્યું છે. આ સ્મરણ દ્વારા નામ-જિનની આરાધનામાં કરવામાં આવી છે. આમ, આ બૃહદ્‌શાંતિના પ્રારંભે જિનાગમમાં વર્ણવેલ નામ, સ્થાપના, દ્રવ્ય, ભાવ ચારે રીતે જિનેશ્વરોને વંદના કરવામાં આવી છે. વળી, આ પ્રથમ મંત્રમાં પરમાત્માના દિવ્ય તેજોમય રૂપનું (તેજકાય)નું આલેખન પણ કરવામાં આવ્યું છે.

બીજા મંત્રમાં શ્રેષ્ઠમુનિઓ દુકાળમાં, ગહનવનમાં, શત્રુઓથી પરાભવ પામવાના પ્રસંગે તેમજ વિકટવાટમાં રક્ષણની પ્રાર્થના કરવામાં આવી છે.

ત્રીજા મંત્રમાં શ્રીહ્રીં આદિ છ વર્ષધર દેવીઓ તેમજ બીજી ત્રણ દેવીઓની ઉપાસનાને પ્રારંભે તેમજ અંતે જે જિનેશ્વરોનું સ્મરણ કરવામાં આવે છે, તેઓ જય પામનારા થાઓ એવી પ્રાર્થના કરાઈ છે.

ચોથા મંત્રમાં રોહિણી આદિ ૧૬ વિદ્યાદેવીઓ તમારું રક્ષણ કરો, પુષ્ટિ કરો એવી પ્રાર્થના કરાઈ છે. પાંચમા મંત્રમાં આચાર્ય-ઉપાધ્યાય આદિ ચાર પ્રકારના શ્રમણ સંઘમાં શાંતિ, તુષ્ટિ, પુષ્ટિ ઈચ્છવામાં આવી છે. છઠ્ઠા મંત્રમાં સૂર્ય-ચંદ્ર આદિ નવગ્રહો, સોમ-યમ-વરુણ-કુબેર એ ચાર લોકપાલો તેમજ ઈંદ્ર, સૂર્ય, સ્કન્દ, વિનાશક અને અન્ય પણ ગ્રામદેવતા, ક્ષેત્રદેવતા, કુલદેવતા આદિની પ્રસન્નતા ઇચ્છવામાં આવી છે. વળી, રાજાઓને અક્ષીણ કોશ અને

કોઠારોની પ્રાર્થના કરવામાં આવી છે. રાજાઓ જો ભરપુર ભંડારવાળા હોય, તો જ પ્રજાના કલ્યાણમાં યોગ્ય રીતે પ્રવૃત્ત થઈ શકે.

સાતમા મંત્રમાં સર્વ નાગરિકો, પુત્ર, મિત્ર, સહૃત, સ્વજન, બંધુવર્ગ સાથે આમોદ-પ્રમોદ કરનારા થાઓ એવી પ્રાર્થના કરાઈ છે. આઠમા મંત્રમાં પૃથ્વી પર રહેલા સર્વે સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકાઓના રોગ, ઉપસર્ગ, દુઃખ, દુકાળ તેમજ વિષાદ-વિખવાદ આદિનું શમન થાઓ એવી પ્રાર્થના કરાઈ છે.

નવમા મંત્રમાં સદા તુષ્ટિ, પુષ્ટિ અને ઉત્સવ થાઓ એવા આશીર્વાદપૂર્વક પાપ અને ભયનું શમન થાઓ એવી પ્રાર્થના કરાઈ છે. વળી, શત્રુઓ જે વિકાસમાર્ગમાં અંતરાય નાખતા હોય, તેઓ આ કાર્યથી વિમુખ થાઓ એવી પ્રાર્થના કરાઈ છે.

ત્યારબાદ, શાંતિકર્મમાં મુખ્ય ઉપાસ્ય શાંતિનાથ ભગવાનની સ્તુતિ કરવામાં આવી છે. આમ તો, ચોવીસે તીર્થંકરો શાંતિ કરનારા છે, એમ છતાં, દરેક તીર્થંકરોની અમુક બાબતોમાં વિલક્ષણતા રહેતી હોય છે. જેમ પાર્શ્વનાથ ભગવાનનું આદેય કર્મ વિશેષ છે, એ જ રીતે શાંતિનાથ ભગવાનનું શાંતિ દેવાનું પુણ્ય વિશેષ છે. તેમણે મેઘરથ રાજાના પૂર્વભવથી જે પારેવા ઉપર કરૂણાની ધારા વહાવી હતી, તેને લીધે તેમના નામસ્મરણથી શાંતિ થાય છે. અહીં ત્રણ ગાથા દ્વારા શાંતિનાથ ભગવાનની સ્તુતિ કરાઈ છે. તેઓ દેવેન્દ્રોથી પૂજીત છે, જગતમાં શાંતિ કરનારા છે, અને જ્યાં શાંતિનાથ ભગવાનનું પૂજન થાય, ત્યાં શાંતિ ફેલાય છે. તેમના પ્રભાવે ઉપદ્રવો, ગ્રહોના દુષ્ટયોગો, દુઃસ્વપ્ન, દુર્નિમિત્ત આદિ શાંત થાય છે. શાંતિનાથ પ્રભુ માતાના ગર્ભમાં હતા, ત્યારે તેમની માતાએ નગરમાં શાંતિ પ્રવર્તાવી હતી.

ત્યારબાદ, એક ગાથા વડે શાંતિની ઉદ્‌ઘોષણા કેવી રીતે કરવી, તે દર્શાવ્યું છે. ત્યારબાદ શાંતિની ઉદ્‌ઘોષણા કરાઈ છે. સર્વપ્રથમ શ્રમણસંઘ માટે શાંતિની ઉદ્‌ઘોષણા કરાઈ છે. કારણ કે, જૈન સાધુઓ પવિત્ર અને પ્રબળ હોય છે. પરમેષ્ટિના પંચમ પદ પર બિરાજમાન સાધુઓના જીવનમાં શાંતિ હોય તો તેના પ્રભાવે સર્વત્ર શાંતિ ફેલાય. ત્યારબાદ સમગ્ર જનપદ (રાષ્ટ્ર)માં શાંતિની ઉદ્‌ઘોષણા કરવામાં આવી છે. ત્યારબાદ આ રાષ્ટ્રના વહીવટ કરનારા રાજાઓ તેમજ તેમના પરિવારની શાંતિ ઇચ્છવામાં આવી છે. ત્યારબાદ, ગોષ્ટિક એટલે કે વિદ્યા અને કળામાં પ્રવીણ વિદ્વાનોની શાંતિ ઈચ્છવામાં આવી છે. કારણ કે, વિદ્યા અને કળાની કુશળતા તેમજ તેમાં નવા વિકાસથી સમાજની ઉન્નતિ થાય છે. પછી નગરના અગ્રજનો અને નગરજનોની શાંતિ ઈચ્છવામાં આવી છે. અહીં ભાવનાઓનો વિસ્તાર જોવા મળે છે.

જૈનસંઘના કલ્યાણથી પ્રારંભી વિશ્વકલ્યાણની ભાવનાનું આ ઉદ્‌ઘોષણામાં આલેખન જોવા મળે છે, જે આજના વૈશ્વિક અશાંતિના યુગમાં અત્યંત પ્રસ્તુત છે. જૈનદર્શનમાં રહેલ સર્વેનું કલ્યાણ થાઓ એવી શુભકામના અહીં પ્રગટ થઈ છે. સર્વે જીવો મારા મિત્ર છે, સર્વે જીવો સુખને પામો અને મોક્ષની આરાધનામાં જોડાઓ આવી શુભભાવનાથી આ સ્તોત્ર અંકિત થયેલું છે.

ત્યારબાદ, આ શાંતિપાઠ કેવી રીતે બોલવાનો, તેની વિધિ દર્શાવવામાં આવી છે. વળી, આ જિનેશ્વરદેવના અભિષેક સમયે લોકો આનંદથી રત્ન, પુષ્પ આદિની વૃષ્ટિ કરે છે, અષ્ટમંગળનું આલેખન કરે છે, તેમ જ સ્તોત્રો અને ગીતોનું ગાન કરે છે, તેવું એક મંગલમય વાતાવરણ આલેખાયું છે.

ત્યાર પછીના બીજા પદ્યમાં આ જગતના સર્વ જીવોનું કલ્યાણ થાઓ એવી પ્રાર્થના કરાઈ છે. વળી, લોકો પરોપકારપરાયણ થાય અને તેઓના દુઃખ, વ્યાધિ, વિષાદ આદિ નાશ પામે અને સુખનો અનુભવ થાય એવી પ્રાર્થના કરાઈ છે. તેનો પાઠ આ રીતે છે;

શિવમસ્તુ સર્વ જગતઃ પરહિત નિરતા ભવન્તુ ભૂત ગણાઃ।
દીપાઃ પ્રયાન્તુ નાશં, સર્વત્ર સુખી ભવન્તુ લોકાઃ।।

આ પ્રાર્થના વિશ્વકલ્યાણને ઈચ્છનારી છે. ધર્મરૂપી વૃક્ષના મૂળરૂપ મૈત્રી, પ્રમોદ આદિ ચાર ભાવનાઓ છે, તેવું 'ધર્મસંગ્રહ' ગ્રંથમાં દર્શાવવામાં આવ્યું છે. આ ધર્મબીજ સમાન મૈત્રી આદિ ભાવનાઓની પ્રાપ્તિ માટે, એ ભાવનાઓને હૃદયમાં સ્થિર કરવા માટે આ ગાથા મંત્ર સમાન છે. પ. પૂ. અધ્યાત્મયોગી પંન્યાસ ભદ્રંકરવિજયજી મ. સાધકોને નમસ્કાર સાધનાની પૂર્વે અંતઃકરણની વિશુદ્ધિ માટે આ ગાથાનો પાઠ કરવાનું કહેતા.

આ મંગલભાવના બાદ એક ગાથા બોલાય છે;

અહં તીત્થયરમાયા, શિવાદેવી તુમ્હ નયર નિવાસિની.
અમ્હ સિવં તુમ્હ સિવં અસિવોવસમં શિવં ભવન્તુ સ્વાહા.

(હું તીર્થંકરની માતા શિવાદેવી, તમારા નગરમાં વસનારી છું. અમારું કલ્યાણ થાઓ, તમારું કલ્યાણ થાઓ, અશિવનું શમન થાઓ અને સૌનું કલ્યાણ થાઓ.)

આ ગાથાના શબ્દાર્થથી ઘણાં લોકો માને છે કે, આ બૃહત્-શાંતિપાઠની રચના નેમિનાથ ભગવાનની માતા શિવાદેવીએ કરી છે. પરંતુ, આ ગાથાના મર્મનો વિચાર કરતા ખ્યાલ આવે છે કે, આ જગતમાં તીર્થંકરો પૂર્વભવમાં 'સવિ જીવ કરૂં શાસનરસી' એવી ભાવના ભાવે છે. એ ભાવનાને પરિણામે જ તેઓ તીર્થંકરપદને પામે છે. આથી આ ભાવનાને સર્વ તીર્થંકરોની માતા કહી શકાય. આ ભાવનામાં સર્વ જીવોની મુક્તિની, શિવની, કલ્યાણની ભાવના હોવાથી તેને શિવાભાવના કહી શકાય. આ શિવાભાવના સમગ્ર સ્તોત્રમાં વ્યાપ્ત છે. સ્તોત્રને અંતે શિવમસ્તુ શ્લોક દ્વારા શિવાભાવનાનું પ્રગટ ઉચ્ચારણ કરવામાં આવ્યું છે. આ શિવાભાવના પોતે કહે છે કે, હું શિવાદેવી, સર્વ તીર્થંકરોની માતા તમારા હૃદયનગરમાં રહેનારી છું. આ ભાવના સદા વૃદ્ધિ પામો, એ રીતે

મારું કલ્યાણ થાઓ. આ ભાવનાની વૃદ્ધિથી તમારામાં મૈત્રી આદિ ગુણોનો વિકાસ થવાથી તમારું કલ્યાણ થાઓ, સર્વે અશિવ-અકલ્યાણકારી ઘટનાઓ દૂર થાઓ અને સર્વત્ર કલ્યાણ થાઓ.

અંતે ઉપસર્ગનિવારણ અને સર્વમંગલના પાઠ સાથે બૃહત્શાંતિસ્તોત્ર પૂર્ણ થાય છે. આ બંને સ્તોત્રોમાં જૈનધર્મના અનેક રહસ્યો અંકિત થયા છે. અજીતશાંતિસ્તવમાં ત્રણ પ્રકારના ધ્યાનના માધ્યમથી આત્મામાંથી પરમાત્મા બનવાનો માર્ગ અંકિત કરવામાં આવ્યો છે. તેનું છંદવૈવિધ્ય અને વિવિધ અલંકાર રચનાઓ પણ તેની કાવ્યદૃષ્ટિએ મનોહરતામાં વૃદ્ધિ કરે છે. (આ શાંતિપાઠ ઉપનિષદોને અંતે આવતા શાંતિપાઠ સાથે અમુક અંશે સમાનતા ધરાવે છે.) બૃહત્શાંતિમાં પ્રૌઢ સંસ્કૃત ગદ્ય મોટે ભાગે પ્રયોજાયું છે. આ સ્તોત્રમાં આલેખાયેલી વિશ્વમંગલ અને સર્વકલ્યાણની ભાવના આજના યુગમાં સવિશેષ પ્રસ્તુત છે. ✷ ✷ ✷

**સંદર્ભ :** શ્રી શ્રાદ્ધ પ્રતિક્રમણ સૂત્ર (પ્રબોધ ટીકા) ભાગ ત્રીજો, ચોથી આવૃત્તિ, સંશોધક-પ. પૂ. પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિ, પ. પૂ. મુનિશ્રી કલ્યાણપ્રભ વિ.

પ્રકાશક : જૈન સાહિત્ય વિકાસ મંડળ, ૧૧૨, સ્વામી વિવેકાનંદ રોડ, મુંબઈ-૪૦૦ ૦૫૬.

[તા. ૧૧-૯-૨૦૧૫ના ૮૧મી પર્યુષણ વ્યાખ્યાનમાળામાં પ્રસ્તુત કરેલ વક્તવ્ય.]

અધ્યક્ષ, ગુજરાતી વિભાગ, મુંબઈ વિદ્યાપીઠ, કાલિના, મુંબઈ-૪૦૦ ૦૯૮.
ઈમેલ : abhaydoshi@gmail.com. ફોન : 26100235, 9892678278

## અનાજ રાહત ફંડ તેમજ કેળવણી ફંડ માટેની અપીલ

જીવનનું ધ્યેય શું? ફક્ત ખાવું-પીવું અને મોજ કરવી તે કે આપણા ખાવા-પીવા અને મોજશોખમાં બીજાને સામેલ કરવા તે?

બીજાને સામેલ કર્યા એટલે જ આપણે બીજાનો વિચાર કર્યો. એ વિચાર અને તેનો અમલ આપણા જીવનને ધન્ય બનાવે. મનુષ્યત્વ પ્રાપ્ત થાય. જે આપણને આપણા હોવાપણાનો આનંદ અપાવે. આ આનંદ ભૌતિક પણ ગુણ પારમાર્થિક. તેજ ગુણ પરાકાષ્ટાએ પહોંચે એટલે સત્-ચિત્-આનંદની અનુભૂતિ થાય.

આવા આનંદની અનુભૂતિ બધાને જ થાય એ માટે આજે 'પ્રબુદ્ધ જીવન' દ્વારા અન્ન અને કેળવણી માટેની અપીલ કરવી છે જેનો તમારા સૌ સુજ્ઞજનો તરફથી અમલ થાય એવી મહેચ્છા છે.

દરેક જૈનોના હૃદય કરુણાસભર હોય છે. દયા-દાનનો મહિમા જેટલો જૈન ધર્મમાં છે તે ક્યાંય નથી.

દાન એ તો સ્નાન છે. એનાથી પરિગ્રહ સંજ્ઞાનો મેલ દૂર થાય છે. એ મેલ દૂર થાય એ માટે લક્ષ્મીની મૂર્છા છોડવાની છે. એ મૂર્છા છોડવા આપણે સૌ કંઈક ને કંઈ યથાશક્તિ દાન કરીએ છીએ. એથી જ અમારી આગળના 'પ્રબુદ્ધ જીવન'માં કરેલી અપીલનો પ્રતિસાદ સારો મળ્યો, પણ 'આભ ફાટે ત્યાં થીંગડું ક્યાં મરાય!' જરૂરિયાત તો ઘણી જ રહે છે.

જૈન યુવક સંઘ દ્વારા આ બંને પ્રવૃત્તિ સારી રીતે ચાલે છે. ખૂબ જ ચોકસાઈપૂર્વક મદદ થાય છે. પણ મોંઘવારી બહુ હોવાથી કુટુંબ દીઠ મહિનામાં એકવાર રૂા. ૩૦૦નું અનાજ અપાય છે. ૧૦૦ કુટુંબને મદદ થઈ શકે છે. અનાજમાં ૩ કિલો ઘઉં, ૨ કિલો ચોખા, ૧ કિલો સાકર, અર્ધો કિલો તુવેર દાળ, પા કિલો મગ, પા કિલો મગની દાળ. કેટલાક નાના કુટુંબને ૧૫ દિવસ–તેમજ મોટા કુટુંબને ૮ દિવસ અનાજ ચાલે છે. મહિનાને અંતે ઘણાં કહે કે આજે રસોઈ નથી થઈ. તમારી અનાજની રાહતથી ગેસ પેટશે. ઘણા લાંબા અંતરેથી લોકો આવે છે.

ગમે તેટલી મુશ્કેલી છતાં પણ બધી બહેનો પોતાના બાળકોને ભણાવવાની ખૂબ જ ઈચ્છા રાખે છે. તે માટે બહુ મુશ્કેલી પડે છે. ઠેકઠેકાણે જઈને બંદોબસ્ત કરે છે. વ્યાજે પૈસા લે. છતાં પણ વર્ષના અંતે નિરાશ થતા કહે કે પૂરી ફી ન ભરવાથી રીઝલ્ટ નથી આપતા

અમારા કામથી પ્રભાવિત થઈને અમારા સંપર્કમાં આવતી લાયન્સ કલબની બહેનો તેમજ રોટરી કલબની બહેનો પોતાના પ્રોજેક્ટ આપણી સંસ્થામાં કરે છે. લાયન્સ કલબની બહેનોએ ૯૦,૦૦૦ રૂા. નો ચેક અનાજ રાહતમાં આપ્યો. રોટરી કલબની બહેનોએ દિવાળીમાં બધાને નવી સાડી આપી.

આ સાથે બાળકોને નોટબુક-દવા કમિટીના બહેનો તરફથી અપાય છે. આ માટે જે બહેનો અમને ઓળખે છે તેઓને અમારામાં વિશ્વાસ હોવાથી યથાશક્તિ ફાળો આપે છે.

અંતે આપણે બધા એક જ પ્રાર્થના કરીએ કે-
હે પ્રભુ સુખ જ્યાં મળે, જ્યારે મળે બીજાનો વિચાર દે.
'સાંઈ ઈતના દિજીએ જામે કુટુંબ સમાય
મૈં ભી ભૂખા ના રહું સાધુ ન ભૂખા જાય.'

**–રમા વિનોદ મહેતા - ૯૬૧૯૧ ૯૫૯૩૮**
**–ઉષા પ્રવીણ શાહ - ૯૮૧૯૭ ૮૨૧૯૭**
**–પુષ્પા ચંદ્રકાંત પરીખ - ૦૨૨ ૨૩૮૭૩૬૧૧**
**–વસુબેન ભણશાલી - ૯૮૨૧૧ ૬૮૩૧૯**

ગાંધી વાચનયાત્રા

# ‘બિલવેડ બાપુ’

## એક અનન્ય મૈત્રી–મહાત્મા અને મીરા

□ સોનલ પરીખ

## (૨)
## મહાત્માની મીરા

**(ઑક્ટોબર ૨૦૧૫ના અંકથી આગળ)**

આશ્રમના એક ખૂણે મિસ સ્લેડ માટે એક ઝૂંપડી તૈયાર કરવામાં આવી હતી. એક ઓરડો, વરંડો, બાથરૂમ. ઓરડામાં ખુરશી-ટેબલ અને પલંગ. ‘આ બધાની જરૂર નથી.’ મિસ સ્લેડે કહ્યું, ‘મેં જમીન પર સૂવાબેસવાની ટેવ પાડી છે.’

ખુરશી-ટેબલ વગેરે પાછું મોકલાવી દીધું. એક ઢાળિયું, બે ચટાઈ અને એક ગાદલું આટલું રાખ્યું. બાપુએ તકલી અને પૂણી આપ્યાં હતાં. ‘કાંતતા શીખી જજે.’ તેને માટે અને હિન્દી શીખવા માટે શિક્ષકો રખાયા. છેલ્લે પાયખાના સફાઈ શીખવવા માટે શાંતિ નામના યુવાનને સૂચના આપી. ઊઠવાનો, પ્રાર્થનાનો, કામનો, સૂવાનો, સમય સમજાવ્યો.

પહેલે દિવસે ચાર વાગ્યે નિત્યક્રમ શરૂ થયો. પ્રાર્થના પતાવીને ઊઠ્યાં ત્યાં શાંતિ આવ્યો, ‘ચાલો, બહેન.’ પહેલા પહોંચેલી ટુકડી જાજરૂના ડબ્બા એક ખાડામાં ખાલી કરી માટી વાળતી હતી. મેડલિન અને શાંતિએ સાવરણાથી જમીન ધોઈ નાખી.

સવારથી રાત સુધી કામ ચાલ્યા કરતું. મેડલિન ઉત્સાહથી બધું શીખતી, કરતી; પણ મન ઝંખતું બાપુના સાન્નિધ્ય માટે. એવો સમય ઓછો જ મળતો. રાત્રે બાપુ આંગણામાં ખુલ્લા આકાશ નીચે પોતાના ખાટલામાં આડા પડે, બા માથે તેલ ઘસી આપતાં હોય ત્યારે મેડલિન તેમની બાજુમાં જમીન પર બેસે. મૌન સાન્નિધ્યમાં મેડલિનનો દિવસભરનો થાક ઓગળતો જાય.

આમ મેડલિન ગોઠવાવા લાગી. થોડા દિવસ થયા ત્યાં ખબર આવ્યા કે લંડનના ‘સનડે ક્રોનિકલ્સ’માં તેના વિશે ઘસાતું છપાયું છે. આ જ લેખ ફરી પાછો ‘ઈન્ડિયન ડેઈલી મેલ’માં પણ છપાયો ત્યારે મેડલિને જાહેર નિવેદન કર્યું: *‘મારા પર મિત્રો, સગાસંબંધીઓ કે ધર્મ છોડવાનું કોઈ દબાણ થયું નથી. આ નિર્ણય મારો પોતાનો છે. મેં સ્વેચ્છાએ પુસ્તકો સિવાયની મિલકત છોડી છે. ગાંધીજીએ મને ભારતમાં આવવાનું આમંત્રણ કે ઉત્તેજન આપ્યું નથી. તેમણે તો મને ઉતાવળ ન કરવા અને રાહ જોવા કહ્યું હતું. નિર્ણય લીધા પછી મને કોઈ સોગંદથી બાંધવામાં આવી નથી. મારો આત્મા અહીં શાંતિ પામે છે માટે હું અહીં છું.’*

બે અઠવાડિયા થયાં. સાબરમતી આશ્રમમાંથી રોમાં રોલાં પર બે પત્રો ગયા. એક મેડલિનનો હતો: *‘બાપુ દેવદૂત સમા છે. તેમની શિષ્યા થવા જેવું કોઈ સુખ નથી.’* બીજો મહાત્મા ગાંધીએ લખ્યો હતો: *‘મેડલિનના રૂપમાં તમે મને બહુ મોટી ભેટ આપી છે. એ છોકરીએ મારામાં પિતૃત્વ જગાડ્યું છે.’*

x x x

આશ્રમજીવન ધાર્યા કરતા જુદું હતું, અઘરું હતું. જાતજાતના જિદ્દી વૈરાગીઓથી માંડી સંસારી કુટુંબો આશ્રમમાં રહેતાં. સ્ત્રીઓ મોટેભાગે પતિની પાછળ આવેલી હતી. પુરુષો ગાંધીજીથી જુદાં જુદાં કારણોથી આકર્ષાયા હતા. આશ્રમ એટલે દુનિયાના રોજિંદા ખેલનો જાણે નાનો નમૂનો. આ તખતા પર ગાંધીજીના વિચારોના અખતરા ચાલતા. કડક નિયમો હતા. નૈતિક ધોરણનું મોટું મહત્ત્વ હતું. હાથે કાંતેલી ને વણેલી ખાદી જ પહેરવાની. ખાવાપીવાની ખૂબ સાદાઈ. આ બધાને લીધે વાતાવરણ તંગ રહેતું. માત્ર બાપુ શાંત રહેતા. થોડાં જ અઠવાડિયામાં મેડલિનને જાતજાતના અનુભવ થયા. ભાષા અને આચારવિચારની મુશ્કેલીને લીધે મેડલિન ખાસ હળતીભળતી નહીં. આમ પણ સવારની પ્રાર્થનાથી માંડી સાંજની પ્રાર્થના વચ્ચેનો સમય પૂણીઓ બનાવવી, કાંતવું, હિંદી શીખવું, અંગ્રેજી શીખવવું, પાયખાના સફાઈ, દર્દી હોય તો તેની સારવાર ઉપરાંત પોતાનું રાંધવું, સફાઈ, કપડાં ધોવાં, ખાવું-આ બધામાં ઝડપથી સમય ચાલ્યો જતો. સાંજે થોડી મિનિટો બાપુ પાસે વીતતી. બધું આકરું લાગતું, પણ બાપુ પ્રત્યેની ભક્તિને કારણે સહી શકાતું. મેડલીન મનને કહેતી, ‘બધું સારું છે. મને ગમે છે.’ મન માનતું નહીં. આબોહવા પણ સદતી ન હતી. થોડા થોડા દિવસે મેડલિન બિમાર પડી જતી.

મેડલિન ઇંગ્લેન્ડથી સિવડાવીને લઈ આવેલી તે ખાદીનાં વસ્ત્રો પહેરતી. અનસૂયા સારાભાઈએ તેને સાડી પહેરતા શીખવ્યું. મેડલિન ઉત્સાહથી કોરવાળી ખાદીની સાડી પહેરી બાપુ પાસે ગઈ. બાપુનો પ્રતિભાવ ઠંડો હતો. ‘બહુ મન થતું હોય તો ખાદીની સાડી પહેરવી. પણ

*‘મારો આત્મા અહીં શાંતિ પામે છે માટે હું અહીં છું.’*

*ગાંધીજીએ પોતે તેના વાળ કાપી આપ્યા. કહ્યું, 'આજથી તારું નામ મીરા.'*

કોરવાળી નહીં, સફેદ પહેરવી.' વિલાયતી પહેરવેશ છોડવાની અધીરાઈ બાપુને ગમી ન હતી. કોઈ પણ ઊતાવળું પગલું તેમને ગમતું નહીં. મેડલિને ત્યાર પછી ઓઢણીની જેમ ખાદીનું વસ્ત્ર પહેરવા માંડ્યું. વાળ કાપવા અને બ્રહ્મચર્યવ્રત લેવા હવે મેડલિન ઉત્સુક બની. બાપુએ થોડો વખત રોકાવાનું કહ્યું ને સમજાવ્યું કે બ્રહ્મચર્યવ્રતમાં દરેક જાતના સંયમનો સમાવેશ થતો હતો. મેડલિને બધું સાંભળ્યું. તે પછી પણ તેનો આગ્રહ જોઈ ગાંધીજીએ સંમતિ આપી. મેડલિને વ્રત લીધું. ગાંધીજીએ પોતે તેના વાળ કાપી આપ્યા. કહ્યું, 'આજથી તારું નામ મીરા. મીરા રાજસ્થાનની સંત કવયિત્રી અને રાજરાણીનું નામ છે.'

૧૯૨૬માં મીરાબહેને ગાંધીજીના એક સાથીને કહેલું, *'બાપુ બહુ સખત છે. કઠોર પણ છે. તેમનો ચરખો સંભાળવા સિવાય બીજું કોઈ અંગત કામ કરવા દેતા નથી. તેમનો હુકમ છે કે સોંપાયેલાં કામ પૂરા કરી મારે હિન્દી, રસોઈ, કાંતવાનું શીખવું, ને આ બધું ન આવડે ત્યાં સુધી તેમની સેવા ન કરવી.'*

આશ્રમના વિદ્યાર્થીઓની ગેરવર્તણૂંક બદલ ગાંધીજીએ અઠવાડિયાના ઉપવાસ પર ઊતરવાનું નક્કી કર્યું ત્યારે મીરાબહેન અકળાયાં, કચવાયાં. બાપુ એ સમજતા હતા. તેમણે કહ્યું, 'મીરા, તને આઘાત લાગ્યો છે તે હું સમજું છું. પણ તારે શાંત રહીને રોજનું કામ કરવાનું છે.' રોજ તેઓ કોઈ સંદેશ, કોઈ ચિઠ્ઠી મીરાબહેન પર લખતા અને ધીરજ આપતા, સૂચનો કરતા. આ પત્યું કે તરત તેઓ વર્ધા ગયા. આ બીજો આઘાત હતો. બાપુ વિનાનો આશ્રમ મીરાબહેન કલ્પી પણ નહોતા શકતાં. આશ્રમના લોકો સાથે મીરાબહેન ખાસ હળતાંભળતાં નહીં. દિવસભર પરિશ્રમ કરતાં અને બાપુને પત્રો લખી હૈયું ઠાલવતાં. બાપુ પણ ઉષ્માભર્યા પ્રત્યુત્તર આપતા. વચ્ચે વચ્ચે વર્ધા લઈ જતા. વર્ધાનો આશ્રમ વિનોબાની દેખરેખ નીચે ખૂબ વ્યવસ્થિત ચાલતો. આદર્શોનું સારું પાલન થતું. મીરાબહેન કહે, 'આપણા સાબરમતી આશ્રમમાં આવું ન થાય?' બાપુ કહે, 'ના. ઉત્તમને વીણી લેવા ને નબળાને બાજુ પર મૂકવા તેમ ન ચાલે.' મીરાબહેનને સમજાયું કે વિશ્વકલ્યાણના સિદ્ધાંતને અમલમાં મૂકવા તમામ પ્રકારના માણસોને સાથે લેવા જોઈએ.

મુસાફરીઓમાં મીરાબહેનને બાપુના પ્રભાવનો પૂરો ખ્યાલ આવતો. સ્ટેશને સ્ટેશને લોકોનાં ટોળાં ઊમટે. 'મહાત્મા ગાંધીની જય'ના ઘોષ થાય. લોકોને માટે બાપુ તારણહાર હતા, તેમની આશાઓના આધારસ્તંભ હતા. બાપુ હાથ જોડી શાંત, પણ જરા કડક ચહેરા સાથે બે હાથ જોડી નમ્રતાથી અભિવાદન સ્વીકારતા. આ બધું જોઈ મીરાબહેન અભિભૂત થતાં.

પણ આવું તો ક્યારેક થાય. બાપુ વારંવાર પ્રવાસે જાય ત્યારે મીરાબહેનને ઘણું વસમું લાગે. ભર્યા આશ્રમમાં એકલતા લાગે. તેઓ આ ખાલીપણા સામે ટક્કર ઝીલે, પણ સહન કરી ન શકે. પત્રોમાં આ બધું ઠલવાય. બાપુ લખે, *'આ આસક્તિ છે. વિયોગ તો એક મોકો છે મોટા વિયોગ–મૃત્યુ માટે તૈયાર થવાનો.'* અનાસક્તિની તાલીમ મીરાબહેનને ખૂબ ભારે પડે. બાપુ આશ્રમમાં હોય ત્યારે પણ મીરાબહેને પહેલા પોતાનું કામ પતાવવું ને તે પછી જ, રજા લઈને જ આવવું તેવો નિયમ રાખે. મીરાબહેનને આ નિયમ પણ બહુ આકરો લાગે.

x x x

મીરાબહેન અને બાપુ બંને પત્રલેખનકળામાં કુશળ હતા. તેમના પત્રો, પત્રસાહિત્યની દૃષ્ટિએ પણ મૂલ્યવાન, માણવા જેવા છે. બાપુએ લખ્યું છે, *'જો તારાથી ન રહેવાય તો મારી પરવાનગીની પરવા કર્યા વિના ચાલી આવવું.'* પછીના જ પત્રમાં *'મારે તને તું જે નથી, તે નથી બનાવવી. હું તને તારે જે થવું જોઈએ તે બનાવવા માગું છું.'* મીરાબહેનના પત્રો બાપુ આશ્રમની બહેનોને વંચાવતા. કહેતા, 'મીરા આદર્શ સેવિકા છે.'

ગાંધીજીની વાતને મીરાબહેનની બુદ્ધિ સમજતી, હૃદય ન સ્વીકારતું. પોતાના સ્વભાવમાં રહેલા સ્વાતંત્ર્યને કચડીને મીરાબહેને પોતાના સુખદુઃખ બાપુના હાથમાં સોંપી દીધા હતાં. જિંદગીમાં કદી તેમણે આવું કર્યું ન હોત, પણ બાપુ પ્રત્યેનો ભક્તિપૂર્ણ પ્રેમ તેમની પાસે આવું કરાવતો. છતાં તેનાથી તેમના મનમાં એક તાણ પણ ઊભી થતી. બાપુ લખે છે, *'તારા સુખદુઃખને મારા પર ન ટિંગાડ. અલિપ્ત થવાની કોશિશ કર.'* દરેક પત્રમાં બાપુ આ જ વાત કહેતા. એક વાર બાપુ બીમાર હતા ત્યારે મીરાબહેને લખ્યું, *'મને પત્ર લખવાનો શ્રમ ન લેશો. ફક્ત કોઈ દ્વારા ખબર મોકલશો.'* ત્યારે ગાંધીજીએ લખ્યું, *'તને પ્રેમભર્યા પત્રો લખવાના આનંદથી હું વંચિત રહેવા નથી માગતો.'*

x x x

મીરાબહેન એટલું સમજી ગયા હતાં કે બાપુની નિકટ રહેવું હોય, તેમને વધુ મદદરૂપ થવું હોય તો હિન્દુસ્તાની ભાષા શીખવી પડશે. આનો અર્થ એ હતો કે બાપુ પોતાને સાબરમતીના ગુજરાતીભાષી વાતાવરણથી દૂર, દિલ્હીના દરિયાગંજના કન્યા ગુરુકુળમાં મોકલવા માગતા હતા, ત્યાં જવા તૈયાર થવું. બાપુએ તે વખતે એક વર્ષ માટે આશ્રમમાં રહેવાનું ઠરાવ્યું હતું. સમૂહ રસોડું શરૂ થયું હતું. ખોરાકના પ્રયોગો ચાલતા હતા.

આશ્રમમાં આવ્યાને એક વર્ષ પૂરું થયું ત્યાં મીરાબહેનના પિતાજીના મૃત્યુના સમાચાર આવ્યા. બીજું

*'તને પ્રેમભર્યા પત્રો લખવાના આનંદથી હું વંચિત રહેવા નથી માગતો.'*

વર્ષ ચાલુ થયું હતું ત્યાં બાપુએ તેમને દિલ્હીના કન્યાગુરુકુળમાં મોકલી આપ્યાં. હિન્દી શીખવાનું અને કાંતણપીંજણ શીખવવાનું. ત્યાંથી તેઓ હરદ્વારના કાંગડી ગુરુકુળમાં ને પછી રેવારીના ભગવદ્ભક્તિ આશ્રમમાં ગયાં.

**પ્રેમ પોતાનો માર્ગ શોધે છે–**
**તત્ત્વજ્ઞાન પાસે ઝુકવા રાજી થતો નથી.**

વિયોગ વસમો હતો. ખૂબ વસમો. આ તરફ આશ્રમોમાં ગેરવહીવટ, કલાવિમુખતા, શુષ્કતા અને મીરાબહેનની પ્રકૃતિને અનુકૂળ ન આવે તેવું ઘણુંબધું હતું. તેઓ તેમાં સુધારો કરવા ઈચ્છતા હતાં. ગાંધીજીએ લખ્યું, *'તું સાચી છે, પણ અત્યારે તારે તારાં કર્તવ્યો પર ભાર મૂકવાનો છે. તું ત્યાં હિન્દી શીખવા, નિરીક્ષણ કરવા અને અનુભવ લેવા ગઈ છે – તેમને સુધારવા કે શીખવવા નથી ગઈ. તેમને પ્રત્યક્ષ ઉપદેશ દેવા કરતા આચરણ એવું રાખવું કે જેથી તેમને સુધરવાની પ્રેરણા મળે.'*

ગાંધીજી અનાસક્તિ વિશે લંબાણથી લખતા. સાથે લખતા, *'આમ તો સ્વેચ્છાએ સ્વીકારેલો કોઈ પણ કાર્યક્રમ અધૂરો છોડવો ન જોઈએ. પણ જો તું લાગણીની ભીંસ અનુભવે અને તારું મન તાણગ્રસ્ત થાય તો તું કાર્યક્રમ અધૂરો મૂકીને પાછી આવી શકે.'* કેમ કે *'તારી તંદુરસ્તી અભ્યાસ કરતા ઘણી વધારે જરૂરી છે.'* પોતાની ઈચ્છાઓ અને તંદુરસ્તી બાબત મન પર પથ્થર મૂકી શકતાં મીરાબહેન બાપુની બીમારીની ખબર આવે ત્યારે વિહ્વળ થઈ જતાં. મન બેકાબૂ બની બાપુની પરિચર્યા કરવા ઝંખતું. તેઓ જાણતાં કે બાપુ એવું ઈચ્છતા નથી, છતાં તેવી ઈચ્છા વ્યક્ત કરતાં. દોડી પણ જતાં. ગાંધીજી ઠપકો આપતા. મીરાબહેનનું હૃદય તૂટી જતું. કહેતાં કશું નહીં; લખતાં, *'બાપુ, મારા પ્રિય બાપુ, હું પોતાની સાથે દલીલ અને તર્ક કરું છું. છતાં એવો તબક્કો આવે છે જ્યારે પ્રેમ પોતાનો માર્ગ શોધે છે–તત્ત્વજ્ઞાન પાસે ઝુકવા રાજી થતો નથી.'*

૧૯૨૯ના એક પત્રમાં બાપુએ મીરાબહેનની આ આસક્તિને 'રોગ' કહી ધુત્કારી: *'તું મૂર્તિપૂજક થઈ ગઈ છે. મારી હાજરીની આટલી શી ઘેલછા? શા માટે આવી અસહાય શરણાગતિ? શા માટે મને ખુશ કરવાના આટલા પ્રયત્નો? શા માટે સ્વતંત્ર અસ્તિત્વ નહીં?' 'તારા રોગના લક્ષણોને તું દબાવ્યા કરે છે. તેના મૂળમાં જઈ ઈલાજ કરતી જ નથી.'*

એક વાર લાંબા વિયોગ પછી બાપુને જોઈ મીરાબહેન રડી પડ્યાં. બાપુએ ગુસ્સે થઈ તેમને રેવારી મોકલી આપ્યાં. પછી પત્ર લખ્યો, *'તારાથી જુદા પડવું મુશ્કેલ હતું કેમ કે મેં તને દુઃખી કરી હતી. પણ એ અનિવાર્ય હતું. તું પૂર્ણ સ્ત્રી બને તેમ હું ઈચ્છું છું. સાબરમતી આશ્રમ તારું ઘર છે. પણ તું જ્યાં રહે તે તારું ઘર બનવું જોઈએ. તારી લાગણીવશતા ફેંકી દે. હું ફક્ત આ શરીરમાં જ હોઉં તેમ ન વર્ત. મારો આત્મા તારી સાથે જ છે. તેની હાજરીનો અનુભવ તને ત્યારે જ થશે જ્યારે તું અનાસક્ત થશે. હું તારી જગ્યાએ હોઉં તો એ માર્ગે જાઉં.' 'તારા વ્યક્તિત્વને સલામત રાખ.'*

મીરાબહેનને થતું, એક તરફ મારું વ્યક્તિત્વ સલામત રાખવાનો આગ્રહ છે અને બીજી તરફ જો હું મારા વ્યક્તિત્વ મુજબ વર્તું છું તો નારાજગી પણ છે. તેઓ ગૂંચવાતાં, ભૂલો કરી બેસતાં. સંબંધોની પ્રારંભિક મીઠાશ ફિક્કી પડવા લાગી. સ્પષ્ટ દેખાયું કે બંનેની એકબીજા માટેની અપેક્ષા જુદી જુદી હતી. આ ગાળામાં મીરાબહેનને વારંવાર ગાંધીજીથી જુદા રહેવાનું આવ્યું. તેઓ પત્રોમાં પોતાનું હૃદય ઠાલવતા રહ્યાં. **સાત મહિનાના ગાળામાં તેમણે બાપુને ત્રેપન લાંબા પત્રો લખ્યા હતા!** બાપુ દરેકનો જવાબ આપતા. જો કે પત્રો, પ્રત્યક્ષ મુલાકાતનો વિકલ્પ ન બની શકતા. ઉપરથી સ્વીકાર અને અંદરથી ઈન્કારની તાણ અંતે મીરાબહેનને બીમાર પાડતી. ત્યારે પછી બાપુ તેમને બોલાવી લેતા.

મીરાબહેન દૂર હોય ત્યારે ગાંધીજી 'યંગ ઈન્ડિયા'માં હપ્તાવાર છપાતી પોતાની આત્મકથાના અંગ્રેજી પ્રૂફ મીરાબહેનને સુધારવા માટે મોકલતા. મીરાબહેનની દૃષ્ટિ અને ભાષા પર બાપુનો એટલો ભરોસો હતો. ઉપરાંત *'ખાવાનું પચે છે? શું ખાય છે? શું કામ કરે છે? કયા સમયે જમે છે? ચાલવા જાય છે? મચ્છર છે?'* આવું ઘણું બધું પૂછતા. મીરાબહેન જ્યાં હોય ત્યાં 'નવજીવન' અને 'યંગ ઈન્ડિયા' પહોંચાડતા. *'ખર્ચની વધુ પડતી ચિંતા કે તે માટે માફી માગવી એવું ન કર. સેવા કરનારે શરીરને સ્વસ્થ રાખવું જોઈએ અને તે માટે ફળ ખાવાં જરૂરી છે.' 'માનવતાનાં તારાં કાર્યો મને ગમે છે. ચાલુ રાખજે.' 'તું પોતા પ્રત્યે ઘણી કડક છે અને તારે માટે અજાણ્યા એવા વાતાવરણમાં છે, તેથી મને તારી ચિંતા રહે છે. તારે સંતુલન ગુમાવવાનું નથી.' 'પ્રતિજ્ઞા લંગર જેવી છે. જીવનનું નિયમન કરે છે. તેના વિના જીવન અરાજક, દિશાહીન બને છે. પણ જ્યાં સુધી અંદરથી આદેશ ન આવે, ત્યાં સુધી પ્રતિજ્ઞા લેવી નહીં.' 'હિન્દી શીખવું અને ચરખો શીખવવો એ બે એકસાથે મુશ્કેલ થાય છે, તે હું જોઉં છું.'* બાપુના પત્રોમાં કાળજી ટપકતી.

## 'બીલવેડ બાપુ'

ધી ગાંધી-મીરાબેન કોરસપોન્ડન્સ
પરિચય અને સંકલન – ત્રિદીપ સુહૃદ, થોમસ બેબર
પ્રકાશક : ઓરિએન્ટલ બ્લેક સ્વાન પ્રા. લિ.
૧/૨૪, અસફઅલી રોડ, ન્યૂ દિલ્હી-૧૧૦૦૦૨.
Email : delhi@orientalblackswan.com
પ્રથમ આવૃત્તિ-૨૦૧૪, પૃષ્ઠ ૫૩૫. કિંમત રૂા. ૯૫૦.

મીરાબહેને બાપુને બિથોવન વિશે લખ્યું, પોતે રોમાં રોલાંના પુસ્તકનું ભાષાંતર કરવા ઈચ્છે છે તે પણ જણાવ્યું. બાપુએ લખ્યું, *'બિથોવનનું સંગીત તારા માટે સારું આધ્યાત્મિક પોષણ છે. તું તેને ભૂલી ન જતી. તને મારા તરફ લઈ આવનાર, અને તું જેની આટલી આદરભક્તિ કરે છે તે બિથોવનના સંગીતને તું ભૂલી જાય તો તે પોતાની સાથે અન્યાય કરવા જેવું થશે.' 'રોમાં રોલાંના પુસ્તકનું ભાષાંતર જરૂર કર, પણ શાંતિમાં સ્થિર થવું સૌથી વધુ અગત્યનું છે. રેવારી છોડે તે પહેલાં તું તારી પૂર્ણ ઊંચાઈને પ્રાપ્ત કર તેમ હું ઈચ્છું છું.'*

એક વાર ગાંધીજીની તબિયત બગડી ત્યારે મીરાબહેને તાર કર્યો, *'બાપુ, વહાલા બાપુ, તમે મારા માતાપિતા, મારું સર્વસ્વ છો. મારી નિર્બળતાઓ માટે મને ગમે તેટલી શરમ આવે, મારે મારું હૃદય તમારી સામે ખોલવાનું જ છે. હું તમારામાં જ જીવું છું. તમારામાંથી જ પ્રેરણા મેળવું છું, તમને જ નિઃસીમપણે ચાહું છું.'*

બાપુ, *'ચિ. મીરા'* એવું સંબોધન કરતા, નીચે લખતા, *'યોર્સ, બાપુ'*. મીરાબહેન *'બિલવેડ બાપુ'* સંબોધન કરતાં અને *'યોર એવર ડિવોટેડ ડૉટર, મીરા'* એવી સહી કરતાં.

રેવારી આશ્રમમાં મીરાબહેન અને તેમની એક સાથીને બળજબરીથી ભાંગ પાવાનો પ્રયત્ન થયો હતો. મીરાબહેને તેનો સામનો કર્યો. બાપુ ખુશ થયા. સાથે દુઃખી પણ થયા કે આશ્રમ જેવી જગ્યાએ આવું બન્યું. હિન્દી ભાષા પર ભાર હતો જ. મીરાબહેન હિન્દીમાં પત્ર લખે તે બાપુને ઘણું ગમતું. તેઓ આનંદ વ્યક્ત કરે, સુધારી પણ આપે. માસિક અટકાવ દરમ્યાન અલગ રહેવાનું આશ્રમનું ધોરણ મીરાબહેનને બિલકુલ પસંદ ન હતું. તેની ચર્ચા પણ બાપુ સાથે થતી – મીરાબહેનનું ઔપચારિક શિક્ષણ ઓછું હતું તેની પણ અને દેશની રાજકીય પરિસ્થિતિની પણ.

સાયમન કમિશન આવ્યું હતું. પરિસ્થિતિ તંગ હતી. આશ્રમમાંથી બહાર નીકળી ગામડામાં કામ કરવાનો વખત આવી ગયો હતો તેવું મીરાબહેનને લાગતું હતું. બાપુની સંમતિથી તેઓ બિહારમાં રાજેન્દ્રબાબુના હાથ નીચે ખાદી કાર્યકરોને તૈયાર કરવા લાગ્યાં. લોકોને કાંતતાં-પીંજતાં શીખવતાં. ભારતનાં ગામડાઓની દારુણ ગરીબી જોઈ મીરાબહેનને બાપુનું દુઃખ સમજાયું. ખાદી-પશુપાલન-ગ્રામોદ્યોગની અહીં કેટલી જરૂર હતી તે પણ ખ્યાલ આવ્યો.

એ ઊનાળામાં બાપુએ ખાદીકામની યાત્રા આરંભી. મીરાબહેન તેમની સાથે હતાં. બાપુની અંગત જરૂરિયાતો તેઓ સાચવતાં. તેમનું રહેવાનું, સફાઈ, ખોરાકનો જે પ્રયોગ ચાલતો હોય તે મુજબ ચીજો મેળવવાની અને રાંધવાનું, બકરીના દૂધની વ્યવસ્થા, કપડાં ધોવાનાં – મીરાબહેન એટલા વ્યસ્ત રહેતાં કે બાપુની સભાઓમાં હાજરી આપી ન શકતાં. ભાષણ પૂરું થાય પછી ફાળો ભેગો કરવા ક્યારેક જતાં. લોકો ખૂબ આવતા. પહેરેલો દાગીનો ઉતારીને ઝોળીમાં મૂકી દેતા. ગરીબો વધારે આપતા. તેમનો ભાવ જોઈ મીરાબહેનનું મન ભરાઈ આવતું. બાપુ એક એક પૈસાનો ચીવટપૂર્વક હિસાબ રાખતા. સાચવીને વાપરતા. સેવા કરનારે સ્વૈચ્છિક ગરીબી અપનાવવી જોઈએ તેવો બાપુનો આગ્રહ પણ મીરાબહેનને સમજાયો. જો એવો આગ્રહ ન હોય તો જનતાના પૈસાનો દુરુપયોગ થાય. પૂર્ણ સ્વરાજનો ઠરાવ પસાર થયો એ લાહોર કોંગ્રેસમાં પણ બાપુ સાથે મીરાબહેન હતાં. ભારત આવ્યાને પાંચ વર્ષ થવા આવ્યા હતાં. બાપુ સાથેના, બાપુના વિયોગના, બાપુની કસોટીના આ પહેલા તબક્કાએ મીરાબહેનનું વિશ્વ પલટી નાખ્યું હતું. પણ સંઘર્ષનો, પીડાનો તબક્કો હવે શરૂ થવાનો હતો.

(વધુ આવતા અંકે)

મો. : 09221400688

✶✶✶

## સાન ફ્રાન્સિસ્કોમાં બોટલનું પાણી બંધ

અમેરિકાનું સાન ફ્રાન્સિસ્કો એક માત્ર એવું શહેર બની ગયું છે જ્યાં જાહેરસ્થળો પર બંધ બોટલનું પાણી ખરીદવું અને વેચવું હવે ગુનો છે. અહીંના સ્થાનિક પ્રશાસને વધુમાં વધુ લોકોને પીવાનું પાણી ઉપલબ્ધ કરાવવા માટે અને પાણીનો થતો બગાડ રોકવા માટે આ કાયદો બનાવ્યો છે. આનો એક મહત્ત્વનો ઉદ્દેશ પર્યાવરણની સુરક્ષા કરવાનો છે. આ કાયદાને ત્યાં ૧૧.૦ના મતથી પસાર કરવામાં આવ્યો. દુનિયામાં મોટી માત્રામાં પ્લાસ્ટિકની બોટલો રસ્તાઓ કે ખાલી મેદાનોમાં ફેંકવામાં આવે છે, જેનાથી ગંદકી થાય છે, બીમારીઓ ફેલાય છે. ફક્ત સાન ફ્રાન્સિસ્કોમાં જ વર્ષમાં એકથી દોઢ કરોડ પ્લાસ્ટિકની બોટલો એકઠી કરવામાં આવે છે.

પર્યાવરણને તંદુરસ્ત બનાવવા માટે આ પગલું ભરનાર સાન ફ્રાન્સિસ્કો દુનિયાનું પ્રથમ શહેર છે. વર્ષ ૨૦૨૦ સુધી અહીં 'ઝીરો વેસ્ટ'નું લક્ષ્ય નક્કી કરવામાં આવ્યું છે. પ્રશાસનના બોર્ડ ઓફ સુપરવાઈઝરે એક પ્રસ્તાવમાં કહ્યું છે કે તેઓ આને આખા દેશમાં લાગુ કરવાની કોશિષ કરશે. અહીં વર્ષ ૨૦૦૭માં એક એવો કાયદો પસાર કર્યો હતો, જેને હવે સ્થાયી રૂપ આપવામાં આવ્યું છે. જો કે મેરેથોન, અન્ય રમત પ્રવૃત્તિઓમાં તથા હવાઈમથક પર આ કાયદો લાગુ નહીં પડે. કોકા-કોલા અને પેપ્સીકો જેવી કંપનીઓએ આ કાયદાનો વિરોધ કર્યો, પરંતુ તેમની દલીલો રદબાતલ કરવામાં આવી.

('ગોરક્ષાપાત્ર'માંથી)

# શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા

# ૮૧ મી પર્યુષણ વ્યાખ્યાનમાળાનું આયોજન

**(તા. ૧૦ સપ્ટેમ્બર ૨૦૧૫ થી તા. ૧૭ સપ્ટેમ્બર ૨૦૧૫)**

## બીજો દિવસ : તા. ૧૧-૯-૨૦૧૫ : વ્યાખ્યાન - ત્રણ

**• વિષય : બ્રહત્ શાંતિ અને અજિત શાંતિ સ્તોત્રનું રહસ્ય • વક્તા : ડૉ. અભય દોશી •**

**ગુણવંત મહાપુરુષોના ગુણકીર્તનથી આપણને તેઓની ગુણસંપત્તિ પ્રાપ્ત થાય છે.**

[ ડૉ. અભય દોશી મુંબઈ વિદ્યાપીઠમાં ગુજરાતી વિભાગના વડા તરીકે છેલ્લા છ વર્ષથી સેવા આપે છે. તે પૂર્વે મીઠીબાઈ કૉલેજમાં ગુજરાતીના પ્રાધ્યાપક તરીકે ૧૬ વર્ષ સેવા આપી છે. 'ચોવીશી : સ્વરૂપ અને સાહિત્ય' એ વિષય સાથે પીએચ.ડી.ની ઉપાધિ મેળવી છે. તેમણે જ્ઞાનવિમલ સજ્ઝાય સંગ્રહ, શત્રુંજય ગિરિરાજ પૂજા, અહદ્ ભક્તિસાગર અને જૈન રાસવિમર્શ પુસ્તકો લખ્યા છે. 'પ્રબુદ્ધ જીવન'ના નવપદ અને જૈનતીર્થના અંકોનું સંપાદન કર્યું હતું. ફોન નં. : 09757197423.]

આ પૂરું વક્તવ્ય આ અંકમાં પ્રકાશિત છે. જિજ્ઞાસુને વાંચવા વિનંતી. ઉપરાંત પ્રથમ દિવસનું ડૉ. છાયાબેન શાહનું વક્તવ્ય પણ આ અંકમાં પ્રકાશિત છે.

## બીજો દિવસ : તા. ૧૧-૯-૨૦૧૫ : વ્યાખ્યાન -ચાર

**• વિષય : આત્મા હૈ હી • વક્તા : ડૉ. વીર સાગર •**

**આત્માની શંકા કરે આત્મા પોતે આપ; આત્માનો શંકા કરનાર ખુદ અચરજ આ અમાપ!**

[ દિલ્હીની શ્રી લાલબહાજુર શાસ્ત્રી રાષ્ટ્રીય સંસ્કૃત વિદ્યાપીઠમાં જૈનદર્શન વિભાગના વડા ડૉ. વીર સાગર જૈને 'પંડિત દૌલતરામ કાસલીવાલ ઔર ઉનકા સાહિત્ય એ વિષય ઉપર મહાનિબંધ લખીને પીએચ.ડી. કર્યું છે. તેમણે હિન્દીના વિષય સાથે એમ.એ. અને એમ.ફિલની ડીગ્રી મેળવી છે. તેઓ હિન્દી, અંગ્રેજી, પ્રાકૃત, સંસ્કૃત, ગુજરાતી અને અપભ્રંશ વિગેરે ભાષાના જ્ઞાતા છે. ફોન : 09868888607.]

ડૉ. વીર સાગરનું હિંદી ભાષામાં આ વક્તવ્ય પણ આ અંકમાં પ્રકાશિત છે. જિજ્ઞાસુને વાંચવા વિનંતી.

## ઘર બેઠાં વ્યાખ્યાનોનું શ્રવણ કરો

- ૮૧મી વ્યાખ્યાનમાળાના બધાં જ વ્યાખ્યાનો આપ સંસ્થાની વેબ સાઈટ www.mumbai-jainyuvaksangh.com ઉપર સાંભળી શકશો.

  સંપર્ક : શ્રી હિતેશ માયાણી-મો. નં. : 09820347990

- આ વ્યાખ્યાન આપ youtube ઉપર પણ જોઈ સાંભળી શકશો.

  સંપર્ક : દેવેન્દ્રભાઈ શાહ- 09223584041

  –Shree Mumbai Jain Yuvak Sangh - -81st Paryushan Vyakhyanmala-2015

- આ બધાં વ્યાખ્યાનોની CD પણ આપ અમારી ઑફિસેથી વિના મૂલ્યે મેળવી શકશો.

**CD સૌજન્યદાતા : કાંતિલાલ રમણલાલ પરીખ પરિવાર**

**સંપર્ક :હેમંત કાપડિયા-09029275322 / 022-23820296**

વ્યાખ્યાનોનો લાભ લેવા જિજ્ઞાસુ આત્માને વિનંતિ.

–મેનેજર

# આત્મા કે અસ્તિત્વ કી સિદ્ધિ

❑ ડૉ. વીર સાગરજી

આત્મા કે સ્વરૂપ કો સમજને કે લિએ હમ જબ ભી ઉદ્યત હોતે હૈં તો સબસે પહલે હમારા સામના ઇસ વિકરાલ સમસ્યા સે હોતા હૈ કિ આત્મા કુછ હૈ ભી યા નહીં? ક્યા પ્રમાણ હૈ આત્મા કે અસ્તિત્વ કા? કિસને દેખા હૈ આત્મા કો? ઇતના વિકસિત આધુનિક વિજ્ઞાન ભી આત્મા કો ક્યોં નહીં સિદ્ધ કર પા રહા હૈ? ઇત્યાદિ-ઇત્યાદિ.

કુછ લોગ ઇન્હીં પ્રશ્નોં સે પરેશાન હોકર સ્વયં કો નાસ્તિક તક કહ દેતે હૈં. કહ દેતે હૈં કિ હમ આત્મા કો નહીં માનતે ઔર ઉસકે બાદ વે આત્મા કા સ્વરૂપ જાનને કા કભી કોઈ ઈમાનદાર પ્રયત્ન હી નહીં કર પાતે.

કિન્તુ પરેશાન હોકર કોઈ ભી ઉલ્ટી-સીધી ધારણા બના લેને સે તો કામ નહીં ચલેગા. પ્રશ્ન હૈં તો ઉનકે ઉત્તર ભી ખોજને હી હોંગે.

દરઅસલ, ઇસ જગત્ મેં દો પ્રકાર કી સત્તાએં (વસ્તુએં/પદાર્થ) હૈં-એક મૂર્તિક ઔર દૂસરી અમૂર્તિક. મૂર્તિક સત્તા, ભૌતિક હૈ, સ્પર્શ-રસ-ગન્ધ-વર્ણાદિમાન્ હૈ. અતઃ હમ ઉસે અપની ઇન્દ્રિયોં દ્વારા આસાની સે જાન લેતે હૈં, ઉસકે અસ્તિત્વ ઔર સ્વરૂપ કે સમ્બન્ધ મેં હમેં કોઈ શંકા નહીં રહતી; પરન્તુ અમૂર્તિક સત્તા, સ્પર્શ-રસ-ગન્ધ-વર્ણાદિ સે સર્વથા રહિત હોતી હૈ, ઉસે હમ-આપ કોઈ ભી કિસી ભી ઇન્દ્રિય કે દ્વારા નહીં જાન સકતે હૈં; ન તો હમ ઉસે દેખ સકતે હૈં, ન સુન સકતે હૈં, ન સૂંઘ સકતે હૈં, ન ચખ સકતે હૈં ઔર ન હી છૂ સકતે હૈં.

ઐસી સ્થિતિ મેં અમૂર્તિક વસ્તુઓં કી સત્તા કો જાનના થોડા કઠિન કાર્ય હો જાતા હૈ, કિન્તુ ધ્યાન રખના ચાહિએ કિ યહ કઠિન અવશ્ય હૈ, પર અસમ્ભવ નહીં તથા કઠિન ભી બહુત અધિક નહીં હૈ, અનભ્યાસ કે કારણ માત્ર અભી હમેં કઠિન લગતા હૈ.

આત્મા અમૂર્તિક વસ્તુ હૈ, સ્પર્શ-રસ-ગન્ધ-વર્ણાદિ સે રહિત હી હૈ, ઉસે હમ-આપ અપની કિસી ભી ઇન્દ્રિય દ્વારા નહીં જાન પાતે હૈં; અતઃ ઉસકે અસ્તિત્વ ઔર સ્વરૂપ મેં શંકા ઉત્પન્ન હોના સ્વાભાવિક હૈ, કિન્તુ ઇસ શંકા કા સમાધાન હોના કઠિન નહીં હૈ. જિસ પ્રકાર અનેક અપ્રત્યક્ષ (પરોક્ષ) વસ્તુઓં કો હમ યુક્તિ ઔર આગમ દ્વારા ભલીભાંતિ જાન લેતે હૈં, ઉસી પ્રકાર આત્મા કો ભી હમ યુક્તિ ઔર આગમ કે દ્વારા ભલીભાંતિ જાન સકતે હૈં, ભલે હી વહ હમેં કિસી ભી ઇન્દ્રિય સે નહીં જ્ઞાત હોતા હૈ.[1]

યુક્તિ ઔર આગમ કો ભી, વસ્તુ કા જ્ઞાન કરાને મેં ઈન્દ્રિયોં સે કમ ઉપયોગી અથવા કમ પ્રામાણિક નહીં માના જા સકતા. જિસ પ્રકાર ઇન્દ્રિયાં વસ્તુઓં કા જ્ઞાન કરાને મેં સહાયક હોતી હૈં, ઉસી પ્રકાર યુક્તિ ઔર આગમ ભી વસ્તુઓં કા જ્ઞાન કરાને મેં બડે સહાયક હોતે હૈં.

ઇતના હી નહીં, યદિ ઐસા ભી કહા જાએ કિ યુક્તિ ઔર આગમ તો વસ્તુસ્વરૂપ કો જાનને હેતુ ઇન્દ્રિયોં સે ભી અધિક પ્રામાણિક સાધન હૈં તો અનુચિત નહીં હોગા, ક્યોંકિ અનેક બાર ઇન્દ્રિયોં સે ગલત જ્ઞાન હોતે હુએ હમ દેખતે હી હૈં ઔર તબ યુક્તિ એવં આગમ સે હુએ જ્ઞાન કો હી પ્રામાણિક માનતે હૈં, અતઃ વર્તમાન ઇન્દ્રિય-પ્રત્યક્ષ કે દ્વારા હી સબ-કુછ જાનને કા આગ્રહ રખના મિથ્યા આગ્રહ (દુરાગ્રહ) હૈ, ક્યોંકિ ઇન્દ્રિયોં કે દ્વારા સબ-કુછ જાનના સમ્ભવ હી નહીં હૈ. લોક મેં ભી અનેક બાર હમ કુછ મૂર્તિક વસ્તુઓં કો ભી અપની ચક્ષુ આદિ ઇન્દ્રિયોં સે નહીં જાન પાતે હૈં, ઔર યુક્તિ એવં આગમ સે હી જાનતે હૈં.

અમૂર્તિક આત્મા કે અસ્તિત્વ ઔર સ્વરૂપ કો જાનને કે લિએ હમેં સર્વપ્રથમ ઉસે ઇન્દ્રિયોં સે જાનને કા આગ્રહ છોડકર ઇન્દ્રિયોં સે કુછ ઉપર ઉઠને કા પ્રયત્ન કરના ચાહિએ, ઠોસ યુક્તિ ઔર સમીચીન આગમ કા અવલમ્બન લેના ચાહિએ. સભી પ્રાચીન

---

'એક બાર કુછ વિદ્યાર્થી ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ મહાન્ દાર્શનિક સર્વપલ્લી ડૉ. રાધાકૃષ્ણન સે આત્મિક તત્ત્વજ્ઞાન કી ચર્ચા કરને આયે. આત્મા કે વિષય મેં જબ ચર્ચા ચલી તો વે કહને લગે- 'ડૉ. સાહબ! હમ આત્મા કો તભી માન સકતે હૈં, જબ આપ હથેલી પર લેકર પ્રત્યક્ષ બતાએં.' ઇસ પર ઉન્હોંને કહા- 'વિદ્યાર્થિયોં! આત્મા હૈ, વહ અનુભવગમ્ય હૈ. યહ સનાતન સત્ય હૈ. તુમ ન માનો, ઇસસે આત્મા કા અસ્તિત્વ મિટ નહીં જાતા. યહ ત્રિકાલ સ્થાયી શાશ્વત પદાર્થ હૈ. તુમ કહતે હો-ઇસે પ્રત્યક્ષ બતાઓ; કિન્તુ આત્મા ઐસા તત્ત્વ હૈ જિસે સ્થિરબુદ્ધિ વાલા પ્રાજ્ઞ હી જાન સકતા હૈ. તુમમેં સે જો સબસે અધિક બુદ્ધિમાન હો, વહ આગે આયે.'

ઉન્હોંને એક સબસે બુદ્ધિમાન વિદ્યાર્થી કો આગે કર દિયા. ડૉ. રાધાકૃષ્ણન ને કહા-'મૈં ઇસે પહચાનતા નહીં, તુમ્હારે કથન પર વિશ્વાસ કરકે માન લેતા હૂં કિ યહ વિદ્યાર્થી મહાબુદ્ધિમાન હૈ. અબ એક કામ કરો. ઇસકી બુદ્ધિ નિકાલ કર ટેબલ પર રખો. ફિર મૈં ભી અપની આત્મા નિકાલ કર ટેબલ પર રખ દૂંગા.'

વિદ્યાર્થીગણ-'ઓહ ડૉ. સાહબ! કૈસી બાત કરતે હૈં આપ? ક્યા બુદ્ધિ દિમાગ મેં સે નિકાલકર બતાને કી યા આંખોં સે દેખને કી વસ્તુ હૈ?'

'તો ફિર બુદ્ધિ કો કૈસે જાના જાએ?' – ઉન્હેંને કહા.

વિદ્યાર્થીયોં ને કહા-'બુદ્ધિ તો ઇન્દ્રિયોં સે દેખને-સુનને આદિ કી ચીજ નહીં હૈં, વહ તો સિર્ફ અનુભવ કરને કી ચીજ હૈ. હમારા યહ વિદ્યાર્થી ઉસકા અનુભવ કર પાતા હૈ. બુદ્ધિ કે પરિણામસ્વરૂપ ઉસકી શક્તિ કો હમ દેખ સકતે હૈ, પરન્તુ બુદ્ધિ તો નિકાલી યા દિખાઈ નહીં જા સકતી.'

ડૉ. રાધાકૃષ્ણન્-'પ્યારે મિત્રો! યહી બાત આત્મા કે સમ્બન્ધ મેં સમઝો. આત્મા કેવલ અનુભવ કરને કી ચીજ હૈ. વહ આંખોં સે સાક્ષાત્ દેખી નહીં જા સકતી. પરિણામસ્વરૂપ દેહ મેં હોનેવાલી-ખાના-પીના, ચલના, ફિરના, બોલના આદિ ક્રિયાઓં કો દેખકર હમ અનુમાન લગા લેતે હૈં કિ દેહ મેં કોઈ વિશિષ્ટ શક્તિ હૈ. જિસકે દ્વારા યે ક્રિયાએં હો રહી હૈં. વહ આત્મા હી હૈ. સમઝ ગએ ન? આત્મા નિકાલ કર હાથ મેં લેકર દિખાને કી ચીજ નહીં હૈં.'

-અપ્પા સો પરમપ્પા (દેવેન્દ્ર મુનિ), પૃષ્ઠ ૬૧

---

૧. (ક) 'સે ણ સદ્દે, ણ રૂવે, ણ ગન્ધે, ણ રસે, ણ ફાસે ઇચ્ચેતાવંતિ।
સવ્વે સરા ણિયટ્ટંતિએ તક્કા તત્થ ણ વિજ્જઇએ મઈ તત્થ ણ ગાહિયા।'
-આચારાંગ ૧/૫/૫

(ખ) 'ન તત્ર ચક્ષુર્ગચ્છતિ, વાગ્ ગચ્છતિ, નો મનો...।' -કેનોપનિષદ્

(ગ) 'ન ચક્ષુષા ગૃહ્યતે નાપિ વાચા, નાન્યૈર્દેસ્તપમા કર્મણા વા ।
જ્ઞાનપ્રસાદેન વિશુદ્ધસત્ત્વસ્તતસ્તુ ત પશ્યતે નિષ્કલં ધ્યાયમાનઃ।'
-મુણ્ડકોપનિષદ્

આત્મજ્ઞ ઋષિ-મુનિયોં ને આત્મા કે અસ્તિત્વ કો ઇસી પ્રકાર સિદ્ધ કર દિખાયા હૈ.[૨] ઉન્હોંને સ્પષ્ટ કહા કિ યહ આત્મા અરસ હૈ, અરૂપ હૈ, અગન્ધ હૈ, અવ્યક્ત હૈ ઔર ચેતનાગુણ સહિત હૈ, ઇસકા કોઈ પ્રકટ સંસ્થાન નહીં હૈ, અતઃ ઇસે ઇન્દ્રિયોં સે નહીં જાના જા સકતા હૈ–યહ અતીન્દ્રિય હૈ। યથા–

*'અરસમરૂવમગંધં અવ્વત્તં ચેદણાગુણમસદ્દં।*
*જાણ અલિંગગ્ગહણં જીવમણિદ્દિટ્ઠસંઠાણં।।'*[૩]

અર્થાત્ જો રસરહિત હૈ, રૂપરહિત હૈ, ગન્ધરહિત હૈ, અવ્યક્ત હૈ, ચેતનાગુણ સે યુક્ત હૈ, શબ્દરહિત હૈ, કિસી ચિહ્ન યા ઇન્દ્રિય દ્વારા ગોચર નહીં હોતા ઔર જિસકા કોઈ એક નિશ્ચિત આકાર બતાયા નહીં જા સકતા હૈ, ઉસે જીવ જાનો.

યહ આત્મા અરસ, અરૂપ ઇત્યાદિ હૈ, અતએવ ઇસે કિસી પ્રકાર કે શસ્ત્રાદિ સે કાટા નહીં જા સકતા, અગ્નિ આદિ સે જલાયા નહીં જા સકતા, જલાદિ દ્વારા ગલાયા નહીં જા સકતા ઔર હવા દ્વારા સુખાયા ભી નહીં જા સકતા હૈ. જૈસા કિ 'ગીતા' કે શ્લોકો મેં જગત્-પ્રસિદ્ધ હૈ–

*'નૈનં છિન્દન્તિ શસ્ત્રાણિ નૈનં દહતિ પાવકઃ।*
*ન ચૈનં ક્લેદન્ત્વાપો ન શોષયતિ મારુતઃ।।*
*અચ્છેદ્યોઽયમદાહ્યોઽયમક્લેદ્યોઽશોષ્ય એવ ચ।*
*નિત્યઃ સર્વગતઃ સ્થાણુરચલોઽયં સનાતનઃ।।'*[૪]

અર્થાત્ ઇસ આત્મા કો શસ્ત્ર નહીં છેદ સકતે હૈં, અગ્નિ નહીં જલા સકતી હૈ, પાની ભી નહીં ગલા સકતા હૈ ઔર હવા ભી નહીં સુખા સકતી હૈ; યહ તો અચ્છેદ્ય, અદાહ્ય, અક્લેદ્ય ઔર અશોષ્ય હૈ; યહ નિત્ય, સર્વગત, સ્થાણુ, અચલ ઔર સનાતન હૈ.

'આચારાંગ' નામક જાનાગમ મેં ભી ઐસા હી કહા હૈ–

*'સે ણ છિજ્જઇ, ણ ભિજ્જઇ, ણ ડજ્ઝઇ, ણ હમ્મઇ કંચણં સવ્વલોએ।'*[૫]

આત્મા કે અસ્તિત્વ કી સિદ્ધિ હેતુ શાસ્ત્રોં મેં અનેકાનેક યુક્તિયાં વિસ્તારપૂર્વક પ્રસ્તુત કી ગઈ હૈં. યહાં સભી કો સવિસ્તાર પ્રસ્તુત કરને કા અવકાશ નહીં હૈ, પરન્તુ ઉનમેં સે કુછ પ્રમુખ યુક્તિયાં નિમ્નાનુસાર હૈં. યદિ સાવધાનીપૂર્વક ઇન્હેં હી સમઝને કા પ્રયત્ન કિયા જાએ તો અવશ્ય હી આત્મા કે અસ્તિત્વ મેં કોઈ શંકા નહીં રહેગી.

ન્યાય-વૈશેષિક દર્શન કે ગ્રન્થોં મેં આત્મા કે અસ્તિત્વ કી સિદ્ધિ હેતુ નિમ્નલિખિત અનેક પ્રમાણ દિયે ગયે હૈં-

'(ક) હિત પદાર્થ કે પાને કા ઔર અહિત પદાર્થ કે છોડને કા વ્યાપાર મનુષ્ય કે શરીર મેં હમેશા પાયા જાતા હૈ. ઇસસે શરીર કે ભીતર કિસી ચેતન પદાર્થ કી સત્તા કા સંકેત મિલતા હૈ. જૈસે રથ કે વ્યાપાર સે રથ કે ભીતર સારથી રૂપ ચેતન પદાર્થ કા અનુમાન હોતા હૈ, વૈસે હી શરીર કે વ્યાપાર સે જિસ ચેતન પદાર્થ કા અનુમાન કિયા જાતા હૈ, યહી આત્મા હૈ (વ્યાપાર).

(ખ) શ્વાસ-પ્રશ્વાસ સે શરીર ફૂલતા હૈ તથા સંકુચિત હોતા હૈ. યહ કિસી ચેતન પદાર્થ કે દ્વારા હી કિયા જાતા હૈ. જૈસે લોહાર કી ભાથી કા ફૂલના ઔર સંકુચિત હોના ભાથી ફૂંકને વાલે પ્રાણી કે વ્યાપાર સે હોતા હૈ (પ્રાણાપાન).

(ગ) કુએં મેં મોટ કા ગિરના તથા ઉઠના મોટ ખીંચને કે વ્યાપાર સે હોતા હૈ. ઠીક ઉસી પ્રકાર આંખ કી પલક કા ગિરના તથા ઉઠના ચેતન વ્યક્તિ કા હી વ્યાપાર હૈ (નિમેષોન્મેષ).

(ઘ) શરીર મેં ઘાવ લગતા હૈ ઔર દવા કરને પર ફિર ભર જાતા હૈ. યહ શરીર મેં સ્થિત આત્મા કે દ્વારા હો સકતા હૈ, જૈસે ઘર મેં રહનેવાલા ઘર કી મરમ્મત કરતા હૈ (જીવન)

(ઙ) મન કો પ્રેરિત કરનેવાલા ભી આત્મા હી હૈ. જૈસે બાલક અપની ઇચ્છા સે ગોલી યા ગેંદ ઇધર-ઉધર ફેંકતા હૈ, ઉસી પ્રકાર આત્મા ભી મન કો અપની ઇચ્છા કે અનુસાર ઇધર-ઉધર દૌડાયા કરતા હૈ (મનોગતિ).

(ચ) મીઠે આમ કો દેખકર મુંહ મેં પાની ભર આતા હૈ. ઇસકા કારણ કયા હૈ? કિસી રૂપવિશેષ કે સાથ રસવિશેષ કા અનુભવ પહલે હો ચુકા હૈ ઔર ઉસી કી સ્મૃતિ વર્તમાનદશા મેં હો રહી હૈ. અનુભવ તથા સ્મૃતિ કા આશ્રય એક હી હોના ચાહિએ. સબ ઇન્દ્રિયોં કા અધિષ્ઠાતા એક હી ચેતન હૈ ઔર વહી આત્મા હૈ.

(છ) સુખ, દુઃખ, ઇચ્છા, દ્વેષ તથા પ્રયત્ન ગુણ હૈં, અતઃ ઇનકા કોઈ આશ્રય દ્રવ્ય હોના હી ચાહિએ. જડ હોને સે શરીર વહ આશ્રય નહીં હો સકતા, ચેતન આત્મા હી ઇસકા આશ્રય હોતા હૈ.[૬] ઇન ગુણોં કે આશ્રય હોને સે ભી આત્મા કી સિદ્ધિ હોતી હૈ.[૭]

ઇસી પ્રકાર જૈનદર્શન કે ગ્રન્થોં મેં ભી અત્યન્ત વિસ્તારપૂર્વક નિમ્નલિખિત યુક્તિયોં દ્વારા આત્મા કે અસ્તિત્વ કી સિદ્ધિ કી ગઈ હૈ.

**યુક્તિ ૧**- જિસ પ્રકાર યન્ત્ર-પ્રતિમા કી ચેષ્ટાએં અપને પ્રયોક્તા કે અસ્તિત્વ કા જ્ઞાન કરાતી હૈં, ઉસી પ્રકાર પ્રાણ-અપાન (શ્વાસોચ્છ્વાસ) આદિ કાર્ય ભી આત્મા કે અસ્તિત્વ કા જ્ઞાન કરાતે હૈં.[૮]

---

૩. આચાર્ય કુન્દકુન્દ, સમયસાર, ગાથા ૪૯.

૪. ભગવદ્ ગીતા ૨/૨૩/૨૪.

૫. આચારાંગ ૧/૩/૩/૪૦૦.

૬. આત્મા કે ઇન નાના ચિહ્નોં કા નિર્દેશ મહર્ષિ કણાદ ને ઇસ સૂત્ર મેં એકત્ર કિયા હૈ
પ્રાણાપાનનિમેષોન્મેષજીવનમનોગતિ-ઇન્દ્રિયાન્તરવિકારાઃ સુખદુઃખેચ્છાદ્વેષ-પ્રયત્નાશ્ચાત્મનો લિઙ્ગાનિ'
(-વૈશેષિકસૂત્ર ૩/૨/૪)
વિશેષ કે લિએ દેખિએ ઇસકા પ્રશસ્તપાદભાષ્ય.

૭. આચાર્ય બલદેવ ઉપાધ્યાય, ભારતીય દર્શન, પૃષ્ઠ ૨૨૬

૮. (ક) આચાર્ય પૂજ્યપાદ, સર્વાર્થસિદ્ધિ, ૫/૧૯
(ખ) આચાર્ય મલ્લિષેણ, સ્યાદ્વાદમંજરી, ૧૭

**યુક્તિ ૨**- સ્પર્શનાદિ ઇન્દ્રિયાં તો માધ્યમ હૈં, વે સ્વયં નહીં જાનતી, ક્યોંકિ વે ચશ્મા આદિ ઉપકરણોં કે સમાન અચેતન હૈં; અતઃ ઇન ઇન્દ્રિયોં કે માધ્યમ સે જો કોઈ અન્ય જાનતા-દેખતા હૈ, વહી આત્મા હૈ.[૯]

**યુક્તિ ૩**-જિસ પ્રકાર રથ કી ક્રિયાઓં કા અધિષ્ઠાતા સારથી હોતા હૈ; ઉસી પ્રકાર ઇસ શરીર કી ક્રિયાઓં કા અધિષ્ઠાતા આત્મા હૈ; અન્યથા શરીર તો સાક્ષાત્ અચેતન હૈ. ઉદાહરણાર્થ, હમ દેખતે હૈં કિ જો શરીર વર્ષોં તક ઠીક રહતા હૈ, વહી આત્મા કે શરીર સે ચલે જાને પર કુછ હી ઘણ્ટોં મેં સડને-ગલને લગતા હૈ.

**યુક્તિ ૪**-'મૈં સુખી, મૈં દુઃખી' ઇત્યાદિ પ્રકાર સે જો 'અહં-પ્રત્યય હોતા હૈ, ઉસસે ભી આત્મા કે અસ્તિત્વ કી સિદ્ધિ હોતી હૈ.'

**યુક્તિ ૭**-'આત્મા' શબ્દ (સાર્થક) હૈ તો 'આત્મા' નામક અર્થ ભી અવશ્ય હોના ચાહિએ. જિનકા અસ્તિત્વ નહીં હોતા, ઉનકે વાચક શબ્દ ભી નહીં હોતે.[૧૨]

**યુક્તિ ૬**-'અજીવ શબ્દ સે હી જીવ અર્થાત્ આત્મા કી સિદ્ધિ હો જાતી હૈ, ક્યોંકિ જીવ કા નિષેધ જીવ કે અસ્તિત્વ કા અવિનાભાવી હૈ અર્થાત્ યદિ જીવ કી સત્તા ન હો તો 'અજીવ' શબ્દ હી નહીં બન સકતા.[૧૩]

**યુક્તિ ૭**-ગુણ (સુખ, દુઃખ, જ્ઞાન, દર્શન, ચારિત્ર આદિ) ગુણી કે બિના નહીં રહ સકતે. ચૂંકિ જ્ઞાન-દર્શન આદિ ગુણ પાયે જાતે હૈં, અતઃ ઉનકા સ્વામી (ગુણી) ભી હોના હી ચાહિએ, વહ ગુણી આત્મા હૈ.[૧૪]

**યુક્તિ ૮**-હર ક્રિયા કા ભી કોઈ-ન-કોઈ કર્તા અવશ્ય હોતા હૈ, અતઃ જાનને રૂપ ક્રિયા કા કર્તા ભી અવશ્ય હોના ચાહિએ ઔર વહી આત્મા હૈ.[૧૫]

**યુક્તિ ૯**-ઉપર્યુક્ત પ્રમુખ યુક્તિયોં કે અતિરિક્ત સ્યાદ્વાદમંજરી, તત્ત્વાર્થવાર્તિક આદિ કતિપય ગ્રન્થોં મેં એક અકાટ્ય યુક્તિ યહ ભી પ્રસ્તુત કી ગઈ હૈ કિ બતાઇએ 'યહ આત્મા હૈ' – ઐસા જો હમકો અનુભવાત્મક જ્ઞાન હોતા હૈ, વહ ક્યા હૈ? સંશય, વિપર્યય, અનધ્યવસાય યા સમ્યગ્જ્ઞાન? કોઈ એક તો અવશ્ય હોગા. યદિ સંશય હૈ તો ભી આત્મા કે અસ્તિત્વ કી સિદ્ધિ હોતી હૈ ક્યોંકિ અવસ્તુ કા સંશય નહીં હોતા. યદિ વિપર્યય હૈ તો ભી આત્મા કે અસ્તિત્વ કી સિદ્ધિ હોતી હૈ ક્યોંકિ સર્વત્ર અપ્રસિદ્ધ પદાર્થ કા વિપર્યય નહીં હોતા. અનધ્યવસાય તો હો નહીં સકતા ક્યોંકિ અનાદિકાલ સે પ્રત્યેક વ્યક્તિ આત્મા કા સ્પષ્ટ અનુભવ કરતા હૈ. તથા યદિ સમ્યગ્જ્ઞાન હૈ તબ તો વહ આત્મા કે અસ્તિત્વ કા સાધક હૈ હી. યથા-

**'યો ડયમસ્માકમ્ 'આત્માડસ્તિ' ઇતિ પ્રત્યયઃ સ સંશયાનધ્યવસાય-વિપર્યયસમ્યક્ પ્રત્યયેષુ યઃ કશ્ચિત્ સ્યાત્, સર્વેષુ ચ વિકલ્પેષ્વિષ્ટં સિધ્યતિ। ન તાવત્સંશયઃ; નિર્ણયાત્મકત્વાત્. સત્યપિ સંશયે તદાલમ્બનાત્મસિદ્ધિઃ। ન હિ અવસ્તુવિષયઃ સંસયો ભવતિ। નાપ્યનધ્યવસાયો જાત્યન્ધબદિરુપશબ્દવત્, અનાદિસમ્પ્રતિપત્તેઃ। સ્યાદ્વિપર્યય; એવમપ્યાત્માસ્તિત્વસિદ્ધિઃ પુરુષે સ્થાણુપ્રતિપત્તૌ સ્થાણુસિદ્ધિવત્. સ્યાત્સમ્યક્પ્રત્યયઃ, અવિવાદમેતત્ આત્માસ્તિત્વમિતિ સિદ્ધો નઃ પક્ષઃ।**[૧૬]

ઇસ પ્રકાર અનેક અકાટ્ય યુક્તિયોં સે આત્મા કા અસ્તિત્વ સિદ્ધ હોને કે બાદ ભી કુછ લોગ કહતે હૈં કિ આત્મા ઇસ પૌદ્ગલિક શરીર સે ભિન્ન નહીં હૈ અપિતુ ઇસી કી એક વિશિષ્ટ ક્રિયા ચેતના રૂપ મેં પ્રતીત હોતી હૈ તથા ઉસ ચેતના કા ઉત્પાદ-વિનાશ ભી શરીર કે હી જન્મ-મરણ તક સીમિત રહતા હૈ.

કિન્તુ યહ મત કિંચિત્ ભી યુક્તિસંગત સિદ્ધ નહીં હોતા જિસકી વિશેષ ચર્ચા તો આગે ચાર્વાક્-મત-સમીક્ષા કરતે હુએ કી જાએગી, કિન્તુ અભી સંક્ષેપ મેં ઇતના અવશ્ય જ્ઞાતવ્ય હૈ કિ ચેતના શરીર ઔર ચેતના મેં સર્વથા ભેદ હૈં, દોનોં કે ગુણ-ધર્મ-સર્વથા ભિન્ન-ભિન્ન હૈ; અતઃ શરીર ઔર ચેતન-ઇન દોનોં કો ભિન્ન ભિન્ન હી દો દ્રવ્ય માનના ઉચિત હૈ, યહી કહા ભી હૈ...

*'વિરુદ્ધગુણસંસર્ગાદાત્મા ભૂતાત્માકો ન હિ।*
*ભૂજલાનલવાતાનામન્યથા ન વ્યવસ્થિતિઃ।।*
*વિજ્ઞાનસુખદુઃખાદિગુણલિંગઃ પુમાનયમ્।*
*ધારણેરણદાહાદિધર્માધારા ધરાદવઃ।।'* [૧૭]

ઇસ પ્રકાર વિવિધ યુક્તિયોં સે આત્મા કા અસ્તિત્વ સિદ્ધ હો જાને કે ઉપરાન્ત યહ સ્તવમેવ સિદ્ધ હુઆ માન લેના ચાહિએ કિ આત્મા ભી સત્ હૈ, અસ્તિત્વમય હૈ, એક સ્વતંત્ર દ્રવ્ય હૈ, અતઃ ઉસમેં ભી વે સભી-સામાન્ય ગુણ પાયે જાતે હૈં, જો કિસી ભી સત્ યા સત્તારૂપ વસ્તુ મેં પાયે જાતે હૈં.

આત્મા સ્વભાવતઃ અનાદિ અનન્ત હૈ, ઉસકી સર્વથા ન ઉત્પત્તિ હોતી હૈ ઔર ન હી નાશ, કિન્તુ વહ સર્વથા કુટસ્થ ભી નહીં હૈ,

---

૯. (ક) હરિભદ્રસૂરિ ષડ્દર્શનસમુચ્ચય, પૃષ્ઠ ૨૨૮
(ખ) આચાર્ય મલ્લિષેણ, સ્યાદ્વાદમંજરી, ૧૭
૧૦. (ક) હરિભદ્રસૂરિ ષડ્દર્શનસમુચ્ચય, પૃષ્ઠ ૨૨૮
(ખ) આચાર્ય મલ્લિષેણ, સ્યાદ્વાદમંજરી, ૧૭
૧૧. (ક) હરિભદ્રસૂરિ ષડ્દર્શનસમુચ્ચય, પૃષ્ઠ ૨૩૧
(ખ) આચાર્ય મલ્લિષેણ, સ્યાદ્વાદમંજરી, ૧૭
૧૨. 'જીવશબ્દો સબાહ્યાર્થ સંજ્ઞાત્વાદ્ધેતુશબ્દવત્।
માયાદિભ્રાંતિસંજ્ઞાશ્ચ માયાદ્યૈઃ સ્વૈઃ પ્રમોક્તિવાત્।।'
આચાર્ય સમન્તભદ્ર, આત્મમીમાંસા, ૮૪
૧૩. હરિભદ્રસૂરિ ષડ્દર્શન સમુચ્ચય, પૃષ્ઠ ૨૩૧.
૧૪. (ક) આચાર્ય મલ્લિષેણ, સ્યાદ્વાદમંજરી, ૧૭
(ખ) હરિભદ્રસૂરિ ષડ્દર્શન સમુચ્ચય, પૃષ્ઠ ૨૩૦.
૧૫. આચાર્ય મલ્લિષેણ, સ્યાદ્વાદમંજરી, ૧૭
૧૬. આચાર્ય અકલંક, તત્ત્વાર્થવાર્તિક, ૨/૮/૨૦
૧૭. સોમદેવસૂરિ, યશસ્તિલક ચમ્પૂ, ૫/૧૧૯/૨૦

ઉસમેં સતત પરિણમન ભી પાયા જાતા હૈ. અન્ય વસ્તુઓં કી ભાંતિ વહ ભી નિત્યાનિત્યાત્મક હૈં. ઉસમેં નિરન્તર ઉત્પાદ. (નઈ અવસ્થા કા આગમન) ઔર વ્યય (પુરાની અવસ્થા કા નાશ) હોતા રહતા હૈ, ફિર ભી સ્વભાવ કી અપેક્ષા વહ નિત્ય સ્થાયી ભી બની રહતા હૈ.[૧૮]

આત્મા કો સામાન્ય-વિશેષાત્મક ભી કહા જા સકતા હૈ;[૧૯] ઉસમેં યદ્યપિ અનન્તાનન્ત ગુણ–પર્યાયેં રહતી હૈં તથાપિ વહ એક અખણ્ડ-અભેદ રહતા હૈ. સંખ્યાપેક્ષા ભી વે આત્માએં જિતને હૈં, ઉતને હી હૈં, ન એક કમ હોતા હૈ, ન અધિક-ઇત્યાદિ.

ઇસ પ્રકાર યહ સિદ્ધ હુઆ કિ આત્મા કા અસ્તિત્વ હૈ ઔર જગત્ કે અનન્તાનન્ત પદાર્થોં કી ભાંતિ વહ ભી એક અનાદિ-અનન્ત સામાન્ય-વિશેષાત્મક વસ્તુ હૈ.

તથાપિ યદિ અભી ભી કિસી કો આત્મા કે અસ્તિત્વ પર વિશ્વાસ ન હો તો ઉસે શ્રીમદ્ રાજચન્દ્ર કે શબ્દોં મેં દુનિયા કા બડા ભારી આશ્ચર્ય હી કહા જાએગા, ક્યોંકિ આત્મા સ્વયં હી અપને અસ્તિત્વ મેં શંકા કર રહા હૈ, જબકિ યહ સુસ્પષ્ટ હૈ કિ જો શંકા કર રહા હૈ વહી તો સ્વયં આત્મા હૈ-

'આત્માની શંકા કરે, આત્મા પોતે આપ।
શંકાનો કરતાર, તે અચરજ યહૈ અમાપ ।।'[૨૦] ✷ ✷ ✷

[૮૧મી પર્યુષણ વ્યાખ્યાનમાળામાં તા. ૧૧–૯–૨૦૧૫ના રોજ આપેલું વક્તવ્ય.] ✷ ✷ ✷

Head of the Department of Jaindarshan
L.B.S.R.S. Vidyapith, New Delhi-110016
Mobile : 09868888607.
E-mail : veersagarjain@gmail.com

૧૮. આચાર્ય સમંતભદ્ર, આત્મમીમાંસા, તૃતીય પરિચ્છેદ
૧૯. આચાર્ય સમંતભદ્ર, આત્મમીમાંસા, ચતુર્થ પરિચ્છેદ
૨૦. શ્રીમદ્ રાજચંદ્ર, આત્મસિદ્ધિ, ૫૮

**રૂા. એક હજારના પુસ્તકો ખરીદનારને રૂા. ૫૦૦નું ડિસ્કાઉન્ટ, એટલે રૂા. ૫૦૦માં રૂા. ૧૦૦૦ના પુસ્તકો**

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પ્રકાશનો

| ક્રમ | પુસ્તકના નામ | કિંમત રૂા. |
|---|---|---|
| | **ડૉ.રમણલાલ ચી. શાહ લિખિત ને સંપાદિત ગ્રંથો** | |
| ૧ | જૈન આચાર દર્શન | ૨૪૦ |
| ૨ | ચરિત્ર દર્શન | ૨૨૦ |
| ૩ | સાહિત્ય દર્શન | ૩૨૦ |
| ૪ | પ્રવાસ દર્શન | ૨૬૦ |
| ૫ | સાંપ્રત સમાજ દર્શન | ૨૭૦ |
| ૬ | શ્રુત ઉપાસક ડૉ. રમણભાઈ શાહ | ૩૨૦ |
| ૭ | जैन आचार दर्शन | ३०० |
| ૮ | जैन धर्म दर्शन | ३०० |
| ૯ | ગુર્જર ફાગુ સાહિત્ય | ૧૦૦ |
| ૧૦ | જિન વચન | ૨૫૦ |
| ૧૧ | જિન તત્ત્વ ભાગ-૧ થી ૯ | ૫૪૦ |
| ૧૨ | વંદનીય હૃદયસ્પર્શ ભા. ૩ | ૫૦ |
| ૧૩ | વંદનીય હૃદયસ્પર્શ (ઓલીવ) | ૨૫૦ |
| ૧૪ | પ્રભાવક સ્થવિરો ભાગ–૧ થી ૬ | ૩૫૦ |
| ૧૫ | નમો તિત્થરસ | ૧૪૦ |
| ૧૬ | પાસપોર્ટની પાંખે ભાગ–૧થી૩ | ૫૦૦ |
| ૧૭ | સાંપ્રત સહચિંતન ભાગ-૧૬ | ૧૮૦ |
| | **પ્રો. તારાબેન ર. શાહ લિખિત** | |
| ૧૮ | શ્રીમદ્ રાજચંદ્ર (પુસ્તિકા) | ૪ |
| ૧૯ | પ્રબુદ્ધ ચરણે | ૧૦૦ |

| ક્રમ | પુસ્તકના નામ | કિંમત રૂા. |
|---|---|---|
| ૨૦ | આપણા તીર્થંકરો | ૧૦૦ |
| ૨૧. | સંસ્કૃત નાટકોની કથા ભા. ૧ | ૧૦૦ |
| | **ડૉ. કલાબેન શાહ લિખિત** | |
| ૨૨. | ચંદ્ર રાજાનો રાસ | ૧૦૦ |
| | **ડૉ. રશ્મિ ભેદા લિખિત** | |
| ૨૩. | અમૃત યોગનું, પ્રાપ્તિ મોક્ષની | ૨૫૦ |
| | **ડૉ. ફાલ્ગુની ઝવેરી લિખિત** | |
| ૨૪. | જૈન પૂજા સાહિત્ય | ૧૬૦ |
| | **ડૉ. રેખા વોરા લિખિત** | |
| ૨૫. | આદિ તીર્થંકર શ્રી ઋષભદેવ | ૨૮૦ |
| | **ડૉ. રમેશભાઈ લાલન લિખિત** | |
| ૨૬. | જૈન દંડ નીતિ | ૨૮૦ |
| | **સુરેશ ગાલા લિખિત** | |
| ૨૭. | મરમનો મલક | ૨૫૦ |
| ૨૮. | નવપદની ઓળી | ૫૦ |
| | **ડૉ. કે. બી. શાહ લિખિત** | |
| ૨૯. | જૈન કથા વિશ્વ | ૨૦૦ |

**નવું પ્રકાશન**

**ઈલા દીપક મહેતા સંપાદિત**
**સંવત્સરી પ્રતિક્રમણ વિધિ સહિત**
મૂળ સૂત્રોનો ગુજરાતી-અંગ્રેજી-હિંદી ભાવાનુવાદ રૂા. ૩૫૦

| ક્રમ | પુસ્તકના નામ | કિંમત રૂા. |
|---|---|---|
| | **ડૉ. કલાબેન શાહ સંપાદિત** | |
| | **ડૉ. ધનવંત શાહ લિખિત** | |
| ૩૦. | વિચાર મંથન | ૧૮૦ |
| ૩૧. | વિચાર નવનીત | ૧૮૦ |
| | **ભારતીબેન શાહ લિખિત** | |
| ૩૨. | શ્રી ગૌતમ તુભ્યં નમઃ | ૨૨૫ |
| | **આચાર્ય વાત્સલ્યદીપ સૂરિ કૃત** | |
| ૩૩. | જૈન ધર્મ | ૭૦ |
| ૩૪. | ભગવાન મહાવીરની આગમવાણી | ૪૦ |
| ૩૫. | જૈન સજ્ઝાય અને મર્મ | ૭૦ |
| ૩૬. | પ્રભાવના | ૧૨ |
| ૩૭. | સુખ તમારી પ્રતિક્ષા કરે છે | ૩૯ |
| ૩૮. | મેરુથીયે મોટા | ૧૦૦ |
| ૩૯ | .**ડૉ. કુમારપાળ દેસાઈ કૃત** અંગ્રેજી ભાષામાં જૈનીઝમ : કોસ્મિક વિઝન | રૂા. ૩૦૦ |
| ૪૦ | **પૂજ્ય આચાર્ય વાત્સલ્યદીપ સૂરિજી સંપાદીત શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વર** રચિત શ્રી જૈન મહાવીર ગીતા : એક દર્શન | રૂા. ૩૫૦ |

**ઉપરનાબધાપુસ્તકોસંઘનીઑફિસેમળશે. સંપર્ક : પ્રવીણભાઈ ટે.નં.૨૩૮૨૦૨૯૬.**
રૂપિયા અમારી બેંકમાં–બૅંક ઑફ ઈન્ડિયા-કરંટ ઍકાઉન્ટ નં.૦૦૩૯૨૦૧૦૦૦૨૦૨૬૦ માં જમા કરી શકો છો. .IFSC:BKID0000039

**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમ્મદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપોર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટેલિફોન : ૨૩૮૨૦૨૯૬**

# વિજ્ઞાનની પાંખ, અધ્યાત્મની આંખ

❑ મીરા ભટ્ટ

એક જમાનામાં ભારતમાં અધ્યાત્મ ભલે પરલોક સુધારવાનો પ્રાપ્તિ માર્ગ મનાયો, પરંતુ આજના વર્તમાનયુગમાં તો અધ્યાત્મ આપણા ઘર આંગણાના તુલસીક્યારા રૂપ ગણાવું જોઈએ, કારણ કે જેમ જેમ સમય આગળ વધે તેમ તેમ માનવની ચેતનાએ પણ ઉર્ધ્વમાર્ગ પકડવો જ જોઈએ. ભલે આખો સમાજ નહીં, પણ વ્યાપક સમાજરૂપી દૂધમાં મેળવણ રૂપે ભેળવી શકાય એટલો હિસ્સો તો ઉર્ધ્વારોહીઓનો નીકળવો જ જોઈએ.

અધ્યાત્મ જ્યારે ઘરઆંગણાની ચીજ બને છે ત્યારે સર્વપ્રથમ આપણે આપણા દેહની કરામતોને જાણી-સમજી લેવી જોઈએ. અગાઉના જમાનાની જેમ આજે કોઈ પણ સમજુ માણસ શરીરને નરકનું દ્વાર નહીં કહે. દેહ તો આત્માને પ્રતિષ્ઠિત કરનારું મંદિર છે, અને ઈશ્વરે આપેલી દશેન્દ્રિયો એ મંદિરનાં દશ દિશામાં ખૂલતા દશમદ્વાર છે. મનુષ્યની ઈન્દ્રિયો દ્વિમુખી છે, એ બહાર પણ કામ કરે છે અને ભીતર પણ કામ કરે છે. બહિર્મુખી ઈન્દ્રિયો દ્વારા બાહ્ય જગતનું આકલન થાય છે અને અંતર્મુખી ઈન્દ્રિયો દ્વારા અંદરના અસીમ જગતનું આકલન કરી શકાય છે. વિજ્ઞાનયુગના માનવીએ આ દ્વિમુખી ઈન્દ્રિયોના સહારે 'નૂતન માનવ'નું સર્જન કરવાનું છે. વિજ્ઞાન બાહ્ય, સ્થૂળ જગતના બારણાં ખોલી આપે છે, તો અધ્યાત્મ અંતઃસૃષ્ટિનાં મંગળ દ્વારા ખોલી આપે છે. માનવવિકાસ માટે અધ્યાત્મની આંખો અને વિજ્ઞાનની પાંખો, એમ બંનેની જરૂર છે.

*આ સ્થિતપ્રજ્ઞા જ એને બ્રહ્મવિદ્યાના આંગણે પહોંચાડી દે છે.*

મનુષ્યને આંખ, કાન, નાક, મુખ, ચર્મ ઉપરાંત મન, બુદ્ધિ, ચિત્ત તથા અહંકાર પ્રાપ્ત થયાં છે. પરંતુ જેવી રીતે ભૌતિક જગતમાં કુદરત માણસને કાચો માલ આપે છે, એનો પાકો માલ બનાવવાનું કસબી કામ માણસે કરવું પડે છે, એ રીતે આ ચારે ઈન્દ્રિયો કાચા માલ જેવી છે. કુદરત આપણને કપાસ આપે, એમાંથી કપડું આપણે બનાવવું પડે. આ જ રીતે, શેરડીમાંથી ગોળ, તલમાંથી તેલ, શણમાંથી દોરડું માણસે બનાવવું પડે. આ જ રીતે, આ અંતર્મુખી ઈન્દ્રિયોના રૂપાંતરનો પુરુષાર્થ કુદરતે માનવ પર છોડ્યો છે. આ કાચા માલને પાકો કરવાનો પુરુષાર્થ એ જ અધ્યાત્મ-વિદ્યાના કક્કો-બારાખડી.

પ્રકૃતિએ માણસને ત્રિગુણી દોરડાથી બાંધ્યો છે. પરંતુ અધ્યાત્મ એ જ ત્રિગુણને ઉપર ચઢવાનું દોરડું બનાવી સત્વગુણના પાટા, રજોગુણનું એંજિન એને તમોગુણના ડબ્બા બનાવી મજલો કાપે છે. કુદરતે માણસને મન તો માંકડા જેવું આપ્યું છે. અતિ ચંચળ, ઘડીકમાં અહીં તો ઘડીકમાં ત્યાં. માણસને થાય કે અહીંનો પહાડ ત્યાં ફેંકું અને ત્યાંનો દરિયો અહીં લઈ આવું! મનને પળેપળ ચળ ઉપડે. માણસને ઘડીભર પણ જંપવા ન દે, પણ માણસ જેવો માણસ! એ કાંઈ એમ મનને આધીન થઈ જાય તે ચાલે? મન પર સવારી થઈ શકે એવી કરામત કુદરતે એને આપી છે કે નહીં, એ શોધીને જ એ જંપે. મન પર બુદ્ધિની લગામ ચલાવતો થઈ જાય. વળી, એ બુદ્ધિ પણ 'વ્યભિચારિણી' બુદ્ધિ નહીં, 'વિવેકબુદ્ધિ'ની ચાબૂક બનાવે. 'વિવેકબુદ્ધિ' એકલા મગજના કારખાનાની પેદાશ નથી. માણસના હૃદયમાં રહેલી ભાવના, સદ્વાસના બુદ્ધિમાં ભળે ત્યારે વિવેકબુદ્ધિ નિર્માણ થાય. કલ્પના, ભાવના, વિચારોનું ઘમ્મરવલોણું ફરે ત્યારે વિવેકનું નવનીત સર્જાય. આ વિવેકબુદ્ધિ દ્વારા માણસે અંતર્જગતના બારણે ટકોરા મારવાના છે.

પછી કોક ધન્ય ક્ષણે અંતરના દ્વાર ખૂલે ત્યારે ચોમેર છવાયેલા પુણ્ય-પ્રકાશ દ્વારા પેલું માંકડું મન ઉન્મન બનવાની દિશા પકડે છે. મનની આ રૂપાંતર પ્રક્રિયામાં મનનું સર્વતોમુખી રૂપાંતર થાય છે. જેવી રીતે ઈયળમાંથી પતંગિયું બને છે, એ રીતે મનનું સાવ જુદું જ રૂપાંતર ઉન્મની રૂપે મળે છે, જે પોતાનામાં ભીતરના આત્માનો પ્રકાશ ઝીલી શકે છે.

જેવું મનનું, તેવું જ બુદ્ધિનું. દુન્યવી, સાંસારિક જગતના વ્યવહારુ માણસની બુદ્ધિ સ્વાર્થી, આપમતલબી હોય છે. સ્વાર્થનો ઓપ આંખે અંજવાયેલો હોય છે, એટલે એને નર્યા સત્યના દર્શન નથી થતા. સંસારી માણસનું સત્ય ભેળસેળિયું હોય છે. એને કામ-

'પ્રબુદ્ધ જીવન' કૉર્પસ ફંડમાં ત્રણ લાખનું અનુદાન આપી પંદર વર્ષ સુધી કોઈ પણ એક મહિનાનું સૌજન્ય પ્રાપ્ત કરો

સ્વજનને શબ્દાંજલિ જ્ઞાનકર્મથી અર્પી જ્ઞાનપુણ્ય પ્રાપ્ત કરો

લોભ વગેરેના દોરડા જુદી જુદી દિશામાં ખેંચતા હોય છે. પરંતુ બુદ્ધિ જ્યારે અંતર્મુખી બની સ્થિર થાય છે, ત્યારે એ પણ આત્માનો પ્રકાશ ઝીલી રૂપાંતર પામે છે અને 'પ્રજ્ઞા'નું સ્વરૂપ પામે છે. પછી એની **આ સ્થિતપ્રજ્ઞા જ એને બ્રહ્મવિદ્યાના આંગણે પહોંચાડી દે છે.**

*માનવજીવન એ શોધન તથા સાધનાનું સમરાંગણ છે. માણસે પ્રતિક્ષણ ઝઝૂમવું પડે છે.*

પછી આવે ચિત્ત. માણસનું ચિત્ત વાતાવરણના રજકણોને પકડી વાંરવાર રજોટિયું થતું રહે છે. અનેક પ્રકારની અશુદ્ધિઓ ભેગી કરી એ મેલુંદાટ થઈ જાય છે. એટલે એને શુદ્ધ કરવું પડે છે. ચિત્તશુદ્ધિ વગર ચિત્તનું મ્હોં અંદરની દિશા તરફ વળી જ ન શકે. એને ભક્તિરૂપી પાણી અને સાબુ રૂપી તપ દ્વારા રોજેરોજ રજેરજ સાફ કરતાં રહીએ ત્યારે માંડ એનું મ્હોં ફેરવાય. ચિત્તશુદ્ધિની દીર્ઘ સાધનામાંથી પસાર થવું પડે છે, એ માટે નિરીક્ષણ, પરીક્ષણમાંથી પસાર થવું પડે છે. ચિત્તમાં સહજ જાગતી જાતજાતની વૃત્તિઓને દેશવટો આપવો પડે છે અને ક્ષેત્રસંન્યાસ કરાવવો પડે છે.

વૃત્તિઓનો આ ક્ષેત્રસંન્યાસ એટલે જ ધારણા. ધ્યાનની પૂર્વભૂમિકા. ચિત્તને સ્થાનકવાસી બનાવવું પડે છે. એને 'ખબરદાર, ચૂપ!'ની ધમકીઓ આપવી પડે છે. 'ધારણા' એટલે 'આસનસ્થ' થવું. પળેપળ ભટકતા-રઝળતા ચિત્તને વૃત્તિશૂન્ય બનાવવું એ નાનીસૂની તપસ્યા નથી. વણજોઈતી એક પણ ક્રિયાને ત્યાં કોઈ અવકાશ નથી, વણમાંગી એક પણ વૃત્તિને ત્યાં ફરકવાની રજા નથી. હવાની નાનકડી લહેર પાણીમાં વમળ જગાવે, એમ વૃત્તિઓના વમળો-વર્તુળો ક્ષણે ક્ષણે ઊઠતાં રહે-શમતાં રહે, એમને ધીરગંભીર ગહન સ્તરે સ્થિર કરવા ભારે મહેનત માંગી લે છે. ચિત્તની પાતાળભૂમિમાં સ્વપ્નેય ધાર્યા ન હોય તેવા કચરાના ઉઝરડા પડ્યા હોય છે. એને હટાવી નર્યા નીતર્યાં સ્થિર જળની સપાટી સિદ્ધ થાય ત્યારે આ ચિત્તનું રૂપાંતર 'ચેતના'માં થાય છે અને આ રૂપાંતરિત ચેતના આત્મારૂપી ચૈતન્યનો પ્રકાશ ઝીલવા સમર્થ બને છે.

ચોથી, અંતિમ અંતઃઈન્દ્રિય છે, અહંકાર. માણસના સ્થૂળ બાહ્ય વ્યવહાર જગતમાં આ અહંકાર અસ્મિતા બનીને પુરુષાર્થ અને પરાક્રમોનાં અનેક ક્ષેત્ર ખેડી બતાવે છે, પરંતુ અંતર્જગતમાં અહંકારે એના ફૂંફાડા છોડી દેવા પડે છે. બાહ્ય જગતમાં અહંકારે પુરુષાર્થ-પરાક્રમ દ્વારા અસ્મિતાનો ઉત્સવ ઉજવ્યો, પણ હવે અંતઃજગતમાં આ જ અહંકારે નિઃશેષ થઈ કેવળ અસ્તિત્વનો ઉત્સવ ઉજવવા સાધના આદરવાની છે.

આ મહાગુહામાં દાખલ થયા બાદ અહમે અંતરાત્માનું રૂપ પ્રાપ્ત કરવાનું છે. તે માટે રૂપે અરુપમાં જીવવું અનિવાર્ય બને છે. અહંવિલોપન વગર અંતરાત્મા સક્રિય થતો નથી. સ્થિર આસનમાં એકચિત્ત ધ્યાન વગર ભીતરનું દર્પણ આત્માનું પ્રતિબિંબ ઝીલવા સમર્થ નથી બનતું. વળી, અહંકારની ફૂંફાડા મારતી ફેણોને વશ કરવા ધ્યાન-ધારણા ઉપરાંત 'ગુણવિકાસ'ની સાધનાનો રંગ પણ ચઢાવવો પડે છે.

ગુણવિકાસ એ જીવનસાધનાની અત્યંત અનિવાર્ય સીડી છે. ગુણવિકાસ વગર માણસનું ન તો બાહ્ય-સ્થૂળ જીવન સફળ બને છે, ન તો ભીતરનું સાધક જીવન! માનવજીવન એ શોધન તથા સાધનાનું સમરાંગણ છે. માણસે પ્રતિક્ષણ ઝઝૂમવું પડે છે. ગુણવિકાસની સાધના એક દીર્ઘ પ્રક્રિયા છે. તમોગુણને ખતમ કરી, રજોગુણને કાબૂમાં લઈ માણસે સત્વગુણનો પ્રકર્ષ સાધવાનો છે. આ પંથ પગલે પગલે કપાય, પગથિયે પગથિયે ચઢાય એવો કઠણ માર્ગ છે.

દેહ ટકાવવા માટે અહં જરૂરી છે એ જ રીતે દેહમાં વસેલા આત્માને પામવા દેહથી ઉપર ઊઠવું એ પણ એટલું જ જરૂરી છે. એના માટેની ગુણવિકાસની સાધના હવે પછી ક્યારેક જોઈશું.

✷✷✷

૭૩, રાજસ્થંભ સોસાયટી,
પોલો ગ્રાઉન્ડ પાસે, વડોદરા-૧.
મો.૦૯૩૭૬૮૫૫૩૬૩

**'પ્રબુદ્ધ જીવન'**
**હવે ડિજિટલ સ્વરૂપે ઉપલબ્ધ**

૧૯૨૯ થી માર્ચ ૨૦૧૫ સુધી 'પ્રબુદ્ધ જીવન'ના બધાં જ અંકો સંસ્થાની વેબસાઈટ

www.mumbai–jainyuvaksangh.com ઉપર આપ વાંચી શકશો. તેમજ ડી.વી.ડી. સ્વરૂપે પણ આ બધાં અંકો ઉપલબ્ધ છે.

જિજ્ઞાસુ અને પુસ્તકાલયોને આ ડી.વી.ડી. **વિના મૂલ્યે** અમે અર્પણ કરીશું.

આ ડી.વી.ડી.ના સૌજન્યદાતા

૧. ફોરમ ઑફ જૈન ઈન્ટેલેકચ્યુઅલ
હસ્તે-અંજના રશ્મિકુમાર ઝવેરી અને મયૂર વોરા.

૨. નિર્મળાનંદ જ્યોત, રેખા-બકુલ નંદલાલ ગાંધી

**સંપર્ક : સંસ્થા ઑફિસ - ૦૨૨-૨૩૮૨૦૨૯૬**

# ગુજરાત વિદ્યાપીઠમાં જ્ઞાનસત્ર-૧૩નું આયોજન

અહેવાલ

ગુજરાત વિદ્યાપીઠના આંતરરાષ્ટ્રીય જૈન વિદ્યા અધ્યયન કેન્દ્રના સહયોગથી સૌરાષ્ટ્ર કેસરી પ્રાણગુરુ જૈન સેન્ટર, મુંબઈ-જૈન વિશ્વકોશ અને ઈન્સ્ટિટ્યૂટ ઓફ જૈનોલોજીના સંયુક્ત ઉપક્રમે પૂ. ગુરુદેવ નમ્રમુનિ મ.સા.ની નિશ્રામાં ગુજરાત વિદ્યાપીઠમાં જ્ઞાનસત્ર-૧૩નું આયોજન કરવામાં આવ્યું હતું. આ આયોજનની વિશિષ્ટતા એ હતી કે અમદાવાદમાં ગાંધીવિચાર અને જૈનદર્શનના સંદર્ભમાં આવું આ પ્રથમ આયોજન હતું.

આપણે સહુ એ જાણીએ છીએ કે મહાત્મા ગાંધીજીના જીવન પર શ્રીમદ્ રાજચંદ્રજી અને તેમના આધ્યાત્મિક વિચારોનો ઊંડો પ્રભાવ જોવા મળે છે. સત્ય, અહિંસા, અપરિગ્રહ, અનેકાંતવાદ જેવા જૈનદર્શનના સમષ્ટિને ઉપકારક સિદ્ધાંતોનો પરિચય ગાંધીજીને શ્રીમદ્જી પાસેથી પ્રાપ્ત થયો હતો. ગાંધીજી હંમેશાં એમ માનતા કે ધર્મ માત્ર ક્રિયાકાંડ સાથે જ સંબંધિત ન હોવો જોઈએ. ધર્મને માનતા હોઈએ તે સિદ્ધાંતો આચારમાં આવે ત્યારે જ ધર્મમય જીવન બન્યું ગણાય. ગાંધીજીએ એટલે જ બધા ધર્મના સારા સારા જીવનોપયોગી સિદ્ધાંતોને જાણીને, તેનો સમાવેશ આચાર ધર્મમાં કર્યો છે. પોતાના મનમાં ઊઠતા ધર્મસંબંધી પ્રશ્નોના ઉત્તરો જાણવા તેઓ શ્રીમદ્ રાજચંદ્રજીને અવારનવાર પત્રો લખતા. શ્રીમદ્જીએ આપેલા પ્રશ્નોના ઉત્તરોથી તેમને ઘણો સંતોષ થતો, શંકાનું સમાધાન થતું. આથી જ તેમના સમગ્ર જીવનને જોતાં શ્રીમદ્ રાજચંદ્રજીના જૈનદર્શન સંબંધિત વિચારોની સ્પષ્ટ છાપ જોવા મળે છે.

તા. ૨૩, ૨૪ ઓક્ટોબર, ૨૦૧૫ના આયોજિત આ જ્ઞાનસત્રના સંયોજક શ્રી ગુણવંતભાઈ બરવાળિયા હતા. પ્રથમ દિવસે સવારે ૯-૦૦ વાગે વિદ્યાપીઠની બહેનો દ્વારા મંગલાચરણ બાદ દીપપ્રાગટ્ય કરવામાં આવ્યું. મહાત્મા ગાંધીજીએ સ્થાપેલ ગુજરાત વિદ્યાપીઠના હીરક મહોત્સવ હોલમાં ગુજરાત વિદ્યાપીઠના કુલનાયક ડૉ. અનામિક શાહે જ્ઞાનસત્રનું ઉદ્ઘાટન કર્યું. તેમના પ્રાસંગિક પ્રવચન બાદ ગુજરાત વિદ્યાપીઠના કુલસચિવ શ્રી રાજેન્દ્રભાઈ ખીમાણીએ પોતાનું વક્તવ્ય આપ્યું. ત્યારબાદ મુંબઈ જૈન મહાસંઘના ટ્રસ્ટી શ્રી ખીમજીભાઈ છાડવાએ પોતાનું વક્તવ્ય આપ્યું. પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈએ આ જ્ઞાનસત્રના વિષય 'જૈન ધર્મ અને ગાંધી વિચારધારા' વિષે સમજાવતાં કહ્યું હતું કે ગાંધીજીએ જૈન ધર્મના વિચારોને આખા વિશ્વમાં ફેલાવ્યા છે. આમ તે સવાયા જૈન હતા. આજે સંકુચિતતા વધી ગઈ છે. વાડાઓમાં જૈન ધર્મ ગુંચવાઈ ગયો છે ત્યારે જૈન ધર્મ દર્શનને આચારમાં ઊતારી તેના ફલકને વિસ્તૃત-વિશાળ બનાવવાનું છે. જૈન ધર્મને રસોડામાં કે ઉપાશ્રયો સુધી સીમિત નથી રાખવાનો. આખા વિશ્વના પ્રત્યેક માનવને તેના સિદ્ધાંતોથી વાકેફ કરવાની જરૂર છે. આ કામ ત્યારે જ શક્ય બનશે જ્યારે ધાર્મિક માણસના


**શ્રુતરત્નાકર ટ્રસ્ટ, રૂપમાણેક ભંશાલી ટ્રસ્ટ તથા મુંબઈ યુનિવર્સિટી**

**દ્વારા આયોજિત**

**સમ્યગ્દર્શન શિબિર**

**ડિસેમ્બર-૧૨-૧૩, ૨૦૧૫**

સમ્યગ્ દર્શન : વિકાસનો પથ, તેના વિના જૈનત્વ અધુરું

સમ્યગ્દર્શન મોક્ષનું બીજ છે. જીવનનો સાર છે. રત્નત્રયીનું એક રત્ન છે. સમ્યગ્દર્શન વગરનું જ્ઞાન મિથ્યાજ્ઞાન છે. સમ્યગ્દર્શનની પ્રાપ્તિ પછી જ જ્ઞાન સમ્યક્ બને છે. તેવી જ રીતે સમ્યગ્દર્શન વિનાનું ચારિત્ર પણ નિરર્થક છે. આ કારણે જ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ અનિવાર્ય છે. સમ્યગ્દર્શનનો મહિમા અપાર છે. આવા સમ્યગ્દર્શનને સમજવા માટે એક અધ્યયન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. આ અવસર ચૂકવા જેવો નથી.

સમ્યગ્દર્શન અર્થાત્ સાચી શ્રદ્ધા, સાચી રૂચિ, મનુષ્યની કોઈપણ ક્રિયા સાથે તેની રૂચિ જોડાયેલી હોય છે. જો રૂચિ સાચી હોય તો પુરૂષાર્થ પણ સાચી દિશામાં આગળ વધશે. સમ્યગ્ દર્શનની તાત્ત્વિક વ્યાખ્યા છે સાચી તત્ત્વરૂચિ અને વ્યાવહારિક વ્યાખ્યા છે સુદેવ સુગુરૂ અને સુધર્મમાં શ્રદ્ધા. આ શિબિરમાં સમ્યગ્દર્શનની તાત્વિક અને વ્યવહારિક તમામ બાબતો ઉપર ચિંતન કરવામાં આવશે.

સમ્યગ્દર્શનની પ્રાપ્તિ પૂર્વની ભૂમિકા મિથ્યાત્વની છે. મિથ્યાત્વના કારણે જ બધી સમસ્યાઓ ઉત્પન્ન થાય છે. સત્યને અસત્ય માનવું અને અસત્યને સત્ય માનવુમ તેનું નામ મિથ્યાત્વ છે. આ શિબિરમાં મિથ્યાત્વ ઉપર પણ વિચાર કરવામાં આવશે.

શિબિરનો વિષય :

(૧) મિથ્યાત્વનું સ્વરૂપ અને પ્રકાર
(૨) સમ્યગ્દર્શનનું સ્વરૂપ
(૩) સમ્યગ્દર્શનની વ્યાવહારિક અને પારમાર્થિક વ્યાખ્યા
(૪) સમ્યગ્દર્શનની પ્રાપ્તિનો ક્રમ
(૫) સમ્યગ્દર્શનના પ્રકાર
(૬) સમ્યગ્દર્શનથી થનાર લાભો

**સંપર્ક :** મંગળ ભંશાલી – ૦૨૨ ૨૨૦૨૦૧૬૯
ડૉ. જિતેન્દ્ર શાહ – ૦૯૮૨૫૮૦૦૧૨૬

દરેક કાર્યમાં ધર્મ પ્રગટશે.

સંયોજક શ્રી ગુણવંતભાઈ બરવાળિયાએ જ્ઞાનસત્રનો બીજો વિષય 'ઉપસર્ગ અને પરિષહપ્રધાન જૈનકથાનકો' બાબત સમજાવતાં કહ્યું કે જૈન સાધુ-સાધ્વીઓએ ૨૨ પરિષહને જીતી મોક્ષમાર્ગે જવાની કેડી કંડારી છે. દેવ-મનુષ્ય અને તિર્યંચકૃત ઉપસર્ગોમાં મહાપુરુષોએ એવો સંયમ દાખવ્યો છે કે દુનિયા આખી દંગ રહી જાય. પોતાની કરુણા, અનુકંપા, ધીરજ, પ્રેમ, મૈત્રી અને સહનશીલતાની, પરાકાષ્ટારૂપ એક એક કથાનકો કંઈક ને કંઈક સંદેશ આપી જાય છે. ડૉ. રતનબેન ખીમજીભાઈ છાડવા પ્રેરિત આ જ્ઞાનસત્રમાં શ્રી ગુણવંત બરવાળિયા સંપાદિત, પેટરબારમાં બિરાજતા પરમ દાર્શનિક પૂ. જયંતમુનિ વિવૃત્ત 'કલ્યાણ મંદિર સ્તોત્ર વિવેચન' ગ્રંથનું મુંબઈના શ્રેષ્ઠીવર્ય શ્રી યોગેશભાઈ બાવીસીના હસ્તે વિમોચન કરવામાં આવ્યું.

ત્યારબાદ આ પ્રસંગે આયોજિત શ્રીમદ્ રાજચંદ્રના જીવન-કવનને રજૂ કરતું એક ચિત્ર પ્રદર્શનશ્રી ગુણવંતભાઈ બરવાળિયા દ્વારા આયોજિત કરવામાં આવેલ. ત્યાં ઉપસ્થિત મહાનુભાવો, વિદ્વત્‌જનો, આમંત્રિતો, જિજ્ઞાસુઓ તથા વિદ્યાર્થીઓ પ્રદર્શન જોવા ગયેલ તેમજ પૂ. શ્રીમદ્ રાજચંદ્રના સમગ્ર જીવનથી વાકેફ થયેલ.

ચિત્રપ્રદર્શની જોયા બાદ આદિવાસી હોલમાં આ પરિસંવાદના પ્રથમ સત્રનો પ્રારંભ શ્રીમતી મધુબહેન બરવાળિયાના સ્તવનથી થયો. આ સત્રનું સંચાલન ડૉ. સેજલ શાહ તથા અભયભાઈ દોશીએ સંભાળેલ. આ પરિસંવાદમાં જૈન ધર્મ અને ગાંધીવિચાર વિષે તુલનાત્મક દૃષ્ટિકોણથી જુદા જુદા વિદ્વાનોએ પોતાના શોધનિબંધો રજુ કર્યાં. આ સત્રમાં ડૉ. નલિનીબેન દેસાઈ, ડૉ. ગીતાબેન મહેતા, ડૉ. પાર્વતીબેન ખીરાણી અને જેસીંગભાઈ ડાભીએ પોતપોતાના શોધપત્રો રજૂ કર્યાં.

બપોર ૨.૪૫ વાગે બીજા સત્રમાં ડૉ. રતનબેન છાડવા, શ્રી યોગેશભાઈ બાવીસી, શૈલેષભાઈ ગાલા, પ્રદીપભાઈ શાહ, મીતાબેન ગાંધી, ભારતીબેન મહેતા, દીક્ષાબેન સાવલા, કનુભાઈ શાહના શોધપત્રો રજૂ થયા. 'પ્રબુદ્ધ જીવન'ના તંત્રી શ્રી ધનવંતભાઈ અનિવાર્ય કારણોસર ઉપસ્થિત રહી શક્યા નહોતા. તેમના 'ગાંધીજી અને શ્રીમદ રાજચંદ્ર : બે સૂર્ય' ઉપરના પેપરનું વાંચન રશ્મિબેન ભેદાએ કર્યું.

બીજા દિવસે સવારના પહેલા સત્રનો પ્રારંભ મંગલાચરણ સાથે થયો. પ્રથમ શ્રી ગુણવંતભાઈએ સંચાલકોનો પરિચય આપ્યો. આ સત્રનું સંચાલન ડૉ. અભયભાઈ દોશી, ડૉ. સેજલ શાહ તથા ડૉ. રતનબેન છાડવાએ કરેલ. આ સત્રમાં ડૉ. શોભનાબેન શાહ, ડૉ. પ્રીતિબેન શાહ, ડૉ. પૂર્ણિમાબેન મહેતા, ડૉ. કાંતિભાઈ શાહ, ડૉ. સેજલ શાહ, ડૉ. છાયાબેન શાહ, શ્રીમતી પારુલબેન ગાંધી, ડૉ. રશ્મિબેન ભેદા, ડૉ. ભાનુબેન સતરા, ડૉ. રેણુકા પોરવાલે પોતાના શોધનિબંધ રજૂ કર્યાં. ડૉ. તરુલતાબાઈ સ્વામીએ લખેલા નિબંધનું વાંચન ડૉ. મધુબેન બરવાળિયાએ તથા શ્રી રમેશભાઈ ગાંધીએ લખેલા નિબંધનું વાંચન ડૉ. અભયભાઈ દોશીએ કરેલ.

બપોરે બીજા સત્રમાં શ્રી મીતેશભાઈ શાહ, ખીમજીભાઈ છાડવા તથા ડૉ. અભયભાઈ દોશીએ પોતાના શોધનિબંધ પ્રસ્તુત કર્યાં. ઉપરોક્ત બંને બેઠકમાં ડૉ. કુમારપાળ દેસાઈનું માર્ગદર્શન મળેલ. સમાપન ડૉ. શ્રી કુમારપાળભાઈએ કરેલ. ગુણવંતભાઈએ પણ ઉપસ્થિત સર્વેને ઉપસર્ગ-પરિષહ વિષે માહિતી આપેલ. આભારવિધિ ડૉ. પૂર્ણિમાબેન મહેતાએ કરેલ. ડૉ. કુમારપાળ દેસાઈ, ડૉ. ગુણવંતભાઈ બરવાળિયા તથા શ્રી ખીમજીભાઈ છાડવાને ગુજરાત વિદ્યાપીઠ–જૈન અધ્યયન કેન્દ્ર દ્વારા પ્રતીકરૂપે રેંટિયો અર્પણ કરેલ. શ્રીમતી મધુબેનના સ્તવન બાદ આ સત્ર પૂર્ણ થતાં સહુ છૂટા પડ્યા.

☐ **શ્રીમતી પારુલબેન ભરતકુમાર ગાંધી**
મોબાઈલ : ૯૭૨૫૬૮૦૮૮૫.

## સુધારો

**'પ્રબુદ્ધ જીવન' ઑગસ્ટ-સપ્ટેમ્બર ૨૦૧૫ અંક**

- **સામાયિક ફલ સ્વરૂપદર્શક સજ્ઝાય**
  રચનાકાર : ધર્મસિંહ મુનિ (૧૦૦ વર્ષ પૂર્વે)
  સંકલનકાર : ભારતી શાહ
- ઉપરાંત અન્ય પૃષ્ઠો ઉપર દૃષ્ટાંતો પ્રસ્તુત કર્યા છે તે સ્વ. ગુણવંત શાહ સંપાદિત 'જિન સંદેશ' 'સામાયિક પ્રતિક્રમણ' વિશેષાંકો-૧૯૮૫'માંથી સાદર પ્રકાશિત કર્યા છે.
  શ્રીમતી ભારતી શાહ સંકલનકર્તા છે.
- આ ઉપરાંત સંદર્ભ ગ્રંથોની યાદી તે અંકના પાના ૪૧ ઉપર સંપાદિત લેખિકાએ આપી જ છે.
- પોસ્ટ ખાતાની સમય મર્યાદામાં રહીને અંક તૈયાર કરવાનો હોઈ, ઉતાવળે કેટલીક ચોકસાઈ જાળવી શકાઈ નહિ તે માટે અમે ક્ષમા પ્રાર્થી છીએ.

**–તંત્રી**

'પ્રબુદ્ધ જીવન'ને પચ્ચીસ હજારનું અનુદાન આપી કોઈ પણ એક મહિનાનું સૌજન્ય પ્રાપ્ત કરો.

સ્વજનને શબ્દાંજલિ જ્ઞાનકર્મથી અર્પી જ્ઞાનપુણ્ય પ્રાપ્ત કરો.

# સર્જન–સ્વાગત

**ડૉ. કલા શાહ**

પુસ્તકનું નામ : **નિદ્રા સમાધી સ્થિતિ**
લેખક : વિનોબા. સંકલન સંપાદન-કંચન. અનુવાદ-મીરા-અરુણ.
પ્રકાશક : પારુલ દાંડેકર, યજ્ઞ પ્રકાશન સમિતિ, હિંગળાજ માતાની વાડીમાં, હુજરત પાગા, વડોદરા-૩૯૦૦૦૧. ૦૨૬૫-૨૪૩૭૯૫૭.
કિંમત-રૂા. ૫૦/-, પાના-૯૦, આવૃત્તિ-પ્રથમ-૧૧ સપ્ટેમ્બર-૨૦૧૪.

'નિદ્રા' વિશે વેદ ઉપનિષદોમાં પણ ઘણું કહેવાયું છે. પરંતુ વિનોબાજીની મૌલિક દૃષ્ટિનો અહીં વિશેષ પરિચય મળે છે. કેટલીક વાતો તો અજોડ છે. એમના ચિંતનની વિશેષતા એ જ છે કે તેઓ પૂરી વૈજ્ઞાનિક પદ્ધતિપૂર્વક અધ્યાત્મના ઊંડાણમાં લઈ જાય છે. વિનોબાજીએ આધ્યાત્મિક ઉપાસનાના જે અનેકવિધ સાધનો બતાવ્યા છે, એમાંનો આ પણ એક અત્યંત મહત્ત્વનો વિષય છે. શોધક-સેવક-સાધનાના રોજિંદા જીવનમાં આવનારી આ બધી બાબતોને શી રીતે ઉન્નત બનાવી શકીએ, એનું રહસ્ય અહીંયા આપણને મળી શકે એમ છે.

વિનોબાજીના વાણી અને વિચારમાં અખિલાઈનો સ્પર્શ છે. એમાં આખું જીવનશાસ્ત્ર સમાયેલું છે. જેમણે પોતાના જીવનની રચના જ આધ્યાત્મિક પાયા પર કરી હોય, એમનો દરેક વિચાર એને જ પુષ્ટ કરનારો હોય એમાં આશ્ચર્ય નથી, પરંતુ એમની પ્રકૃતિ ચિંતનામાંથી પ્રયોગ અને પ્રયોગમાંથી ચિંતનની છે. એટલે નિદ્રાનો આ વિચાર પણ વૈજ્ઞાનિક દૃષ્ટિએ રજૂ થવાને કારણે આપણને આનંદપ્રદ અંતર્યાત્રા કરાવે છે. નિદ્રાની પૂરી પ્રક્રિયા, ધ્યાન અને સમાધિતુલ્ય માની સમાધિને ગાઢ નિદ્રા કહી છે. વિનોબાજીએ આખો વિષય સામાન્ય માણસ પણ સમજી શકે એવી સરળતાથી ઉતાર્યો છે.

x x x

પુસ્તકનું નામ : **આધુનિક યુગના આંતર પ્રવાહ-** (માનવજાતિને ઉજ્જવળ ભાવિ તરફ અંગે કદમ)
લેખક-ગોવર્ધન દવે
પ્રકાશક : પારૂલ દાંડીકર, યજ્ઞ પ્રકાશન સમિતિ, ભૂમિપુત્ર કાર્યાલય, હિંગળાજ માતાની વાડીમાં, હુજરત પાગા, વડોદરા-૩૯૦૦૦૧.
ફોન : (૦૨૬૫-૨૪૩૭૭૯૫૭).
કિંમત-રૂા. ૫૦/-, પાના-૧૨૨, આવૃત્તિ -પ્રથમ, ૧૫ ઑગસ્ટ-૨૦૧૪.

આ નાનકડા પુસ્તકમાં લેખકશ્રી બાહ્ય ઉપક્રમની મર્યાદાઓની પ્રતીતિ માનવીને આંતર્મુખતા તરફ લઈ જાય છે એ વાતની પ્રતીતિ કરાવી છે. જીવનની ગતિ બહારથી અંદર તરફ ન રહેતા અંદરથી બહાર જવાની દિશા પકડે છે. એ દરમિયાન માનવ ઇતિહાસમાં જે કોઈ પરિવર્તન કે ક્રાંતિઓ થઈ અને ભવિષ્યમાં થશે તેમાં બાહુબળ અને શસ્ત્રબળના વિનિયોગનું મહત્ત્વ અને મૂલ્ય ધીમે ધીમે ઓછું થઈ જાય છે. કબીલાના મુખીથી શરૂ કરીને રાજા, મહારાજા અને સમ્રાટોના સમયમાં સમરાંગણમાં જે નિર્ણાયક ભાગ ભજવતું હતું તેનું સ્થાન લોકશાહી અને સામ્યવાદના આગમન સાથે સામાજિક, રાજકીય અને આર્થિક ક્ષેત્રના આયોજકોએ લેવાનું શરૂ કર્યું.

આ હકીકતો એક વિશિષ્ટ યુગબળનો અંગુલીનિર્દેશ કરે છે. એક નવા યુગના એંધાણ આપે છે. આમ ઉત્ક્રાંતિનો અનેકવિધ ક્રમ તબક્કા પાર કરીને હવે માનવજીવનમાં તંગદિલી અને સંઘર્ષના સ્થાને સાહજિકતા અને સંવાદિતાની દિશામાં અદીઠ રીતે આગળ વધી રહ્યો છે. હવે વિશ્વ જીવન એક અભૂતપૂર્વ નવ પ્રસ્થાનને આરે આવી સૃષ્ટિના ઉજ્જવળ ભાવિ તરફ મીટ માંડતું ઊભું રહ્યું છે.

લેખકશ્રીએ ઉત્ક્રાંતિના પરમ પદ તરફ પ્રયાણ કરાવ્યું છે.

x x x

પુસ્તકનું નામ : **ધર્મના પ્રયોગો**
પ્રકાશક : એમ. એમ. ઠક્કરની કંપની, ૧૪૦, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦૦૦૨.
ફોન નં. : ૨૨૦૧૦૬૩૩, ૨૨૦૩૩૧૨૮.
લેખક : રશ્મિન ચંદુલાલ સંઘવી
કિંમત : રૂા. ૨૦૦/- પાના : ૨૦૨, આવૃત્તિ-પ્રથમ-૨૦૧૫..

આ પુસ્તકમાં લેખકશ્રી રશ્મિનભાઈએ પોતે કરેલ ગરીબોની સેવાના કાર્યોનો વાસ્તવિક ચિતાર આલેખ્યો છે. તેમણે મુંબઈના ગરીબોની સેવા કરી, પછી કચ્છ, સૌરાષ્ટ્ર અને ધરમપુર વગેરે જગ્યાએ ગામડાંઓમાં અને જંગલોના રહેતા ગરીબોની સેવા કરી વર્તમાનમાં તેઓશ્રી ઉત્તર અને દક્ષિણ ગુજરાતમાં સેવા કરતાં ભેખધારીઓની સેવા કરે છે અને ટ્રસ્ટોને પણ મદદ કરે છે.

લેખકશ્રી કહે છે કે આ જગતમાં ચારે બાજુ અનેક પ્રકારના દુઃખો છે એને કેવી રીતે દૂર કરવા એનો વિચાર કરીએ તો નિરાશા થાય અને સેવા શરૂ કરીએ તો તકલીફો આવે અને જો છોડી દઈએ તો નિરાશા આવે તો આખું જીવન નિરાશાવાદી થઈ જાય, પરંતુ બધી તકલીફોનો સામનો કરી દૃઢ નિર્ધારથી આગળ વધીએ ત્યારે ઈશ્વરની મદદ મળવા લાગે છે અને અશક્ય અને અસંભવિક કાર્યો થતા જાય છે ત્યારે ઉત્સાહ, આનંદ અને શાંતિનો અનુભવ થાય છે.

લેખકશ્રી સાચું જ કહે છે - 'હું ગાંધી ચીંધ્યા માર્ગે આગળ વધ્યો, સત્ય અને ગરીબોને સ્વતંત્રતા મેળવવામાં મદદ કરવાનો માર્ગ અપનાવ્યો અને આ માર્ગે ચાલવામાં પૂજ્ય ગાંધીજી અને અનેક સંતોએ કરેલી સત્યોની અનુભૂતિ થઈ.'

લેખકશ્રીએ આ અનુભવો દ્વારા નવલકથાનો આનંદ આપ્યો છે. ઘણી દર્દભરી વાતો હોવા છતાં તેઓ આશાવાદી છે એની પ્રતીતિ થાય છે.

x x x

પુસ્તકનું નામ : **અંતિમ પર્વ**
(જીવન જેટલું જ મૃત્યુને સમૃદ્ધ બનાવતું ચિંતન)
સંપાદન : રમેશ સંઘવી
પ્રકાશક : મીડિયા પબ્લિકેશન, ૧૦૩-૪, મંગલમૂર્તિ, કાળવા ચોક, જૂનાગઢ.
ફોન : ૦૨૮૫-૨૬૫૦૫૦૫.
સદ્‌ભાવ મૂલ્ય-રૂા. ૨૦૦/-, પાના-૨૦૮, આવૃત્તિ-પ્રથમ-૨૦૧૪.

પ્રસ્તુત પુસ્તકનું બીજ મૃત્યુની એક ઘટનાથી થયું છે અને મૃત્યુ વિશેના પ્રેરક લખાણોનું સંપાદન થયું. મૃત્યુ વિશે આપણાં વેદ ઉપનિષદ ગીતા વગેરેમાં સંતો અને અનુભવીઓ સમજાવે છે કે 'આપણે જે જીવન જીવી રહ્યા છીએ તે તો મરશે જ, અને છતાં મૃત્યુ એક અસત્ય છે, કેમકે આપણી અંદર જે અસત્ય તત્ત્વ છે તે તો મરતું જ નથી. આત્મજાગૃતિનો ક્ષય એટલે મૃત્યુ. પણ જે

જાગૃત છે, અપ્રમત્ત છે તેને મૃત્યુ નથી. આસક્તિ અને અહંકાર મરતાં પહેલાં મરે તો મૃત્યુ રહેતું જ નથી. વિનોબાજીએ સુંદર મૃત્યુમીમાંસા કરી છે. મૃત્યુને સમજવાથી જીવન સમજાય છે. જીવનને સત્યપૂર્વક અને સત્ત્વપૂર્વક જીવવાની ચાવી મૃત્યુની સમજ આપે છે. જો જીવતા આવડે તો મૃત્યુ મરી જાય.

પ્રસ્તુત પુસ્તક **'અંતિમ પર્વ'** મૃત્યુને સમજવા માટે અને તે જાણી સમજીને જીવનની કળા શીખવા માટે છે. જે મહાપુરુષો મૃત્યુનો મર્મ સમજાવી ગયા તેમાંથી અહીં કેટલુંક મૂક્યું છે અને વૈવિધ્યપૂર્ણ સામગ્રી-મૃત્યુચિંતન, પ્રસંગો, કાવ્ય-સાહિત્ય, શ્લોકવાણી-લોકવાણી વગેરે અહીં મૂક્યું છે. આ ગ્રંથમાં ભાતીગળ સંચયિત સામગ્રી છે.

ગંભીર વિષયનું સ્તુત્ય ચિંતન સરળ અને સહજ રીતે પ્રસ્તુત થયું છે.

x x x

પુસ્તકનું નામ : **પગલે પગલે અમીરસ**
લેખક : પ્રતાપભાઈ ત્રિવેદી
પ્રકાશક : ગુર્જર પ્રકાશન, ઉલ્લાસ મનુભાઈ શાહ, ૨૦૨, તિલકરાજ, પંચવટી પહેલી લેન, અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન નં. : ૦૭૯-૨૨૧૪૪૬૬૩.
મૂલ્ય : રૂા. ૧૨૦/-, પાના : ૧૨+૧૧૬.

પ્રતાપભાઈ ત્રિવેદી, જન્મજાત શિક્ષક છે. શિક્ષણનો રસ એમની રગોમાં વહી રહ્યો છે. એ એમનો સ્વભાવધર્મ બની ગયો છે. એમની શ્રદ્ધા પ્રેમતત્ત્વ પર છે. એને એમણે 'અમીરસ' રૂપે ઓળખાવ્યો છે. શૈક્ષણિક કામગીરીમાં ઘણું બધું પ્રાપ્ત થયું તે તેમણે આકર્ષક રીતે પ્રકટ કર્યું છે. પ્રતાપભાઈએ કરેલા શૈક્ષણિક પ્રયોગો અને ઉપક્રમો નોંધપાત્ર છે. તેમના કેટલાક લેખો બાળમાનસની સમસ્યા અંગે છે. ખાસ કરીને બાળહિંસા અને મા-બાપ તથા શિક્ષકોનો પ્રેમ ન મળતાં કેવા ખરાબ પરિણામો આવે છે તેની છણાવટ અહિંયા થઈ છે.

તેમના મિત્રોના સ્નેહાક્રમણના પ્રસંગો નોંધપાત્ર છે અને સહશિક્ષણની સંસ્થામાં ઊભા થતાં કોયડા કેમ ઉકેલાય તે પણ અહીં આલેખાયું છે. વર્તમાન સ્થિતિ માટે દુઃખ પણ પ્રગટ કર્યું છે. 'અત્યારની પ્રણાલી પરીક્ષાલક્ષી છે. જે તરાહો અપનાવાઈ છે તે જડબેસલાક સીસ્ટમ હોય એની બહાર જવાનુંજ નહિ અને તેથી વિદ્યાર્થીની જિજ્ઞાસાવૃત્તિનો નાશ થઈ જાય છે.'

'પગલે પગલે અમીરસ' પુસ્તક લખવાનો પ્રતાપભાઈનો હેતુ શિક્ષકો અને વાલીઓનું ધ્યાન ખેંચવાનો છે અને સ્નેહના અમીરસની પથ્ય બાબતો કેવી પરિણામદાયી નીવડી શકે છે તે ઉપસાવવાનો છે. એ હેતુમાં તેઓ સફળ થયા છે. પ્રતાપભાઈ જેવા નાખશિખ શિક્ષકના અનુભવો મૂલ્યવાન છે.

x x x

પુસ્તકનું નામ : **સંખ્યાત્મક કોશ**
લેખક : પ્રવર્તક મુનિશ્રી મૃગેન્દ્રવિજયજી
પ્રકાશક : શ્રુત રત્નાકર, ૧૦૪, સારપ, નવજીવન પ્રેસ સામે, આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦૦૧૪.
મૂલ્ય : રૂા. ૧૦૦/- પાના : ૧૦૮, આવૃત્તિ : પ્રથમ-૨૦૧૧૧.

ભારતીય સાહિત્યમાં શબ્દકોશ અગત્યનું સ્થાન ભોગવે છે અને તેનું અધ્યયન પણ આવશ્યક મનાયું છે અને તેનું જ્ઞાન પણ આવશ્યક માનવામાં આવ્યું છે. ભારતીય સાહિત્ય જગતમાં વિવિધ શબ્દકોશનું નિર્માણ થતું, પરંતુ જૈન ધર્મમાં ગુજરાતીના આવા ગ્રંથની ઊણપ હતી. જૈન પરંપરાના પદાર્થો જાણવા સમજવા માટે મુનિશ્રી મૃગેન્દ્રવિજયજીએ આ ગ્રંથ દ્વારા સુંદર પ્રયાસ કર્યો છે.

પ્રસ્તુત ગ્રંથમાં મુનિશ્રીએ એકથી લઈને ૧૦૦૦ સંખ્યા સુધીના પદાર્થોને સમાવ્યા છે. તેમાં ઘણાં બધા નવા પદાર્થોનો સંગ્રહ થયો છે. જિજ્ઞાસુઓને ઉપયોગી થાય તેવા ઉદ્દેશથી ઘણી જગ્યાએ શબ્દોના અર્થો પણ આપ્યા છે; જૈન પરંપરામાં આ પ્રકારનો પ્રથમ કોશ છે તેથી કેટલાક જૈન ધર્મને ન સ્પર્શતા સંખ્યાવાચક શબ્દોનો સમાવેશ કર્યો છે.

પ્રવર્તક મુનિરાજ શ્રી મૃગેન્દ્રવિજયજી સાહિત્યપ્રેમી છે. ગ્રંથોનું પઠન પાઠન એમના રસનો વિષય છે. નવા ગ્રંથો વાંચવા અને રચવા તે તેમની રૂચિનો વિષય છે. તેઓશ્રીએ અનેક ગ્રંથોનું સંપાદન, અનુવાદ કાર્ય કર્યું છે. તેઓ લખે છે-'સંખ્યાના ક્રમ અનુસાર જે જે શબ્દો મળ્યા તેને તે મુજબ ક્રમમાં મૂક્યા છે. આ શબ્દોને કોઈ ચોક્કસ સીમામાં ન બાંધતા જૈન, બૌદ્ધ અને વૈદિક પરંપરા ઉપરાંત લૌકિક જ્યાંથી સાંપડ્યા તે બધાંનો સમાવેશ કરવામાં આવ્યો છે.

આ પુસ્તક 'ગાગરમાં સાગર' સમાન છે.

x x x

પુસ્તકનું નામ : **જીવનની વાતો**
લેખક : વિનોબા
પ્રકાશક : પારૂલ દાંડીકર, યજ્ઞ પ્રકાશન સમિતિ, હિંગળાજ માતાની વાડીમાં, હુજરત પાગા, વડોદરા-૩૯૦ ૦૦૧. ફોન નં. : ૦૨૬૫-૨૪૩૭૯૫૭.
કિંમત : રૂા. ૮૦/- પાના : ૧૭૦,
આવૃત્તિ : પ્રથમ-૨૦૧૪.

મહેન્દ્રભાઈએ કરેલા વિનોબા વિચારના આ સંકલનમાં જીવન કેન્દ્ર સ્થાને છે. આ સંકલિત લેખોમાં વ્યક્તિ, સમાજ અને સમષ્ટિ સાથે સંકળાતા આપણાં પોતીકા જીવનને સ્વસ્થતાથી જીવવાનું ભાથું મળી રહે છે. 'જીવનનો આનંદ' માણવાનો. 'જીવનમાં કર્મ અને ધ્યાન'નું મહત્ત્વ આપણે સમજવું જોઈએ. સમસ્યાનો ઉકેલ પણ આપણે જાતે જ શોધવો જોઈએ. એ માટે આપણે જાગ્રત હોઈશું તો આપણો સ્વાનુભવ કામ લાગશે. વિશુદ્ધ નિર્ણય માટે પ્રજ્ઞાની જાળવણી કરવી જોઈશે. બુદ્ધિ અને ભાવનાનો સંબંધ સમજવો જોઈએ. 'આરોગ્યની જાળવણી' એ આપણાં સૌની જાત પ્રત્યેની જવાબદારી છે. વાતાવરણની જાળવણી માટે સફાઈ યજ્ઞ, નિત્ય યજ્ઞ બનવો જોઈએ. દેહમાં શક્તિ-સંચાર માટે 'આહાર શુદ્ધિ' અનિવાર્ય છે અને દેહને આરામ આપવા નિદ્રા સમાધિરૂપ બને એ જરૂરી છે. આધ્યાત્મિક 'આરોગ્ય શાસ્ત્ર' પણ આપણ સમજવું જોઈએ.

'સમાજને પોષક જીવનરસનું ઝરણું' પ્રેમમાંથી આવે છે. 'ઢાઈ અક્ષર પ્રેમ કા' અનુભવાય અને આપણામાં જીવન છલકાય તો સમજાશે કે હકીકતમાં શક્તિ છે 'પ્રેમ અને વિચાર'માં. 'દુનિયામાં મૈત્રીભાવ પાંગરે' એમ આપણે ઝંખતા હોઈએ તો 'મારા સપનાનો સમૂહ' કેવો હશે સમજાશે.

'સત્ય-પ્રેમ'-કરુણા સર્વ ધર્મનો નિચોડ છે એ ગાંઠે બાંધવા આપણું 'અધ્યયન-સત્યતા–સાધુતા-સુંદરતા યુક્ત' હોવું જોઈ. 'ધૃતિ અને પ્રાણશક્તિ' સંચારિત કરવા 'બ્રહ્મજ્ઞાન સભર ઉપનિષદોનું અધ્યયન' કરીએ. 'ઈશાવસ્યનો બોધ પામીએ' અને માણસનું ત્રિવિધ કર્તવ્ય આપણો

ગૃહસ્થાશ્રમ અને વાનપ્રસ્થાશ્રમ સાથે સાંકળવા 'પાતંજલ યોગ સૂત્રો'નો અભ્યાસ કરીએ.

વિનોબા વિચારના સંકલનનું આ પુસ્તક 'જીવનની વાતો' આમ આકાર પામ્યું છે.

x x x

પુસ્તકનું નામ : **શ્રી ઉવસગ્ગહરં સ્તોત્ર : એક અધ્યયન**
સંપાદિકા : બીનાબહેન શાહ
પ્રકાશક : આંતરરાષ્ટ્રીય જૈન વિદ્યા અધ્યયન કેન્દ્ર, મહાદેવ દેસાઈ સમાજ સેવા મહાવિદ્યાલય, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૩૮૦૦૧૪.
મૂલ્ય : અમૂલ્ય, પાના : ૧૮૪.
આવૃત્તિ : ૨૦૧૨-૧૩.

બીનાબેન શાહે 'શ્રી ઉવસગ્ગહરં સ્તોત્ર' ને શોધ નિબંધના વિષય તરીકે પસંદ કરવા બદલ તેઓશ્રીને હાર્દિક અભિનંદન. ઉવ્વસગ્ગહરં સ્તોત્ર અંતિમ શ્રુત કેવલી ચૌદ પૂર્વધર ભદ્રબાહુ સ્વામીની રચના છે અને તેમાં પાર્શ્વનાથ પ્રભુની સ્તવના છે. આ સ્તોત્રના પઠનથી ઈહલોક અને પરલોક બંને લાભ થાય છે. તે મુમુક્ષુના ઉપસર્ગો દૂર કરી તેને મોક્ષ માર્ગ સુધી પહોંચવાની દરેક અનુકૂળતાઓ પૂરી પાડે છે અને સાધકને અજરામર પદ અપાવે છે. આજના યુગમાં પણ તેનો પ્રભાવ એટલો જ જોવા મળે છે.

બીનાબેન શાહે શોધનિબંધ માટે આ વિષય પસંદ કર્યો અને તેને સંપૂર્ણ ન્યાય આપ્યો. સમગ્ર વિષયને કુલ ૧૮૦ પાનામાં અને પંદર પ્રકરણમાં વહેંચી સુંદર અને અનુરૂપ ચિત્રો સાથે કરેલું સંપાદન ઊડીને આંખે વળગે તેવું આકર્ષક બન્યું છે. પ્રારંભમાં ભારતીય પરંપરામાં સ્તોત્ર સાહિત્યનો પરિચય આપી જિનભક્તિની મહત્તા સમજાવી છે. ત્યારબાદ ભદ્રબાહુ સ્વામીના જીવનનો પરિચય કરાવી ઉવસગ્ગહરં સ્તોત્રની ઉત્પત્તિ, તેની વિશેષતા અને પરિચય કરાવ્યો છે. પાર્શ્વનાથ ભગવાન અને અધિષ્ઠાયક દેવો વિશે માહિતી આપી છે. ઉવસગ્ગહરં સ્તોત્રની પાંચ ગાથાનું વિવરણ કર્યું છે. યંત્ર-મંત્રની ગૂંથણી અને ઉવસગ્ગહરં સ્તોત્રના પ્રભાવ દર્શાવતા કથાનકો રસમય બન્યા છે. તે ઉપરાંત ઉવસગ્ગહરં પાર્શ્વતીર્થ, સ્તોત્રની આરાધના વિધિ, સ્તોત્ર ગણવાની પ્રક્રિયા વગેરે આરાધકોને માટે યોગ્ય માર્ગદર્શક બને છે અને અંતમાં ઉવસગ્ગહરંનું વૈજ્ઞાનિક રહસ્ય વાચકોને તેની વર્તમાન મહત્તા વિષે જાગૃત કરે છે.

x x x

પુસ્તકનું નામ : **ચાલો, વિવાહલો કાવ્યોને જાણીએ...**
સંપાદક-સમીક્ષક : ડૉ. કવિન શાહ
પ્રકાશક : ડૉ. કવિન શાહ
૧૦૩, સી જીવન જ્યોત એપાર્ટમેન્ટ, વખારીયા બંદર રોડ, પો. બિલિમોરા-૩૯૬૩૨૧.
મૂલ્ય-રૂા. ૨૦૦/-, પાના-૩૪૪.
આવૃત્તિ-પ્રથમ-૨૦૦૦.
પ્રાપ્તિસ્થાન : રીટાબેન કે. શાહ
૧૦૩, સી જીવન જ્યોત એપાર્ટમેન્ટ, વખારીયા બંદર રોડ, પો. બિલિમોરા-૩૯૬૩૨૧.
ફોન નં. : (૦૨૬૩૪) ૨૮૮૭૯૨.

ડૉ. કવિન શાહ ગુજરાતી જૈન સાહિત્યના એક નામાંકિત અને પ્રખર વિદ્વાન છે. મધ્યકાલીન સાહિત્યમાં તેઓશ્રીનું પ્રદાન અતિમૂલ્યવાન છે. લગભગ ત્રીસેક ગ્રંથરચનાઓ દ્વારા તેઓશ્રીએ જૈન ગુજરાતી સાહિત્યને સમૃદ્ધ કર્યું છે.

'વિવાહલો' કાવ્ય વિશે તેમણે આ ગ્રંથમાં વિવાહલોનું સ્વરૂપ સમજાવતાં જણાવ્યું છે કે 'વિવાહ વિષયક કાવ્યના પ્રકારનો આરંભ જૈન સાહિત્યથી થયો છે અને આ કાવ્ય પ્રકાર વિવાહ લગ્નથી આગળ વધીને દીક્ષા પ્રસંગના વર્ણનને કેન્દ્રમાં રાખીને વિકાસ પામ્યો છે.

લેખકશ્રીએ આ ગ્રંથમાં વિવાહલોનું સ્વરૂપ સમજાવી વિવાહ અંગેનો આગમ ગ્રંથોનો ઉલ્લેખ કર્યો છે અને ભગવતીસૂત્રમાં આપેલ 'વિવાહલો'ની વ્યાખ્યા આપી છે. સાથે સાથે વિવાહના પ્રકાર, વિવાહ વિષયક પ્રાચીન સંદર્ભોનો પરિચય કરાવ્યો છે. વિવાહલો શીર્ષક, વિવાહલોની ભાષા, વગેરેનો પણ સદૃષ્ટાંત વિસ્તારપૂર્વક પરિચય કરાવ્યો છે. ચુમાલીસ પ્રકરણોમાં સમગ્ર જૈન સાહિત્યના રીખવદેવ, વાસુપૂજ્ય, શાંતિનાથ, નેમિનાથ, રાજુલ, પાર્શ્વનાથ અને મહાવીર વગેરે તીર્થંકરોના જીવન વિષયક ૧૯-વિવાહલોનો પરિચય કરાવ્યો છે.

મધ્યકાલીન જૈન ગુજરાતી સાહિત્યના રસિકજનોને રસ પડે તેવું આ પુસ્તક છે.

x x x

## પુસ્તક પરિચય–સાભાર

**લેખક મનસુખલાલ ઉપાધ્યાય 'પ્રવીણ'ના પુસ્તકો**

**પ્રકાશક : નવભારત સાહિત્ય મંદિર, અમદાવાદ**

૧. પુસ્તકનું નામ-**મમતાનો મોડ** (અન્ય એકાંકીઓ)
કિંમત : રૂા. ૧૪૦/-
૨. પુસ્તકનું નામ : **વૃક્ષોનાં રચીએ મંદિરો**
કિંમત : રૂા. ૧૦૦/-
૩. પુસ્તકનું નામ : **બાલ ગીતોનો રસથાળ**
પ્રકાશક : નવભારત સાહિત્ય મંદિર
કિંમત : રૂા. ૧૭૫/-
૪. પુસ્તકનું નામ:**પ્રકૃતિની પરખ-પર્યાવરણની ઓળખ**
કિંમત : રૂા. ૧૦૦/-
૫. પુસ્તકનું નામ :
**વૈવિધ્યની વાટે** (પ્રકૃતિ-સંસ્કૃતિ અને વિકૃતિ)
કિંમત : રૂા. ૧૫૦/-

x x x

**લેખક : વિકાસ ઘનશ્યામ નાયકના પુસ્તકો**

**પ્રકાશક : ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ**

૧. પુસ્તકનું નામ : **સ્પર્શ** (ઈન્ટરનેટ કોર્નર શ્રેણી)
કિંમત : રૂા. ૧૨૫/-
૨. પુસ્તકનું નામ : **ઉપહાર** (ઈન્ટરનેટ કોર્નર શ્રેણી)
(પ્રકાશક : ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ-૩૮૦૦૦૧.
કિંમત : રૂા. ૧૨૫/-
૩. પુસ્તકનું નામ : **કથાકળશ** (ઈન્ટરનેટ કોર્નર શ્રેણી)
કિંમત : રૂા. ૧૨૫/-. ✷✷✷

બી-૪૨, દયાનંદ સોસાયટી, એ-૧૦૪, ગોકુલધામ, ગોરેગામ (ઈસ્ટ), મુંબઈ-૬૩.
મોબાઈલ : ૯૨૨૩૧૯૦૭૫૩.

## વિચાર

● સારા વિચારોને અમલમાં મૂકવામાં રાહ ન જોવી, ખરાબ વિચારોને અમલમાં મૂકવામાં ઉતાવળ ન કરવી. –સંકલિત

● મેલાં, ઢંગધડા વિનાના કપડાંથી જો આપણને શરમ આવતી હોય તો પછી મેલાં અને ઢંગધડા વિનાના વિચારોથી તો આપણે શરમાવવું જ જોઈએ. –આઈન્સ્ટાઈન

● સુંદર વિચારો એ તો આંતર સૌંદર્યની નિશાની છે. –સ્વામી રામતીર્થ

● હું એવા એક પણ કષ્ટદાયક વિચારને ઓળખતો નથી કે જેનાથી દૂર ચાલ્યા જવાનું શક્ય બને. –કિર્ક ગાર્ડ

# શ્રી મુંબઈ જૈન યુવક સંઘને ઑક્ટોબર માસમાં પ્રાપ્ત થયેલ અનુદાન

### વિશ્વ નિડમ પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ

| | |
|---|---|
| ૨૯૨૩૪૪૫ | આગળના અંકથી ચાલુ |
| ૧૧૦૦૦ | વ્યન માર્કેટીંગ |
| ૧૧૦૦૦ | શેઠ જમનાદાસ માધવજી ચેરિટબલ ટ્રસ્ટ |
| ૧૧૦૦૦ | જયંતિલાલ એમ. શાહ (H.U.F.) |
| ૧૧૦૦૦ | કાકુભાઈ જે. તન્ના ફાઉન્ડેશન |
| ૧૦૦૦૦ | અરવિંદ ધરમશી લુખી-ચીંચપોકલી |
| ૧૦૦૦૦ | વિરલ અરવિંદ લુખી-ચીંચપોકલી |
| ૧૦૦૦૦ | ઓજસ અરવિંદ લુખી Glassgow U.K. |
| ૧૦૦૦૦ | પત્રિક પ્રવિણચંદ્ર કોન્ટ્રાક્ટર હસ્તેઃ યશોમતિબેન શાહ |
| ૬૦૦૦ | કિરણ શેઠ-ન્યુયોર્ક ($100) |
| ૫૦૦૦ | સુહાસિનીબેન રમેશભાઈ કોઠારી |
| ૫૦૦૦ | ઈંદુમતી એન્ડ હરકિશન ઉદાણી ચેરિટેબલ ટ્રસ્ટ |
| ૫૦૦૦ | પ્રકાશ જે. ઝવેરી |
| ૫૦૦૦ | શિવાની કે. શાહ |
| ૫૦૦૦ | શ્રેયાંસ એમ. શાહ |
| ૫૦૦૦ | જયાબા સોમાણી પરિવાર ટ્રસ્ટ |
| **૩૦૪૩૪૪૫** | **કુલ રકમ** |

### જનરલ ડોનેશન

| | |
|---|---|
| ૨૩૪૦૦ | રેણુકા કિશોર શેઠ |
| ૫૦૦૦ | શાંતિલાલ મહેતા ચેરિટેબલ |
| ૫૦૦૦ | પ્રકાશ જે. ઝવેરી |
| ૧૦૦૦ | આનંદ વાડીલાલ મહેતા એન્ડ કું. |
| **૩૪૪૦૦** | **કુલ રકમ** |

### 'પ્રબુદ્ધ જીવન' સૌજન્યદાતા

| | |
|---|---|
| ૯૦૦૦ | શ્રીમતી રીટાબેન ઉમંગભાઈ શાહ |
| ૮૦૦૦ | કુ. શૈલી ઉમંગભાઈ શાહ |
| ૮૦૦૦ | ચિ. ઝુબીન ઉમંગભાઈ શાહ |
| **૨૫૦૦૦** | **કુલ રકમ** |

### શ્રી મુંબઈ જૈન યુવક સંઘ આજીવન સભ્ય બન્યા

| | |
|---|---|
| ૫૦૦૦ | યોગેશભાઈ બી. બાવીસી |
| **૫૦૦૦** | **કુલ રકમ** |

### કિશોર ટિંબડિયા કેળવણી ફંડ

| | |
|---|---|
| ૫૦૦૦ | શિલ્પા હેમાંગ બુદ્ધદેવ હસ્તે : રમાબેન મહેતા |
| ૨૦૦૦ | એક બહેન તરફથી |
| **૭૦૦૦** | **કુલ રકમ** |

### જમનાદાસ હાથીભાઈ મહેતાઅનાજ રાહત ફંડ

| | |
|---|---|
| ૯૦૦૦૦ | લાયન્સ કલબ ઑફ ગ્રેઈટ વે ચેરિટિ ફંડ્સ હસ્તે : લાયન સ્મિતા બી. શાહ |
| ૧૦૦૧ | અમૃતલાલ શાહ હસ્તેઃ કાંતાબેન |
| ૫૦૦ | નંદાબેન પટેલ |
| **૯૧૫૦૧** | **કુલ રકમ** |

✷ ✷ ✷

## પંથે પંથે પાથેય

(અનુસંધાન પૃષ્ઠ છેલ્લાથી ચાલુ)

વન અવર પણ જો આ ઝૂંપડપટ્ટીના પાછળ વાપરશે તો મને ચોક્કસ લાગે છે કે આ ઝૂંપડપટ્ટીનો મનોરોગ આ દેશમાંથી નીકળી જશે. કમમાં કમ, રાજકોટમાંથી તો દૂર થઈ જ જશે.' પણ હવે ફરી મૂળ વાત પર આવીએ. આ ગણેશ ઘરે મારી રાહ જોતો હશે એટલે હું ઘરે પહોંચ્યો.

અમારો આ ગણેશ ૧૦ થી ૧૨ વરસનો ઝૂંપડપટ્ટીનો એક ગરીબ ઘરનો છોકરો. નામ ભગવાનનું 'ગણેશ,' જેને આખો દેશ-હિન્દુ સમાજ દરેક શુભ કાર્યમાં પ્રથમ પૂજે પછી જ દરેક કાર્ય કરે. એ જ નામનો આ છોકરો પૂછે કે 'સર, મારો શું વાંક કે તમે મને શાળામાંથી ઉઠાડી મૂકી મારું નામ કાઢી નાખશો?' એટલે મેં પૂછ્યું, 'બેટા, શું થયું અમે તો તને કંઈ કર્યું નથી અને કંઈ કહ્યું પણ નથી.' એટલે ગણેશે કહ્યું કે, 'સર, બધા બાળકો મને કહેતા હતા કે તમે મારું નામ કાઢી નાખવાના છો. સર, તમે મારું નામ કાઢી નાખશો?' મેં કહ્યું, 'પણ ગણેશ તારું નામ શા માટે કાઢી નાખવું જોઈએ? તેની પણ મને ખબર નથી.' એટલે ગણેશ કહે છે કે, 'મારા પપ્પા દારૂ વેચે છે એટલે મારું નામ કાઢી નાખશો એમ છોકરાઓ વાત કરતા હતા. એટલે સર મારા પપ્પા દારૂ વેચે એમાં મારો શો વાંક? દારૂ મારા પપ્પા વેચે છે હું તો નથી વેચતો, મારે તો ભણવું છે. તો મારું નામ શા માટે કાઢી નાખશો?' એટલે મેં કહ્યું, 'બેટા તારું નામ કોઈ કાઢી નથી નાખવાના, તું ભણને! અને ભણીને તારા પપ્પાને સમજાવજે કે પપ્પા દારૂ ન વેચાય.' એટલે ગણેશે કહ્યું, 'પણ સર, હું ભણીશ તો જ સારું કામ કરી શકીશને?' અને ત્યારે મને પેલો વાલિયો લૂંટારો યાદ આવી ગયો. જંગલમાં આવતા મુસાફરોને આ લૂંટારો લૂંટીને મારી નાખતો. તે એક સમયે નારદ આ જંગલમાંથી પસાર થાય છે અને પેલો વાલિયો તેમને રોકે છે અને પકડીને કહે છે કે, 'એય બાવા તારી પાસે જે કંઈ હોય તે આપી દે.' ત્યારે નારદજી પણ કહે છે કે: 'વાલિયા હું તને મારી પાસે જે કંઈ છે તે આપી દઉં, પણ તું આ લૂંટફાટ કરે છે તેમાં શું તારા ઘરના ભાગીદાર છે ખરા?' એટલે વાલિયો પોતાના ઘરના સભ્યોને પૂછે છે કે, 'શું તમે મારા કામના પાપના ભાગીદાર છો?' અને ત્યારે વાલિયાને જે જવાબ મળે છે એથી વાલિયો વાલ્મિકી બની જાય છે. તેમ શું આપણા સ્પર્શથી કેટલાય વાલિયાને ના સુધારી શકીએ? આવા કેટલાય ગણેશોની જિંદગી ના બદલાવી શકીએ?

✷ ✷ ✷

વિશ્વનીડમ્, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી પાસે,
પોસ્ટ : મુંજ્કા-૩૬૦૦૦૫.
મો.૦૯૪૨૭૭૨૮૯૧૫,૦૯૮૨૫૬૩૪૫૦૧

આ સંસ્થા શ્રી મુંબઈ જૈનયુવક સંઘે પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમ્યાન આ લેખના લેખકની સંસ્થા વિશ્વનીડમ્‌ને આર્થિક સહાય આપવા માટે ટહેલ નાખી હતી. અત્યાર સુધી રૂપિયા ત્રીસ લાખનું અનુદાન મળ્યું છે. દાનનો પ્રવાહ ચાલુ છે

- જે વિચારે છે તેને માટે જગત હાસ્યરસનું નાટક છે, જે લાગણી અનુભવે છે તેને માટે કરૂણરસનું —હોરેસ વોલપોલ
- તમારા નવા વિચારને કોઈ વખોડી કાઢે તો એ વિચાર છોડી દેશો નહિ. —અજ્ઞાત
- વિચારો કાચબાની જેમ, પણ અમલ કરો સસલાની જેમ. —અજ્ઞાત
- માણસનું ચિત્ત જ્યારે સ્વસ્થ હોય છે, ત્યારે જ સુવિચાર સ્ફુરે છે. —અવધૂત ગીતા

# ઉદયરત્ન કહે, પ્રભુજી અમને સ્વયં દર્શન આપશે!

❑ આચાર્યશ્રી વાત્સલ્યદીપસૂરિજી

જૈન સાહિત્યમાં સજ્જાય નામની કવિતાનો વિશિષ્ટ પ્રકાર નિહાળવા મળે છે. આ કવિતાઓમાં કથા, ઉપદેશ, ઇતિહાસ, પરંપરાનું વર્ણન વિશે, રૂપે હોય છે. જૈન પૂજાઓ પંડિત વીરવિજયજીની સવિશે, છે, તેમ સજ્જાયો સવિશેષ પંડિત ઉદયરત્નજીવાચકની જોવા મળે છે.

પંડિત ઉદયરત્નજીવાચક જ્ઞાની અને ચારિત્ર્યવાન મહાન જૈન સાધુ હતા. આજથી ત્રણસો વર્ષ પૂર્વે જૈન સંઘમાં તેમનું ભારે વર્ચસ્વ હતું. પ્રવચન સાંભળવા લોકો ટોલે વળતા. તેમની કાવ્યરચનાઓ લોકો હોંશે હોંશે ગાતા.

શ્રી ઉદયરત્નજીવાચકની રચનાઓ અત્યંત મધુર, સરળ અને ભાવવાહી છે. તેમની સજ્જાય જે ગાય તે ઉપદેશ પામે તેના હૃદયમાં ધર્મનો પ્રકાશ પ્રસરે.

શ્રી ઉદયરત્નજી સરળ શબ્દોમાં ધર્મીજનને કાવ્ય દ્વારા જે રીતે ઉપદેસ આપે છે તે જોઈને લાગે કે આ કવિ ધર્મના મહાન જ્ઞાતા છે અને કાવ્યરચનાની કુશળ હથોટી ધરાવે છે. ક્રોધ ન કરાય, ક્રોદના ફળ કડવા છે, રીસ હળાહળ ઝેર જેવી છે, એમ ન કરાય આ ઉપદેશ મા બાળકને સમજાવે તેવી રીતે આ કવિતામાં આપે છેઃ

કડવા ફળ છે ક્રોધના
જ્ઞાની એમ બોલે
રીસતણો રસ જાણીએ
હળાહળ તોલે

પંડિત ઉદયરત્નજીવાચકની રચનાઓ તેમના સમયથી આજ સુધી નિરંતર ગવાય છે અને લોકો ધર્મપંથે વળે છે.

તે કાળે અને તે સમયે પંડિત ઉદયરત્નજીવાચક શિષ્ય પરિવાર સાથે ખેડામાં બિરાજમાન હતા.

સં. ૧૭૫૦નું વર્ષ હતું.

શ્રી ઉદયરત્નજીવાચકે એકદા શ્રી સંઘને ઉપદેસ આપ્યો કે આપણે સૌ શ્રી શંખેશ્વરજી તીર્થની યાત્રા કરવા જવાનું છે. શ્રી પાર્શ્વનાથ ભગવાનના દર્શન કરીને જીવન પાવન કરવાનું છે. આત્માનો ઉદ્ધાર કવરાનો છે.

શ્રી સંઘે આ વાત સહર્ષ સ્વીકારી લીધી.

ખેડાના શ્રી સંઘમાં આનંદ વ્યાપી ગયો. જોરશોરથી તૈયારીઓ શરૂ થઈ. ઢોલનગારા વાગવા માંડ્યા. શહેનાઈઓ ગુંજી ઊઠી. ચાંદીના રથ સાથે અશ્વો જોડવામાં આવ્યા. બળદગાડાઓ તૈયાર થયા. ઊંટગાડાઓ તૈયાર થયા. સાજન-માજનનો કલશોર ગુંજી ઊઠ્યો.

સંઘ પ્રયાણના દિવસે ખેડાના શ્રી સંઘમાં ઘરે ઘરે તોરણ બાંધવામાં આવ્યા. દીપકો પ્રગટાવવામાં આવ્યા.

સૌના હૃદયમાં અપાર હર્ષ વ્યાપી વળ્યો.

પંડિત ઉદયરત્નજી વાચકની નિશ્રામાં શ્રી સંઘ ગામે ગામથી પ્રયાણ કરીને આગળ વધ્યો. ગામે ગામ જિનદર્શન, ગુરુભક્તિ, સાધરમિક ભક્તિ ઇત્યાદિ કરતાં કરતાં સૌ શંખેશ્વર પહોંચ્યા.

શ્રી શંખેશ્વર તીર્થમાં આજે જે ભવ્ય જિનાલય નિહાળવા મળે છે તે સમયે નહોતું. તે સમયે જિનમંદિર મુસ્લિમોના હાથે નાશ પામ્યું હતું. શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમા ગાના ઠાકોરના કબ્જામાં હતી.

શંખેશ્વર ગામનો ઠાકોર ભાવે લોભી માણસ હતો. જે દર્શન કરવા આવે તેની પાસે તે એક ગીનીનો કર લેતો.

ભાવિકજનો પ્રભુના દર્સન માટે કર ચૂકવતા.

શ્રી ઉદયરત્નવાચક શ્રી સંઘ સાથે શંખેશ્વર પહોંચ્યા.

શ્રી ઉદયરત્નજીવાચકને જણાવવામાં આવ્યું કે પ્રભુજીની પ્રભાવક પ્રિતમા ઠાકોરના કબ્જામાં છે. શ્રી સંઘના આગેવાનોએ કહ્યું કે અમે ઠાકોરને મળીને આવીએ અને તેના કહ્યા મુજબ કરવેરો ચુકવી દઈએ પછી પ્રભુજીના દર્શન કરીએ.

આ સાંભળીને શ્રી ઉદયરત્નજી નારાજ થઈ ગયા.

શ્રી ઉદયરત્નજીએ કહ્યુંઃ 'પ્રભુજીની પ્રતિમા જૈન સંગની સંપત્તિ છે. એ પ્રતિમાના દર્શન કરવા માટે કોઈ કરવેરો ચૂકવવાનો ન હોય. મારે ઠાકોરને મળવું છે.

શ્રી સંઘના આગેવાનો ઠાકોરને શ્રી ઉદયરત્નજી પાસે તેડી લાવ્યા.

ઠાકોર કહેઃ 'પ્રતિમાની માલિકી મારી છે. તમારે મને કર ચૂકવવો પડે.'

ઉપાધ્યાજી કહે : 'ભગવાનની પ્રતિમા જૈન સંઘની છે. એના દર્શન કરવાનો હક્ક જૈનોનો અબાધિત છે. પ્રભુના દર્શનનો કર ન હોય. તમે અમને દર્શન કરવા દો.'

વાત વટ પર ચડી ગઈ.

ઠાકોર ન માન્યા.

ઉપાધ્યાયજી કહે : 'અમે પ્રભુની સ્તુતિ કરીશું. પ્રભુજી અમને સ્વયં દર્શન આપશે. જો આમ બને તો તમારે આજથી કરવેરો લેવાનો નહીં બોલો કબૂલ ?'

ઠાકોરે હામી ભણી.

બંધ દરવાજા પાસે સકળ શ્રી સંઘ સામે શ્રી ઉદયરત્નવાચકે ભગવાનનું સ્તવન ગાવાનું શરૂ કર્યું. સૌએ તેમાં સૂર પુરાવવા માંડ્યોઃ

પાસ શંખેશ્વરા ! સાર કર સેવકાં
દેવ કાં એવડી વાર લાગે ?
કોડી કર જોડી દરબાર આગે ખજા
ઠાકુરાં ચાકુરાં માન માગે !
પ્રગટ થા પાસજી ! મેલી પડદો પરો
મોડ મહીરાણ મંજુસમાં પેસીને
ખલકના નાથજી ! બંધ ખોલો !

શ્રી ઉદયરત્નજીના મધુર અને બુલંદ કંઠે જેમ જેમ સ્તવન ગવાતું ગયું તેમ તેમ આકાશની હવા પલટાઈ ગઈ. નાગરાજ ધર્ણેન્દ્રદેવ અને શ્રી પદ્માવતીદેવી પ્રસન્ન થયા. બંધ દરવાજા આપોઆપ ખુલી ગયા. લોકોએ ગગનભેદી જયનાદ કર્યો.

ઠાકોરે તે દિવસથી કર લેવાનો બંધ કર્યો. પ્રભુજીની પ્રતિમા જૈન સંઘને સોંપી દીધી. ✶✶✶

# APPEAL TO HEALTH CONSCIOUS JAINS

## (EATING LESS-UNODARI TAP)

**□ Bakul Gandhi**

Awake !!! Reap the Spiritual benefits while putting up your efforts to be fit and trim and stay Disease Free...All you need is to turn on from being subconscious to conscious that your efforts for best of physical health are also best for soul salvation by process of Karma-Nirjara. Your Diet for soul salvation is also Diet for Health. Is it not heartening !

It is believed and experienced that today's young generation has better intelligence quotient. They will prefer logical and scientifically proven reasoning than simply customary faith in religion sermons. Here is an humble attempt to synthesise Science and Spiritual aspect of Diet – Eatnig less – Unodari Tap.

**Diet to Stay Disease-free**

You might not realize this but a lot of diseases are the result of inflammations within the body. This means they are caused without an external cause like an infection. This happens when the body is unable to get rid of the toxins found in food. This kind of toxin retention is more likely to happen when we eat more. The digestive system functions like a systematic process that includes passage of food through the gastrointestinal tract and participation of many organs. When this system is stressed, the movement of digested food is fastened. This doesn't allow the body to properly filter-out the toxins. This is how toxins are released back into the bloodstream, inducing diseases. This is a direct threat to our body's immune power and makes us more susceptible to developing diseases without any discernible cause.

The Medical science advises minimum consumption of oils/fats, salt and sugar to keep away Heart, Blood Pressure and Diabetic Diseases.

**Diet to Remain Younger**

Dietary choices that include less calorie intake are beneficial for our hormones. This is particularly applicable to eating less of fried and cholesterol-laden foods that tend to impact the sexual and reproductive hormones. Many of these hormones are responsible for providing us vigour and vitality, enhancing our youthful appearance.

With lesser energy resources directed towards digesting food and removing toxins, the cells have more time to carry-out essential repair work. This means the skin can be protected against aging caused by free redicals. This also works towards faster regeneration of new, tighter tissues and slower aging of skin. Thus, by eating less you have a greater chance towards looking younger for longer time.

**Diet to Become More Energetic**

Eating lesser food means that your body is supplied with limited calorie intake. The body needs to carefully process every bit of morsel that you consume. The digestion is directed at maximizing nutrient absorption and minimal storage of unwanted calories as fat. Thus, along with lesser fat deposition, your entire metabolic rate is raised. This is reflected in your quality of daily life. You are bound to feel more energetic throughout the day, be more alret, able to think clearer and have a renewed zeal towards completing the day's chores.

**Diet to Become Smarter**

Medical researchers across the world have repeatedly proven a direct relation between eating lesser and improving the brain's performance. This includes the cognitive abilities and overall IQ. In fact, limited dietary intake to sharpen the mind has been practiced in many cultures that existed thousands of years ago. This concepts still holds true. It has been established that eating smaller portions and at regular intervals rather than having heavy meals is more likely to raise your ability to learn and memorize with ease.

Scientific reasons just mechanically followed do not give desired result. Science adds a caveat, that above diet suggestions, to be effective, require mental calmness while eating. The digestive process needs sound undisturbed sleep. It is here that Jain Spiritualism explains means to achieve mental calmness-control.

**Diet to Become Spiritual**

If Biological/medical science advises Eating Less food to reduce or remove **toxification of body,** Jain philosophy prescribes Eating less – Partial Starvation – Unodari Tapa – (one of the six External Means to cleanse your soul of all wrong-bad deeds as spelt out below) to reduce or remove **toxification of Soul.**

Diet brings measurable benefits for health as also immeasurable benefits for Soul.

Jainism explains that attributes of Karmas (Good-Punya and bad-Paap-deeds) cover the attributes of Soul (Atma). For salvation of soul, it is necessary to remove or destroy these Karms by a process known as Karmanirjara. These are Six External (known as Bahyantar) and Six Internal (known as Abhyantar) types of Penances of Austerities (Tapa).

Six External Panances (Bahayantar Tapa) (1) Complete Fasting or Starving – Ansan, (2) Partial Starving – Unodari Tapa (ઉણોદરી) – Eating less than what one desires or is capable of eating. (3) Limiting Number of Food items in eating – Vruti Sanksshep (વૃત્તિસંક્ષેપ), (4) Limiting desire of tasty food – Rasparityag (રસત્યાગ), (5) Bodily Endurance – Kayaklesh (કાયકલેશ) and (6) Controlling of Senses – Pratisanlinata (પડિસંલીનતા).

Complete Fast – Ansan – requires very strong determination. In a sense, it is difficult. However, it may be noted that in 26th Sutra of Uttaradhyayan vide Gatha No. 33 it is advised that in case of existence of any of six reasons, reproduced below in reference, one has to take food and need not fast. Comparatively, looking from another angle, to observe fast is easier. You simply switch of your mouth car. Let us discuss Unodari, Vruti Sankshep and RasTyag as pragmatic and practical ways to interweave in our life karma nirjira. It is DOABLE 365 days in a year. It is explained that a man has 32 mouthfuls and woman has 28 mouthfuls for a regular food intake. If one consciously eats less than this quantity o food intake, it falls within the definition of Unodari which is second type of external penance. If one consciously decides to eat say not more than 4-5 items in his/her meal, it is called Vruti Sankshep - third type of external penance. Further if one abstains from eating tasty food items, say. Papad, Pickles, Sweet, Fried Farsan, junk food like Pizza, Noodles–it is called Ras Tyaag–fourth type of external penance. In all these three cases, you have ignited your mouth car, but you shall go only at restricted speed, to a limited distance and resist all fanciful temptation. In this sense, these tapas require better control over mind.

It appears that all TAPAS are on equal footing in one's pursuit of Karma Nirjara. There is no hierarchy of importance for Karma Nirjara. WHY NOT MAKE DAILY KARMA NIRJARA AS A WAY OF LIFE by limiting / reducing quantum of food eating, limiting or reducing no. of items in one's meal and do away with tasty (fried-oily, salty and sweet) food. IT IS DOABLE.

